સ્વાધ્યાય

EXCHANGE COPY

…તપંચમી
સં. ૨૦૪૧

પુસ્તક ૨૨
અંક ૨

No - 056457
20 - 42 . 16

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી સુંદરલાલ એસ. પારેખનો લેખ

સૂર્યનું શિલ્પ, મથુરા
કૉપીરાઈટ : ગવર્મેન્ટ મ્યૂઝિયમ, મથુરા

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

વસંતપંચમી પુસ્તક ૨૨ : અંક ૨
વિ. સં. ૨૦૪૧ જાન્યુઆરી, ૧૯૮૫

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. કાલિદાસની રાષ્ટ્રભાવના—રામકૃષ્ણ વ્યાસ ... ૧૨૯
૨. સંધ્યન્તરો–એક અધ્યયન—નીલાંજના સુ. શાહ ... ૧૩૭
૩. 'નંદબત્રીસી' વિષયક બે રચનાઓ–જૂની ગુજરાતી અને મારવાડી —ભોગીલાલ જ. સાંડેસરા ... ૧૫૧
૪. પૂજાસુત પરમાણંદકૃત 'હરિરસકથા'—કુમુદબેન પરીખ ... ૧૭૫
૫. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધની સ્થિતિઃ એક નોંધ—સુભાષ મ. દવે ... ૧૮૭
૬. જયંત ખત્રીકૃત ટૂંકીવાર્તા 'ધાડ'–એક વિશ્લેષણ—વિજય શાસ્ત્રી ... ૧૯૧
૭. સૂર્યનું એક ઉત્કૃષ્ટ શિલ્પ, મથુરા—સુંદરલાલ એસ. પારેખ ... ૧૯૭
૮. નિવાપાંજલિ ... ૧૯૯
૯. ગ્રન્થાવલોકન ... ૨૦૧
૧૦. સાભાર સ્વીકાર ... ૨૧૭

મુદ્રક : શ્રી પ્રહ્‌લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : પ્રમ. પ્રો. ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, એપ્રિલ, ૧૯૮૫.

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૪૧ — પુસ્તક ૨૨

જાન્યુઆરી, ૧૯૮૫ — અંક ૨

કાલિદાસની રાષ્ટ્રભાવના

રામકૃષ્ણ વ્યાસ*

કવિહૃદય નૈસર્ગિક રીતે જ સંવેદનશીલ અને ગ્રહણશીલ હોય છે. એ પોતાના સમકાલીન સમાજજીવનની, જાતીયજીવનની અને કયારેક સમગ્રમાનવતાની અભિલાષાઓ, મહત્વાકાંક્ષાઓ તેમ જ આદર્શોને પોતાના સંવેદન-તંત્રમાં ઝીલીને આત્મસાત્ કરે છે અને પોતાની લાક્ષણિક રચનાઓમાં સુરુચિપૂર્ણ શૈલીમાં અભિવ્યક્ત કરે છે. ભારતમાં આર્યોએ ખીલવેલી પાવન તપોવન સંસ્કૃતિ અને સ્વસ્થ, પ્રગતિશીલ, સંતુલિત સમાજ-વ્યવસ્થા તેમ જ ધર્મમૂલક અર્થ-પ્રધાન છતાં આખરે મનુષ્ય-જીવનના ચરમ લક્ષ્ય તરીકે આત્મ-દર્શન કે મુક્તિને સ્વીકારવાથી નિષ્પન્ન થયેલી તારતમ્યયુક્ત મૂલ્ય-પ્રણાલી અને જીવનલક્ષી પરંપરાઓને ચિરજીવી અક્ષરદેહ આપનાર શકવર્તી ઋષિ-કવિ વ્યાસ અને વાલ્મીકિએ આર્યજાતિના લાક્ષણિક આદર્શોના દઢ પાયાઓ ઉપર જનજીવનની માંડણી કરી આપી. સમયના વહેણ સાથે આ પાયાઓ વિક્ષુબ્ધ બનતાં, નવીન ચેતના વડે પ્રજા-જીવનને ફરીથી અનુપ્રાણિત કરવાની આવશ્યકતા ઊભી થઈ. ઐતિહાસિક પરિબળોએ ભારતના રાજકીયજીવનમાં અનુકૂળ હવામાન ઉત્પન્ન કર્યું. ઈ. પૂ. ૩૨૫ પછીના સમયમાં ચન્દ્રગુપ્ત મૌર્ય, બિન્દુસાર અને અશોક જેવા પરાક્રમી રાજાઓએ મગધસામ્રાજ્યનો વિસ્તાર બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, હિન્દુકુશ તેમ જ પંજાબથી લઈને પૂર્વમાં બંગાળ સુધી કર્યો હતો. પરંતુ તેમના અમલ દરમ્યાન બૌદ્ધધર્મને રાજ્યાશ્રય મળતાં પ્રજાજીવનમાં આર્યોને ન છાજે એવી નબળાઈઓ અને વિકૃતિઓ દાખલ થવા લાગી હતી. તે વંશના છેલ્લા રાજા બ્રહદ્રથને મારીને ઈ. પૂ. ૧૮૫માં બ્રાહ્મણધર્માનુયાયી પુષ્યમિત્ર શુંગે મગધ સામ્રાજ્ય પર અધિકાર મેળવ્યો અને બે અશ્વમેધ યજ્ઞો કર્યા. ઈસવીસનની ચોથી શતાબ્દીમાં ગુપ્તવંશના પ્રતાપી રાજા ચન્દ્રગુપ્ત દ્વિતીયે પશ્ચિમમાં પંજાબ, કાબુલ, કાઠિયાવાડ તેમ જ માલવા વગેરે પ્રદેશો ઉપર શાસન કરતા કુશાણ, હૂણ તેમ જ શકવંશના નાના રાજાઓને પરાજિત કરી ઉત્તર-પશ્ચિમ ભારત પર એક છત્ર રાજ્ય સ્થાપી, દક્ષિણમાં પ્રબળ બની ચૂકેલા વાકાટકો સાથે વૈવાહિક સંબંધ દ્વારા સંધિ સ્થાપી, અખિલ ભારતીય રાજકીય એકતાનું સ્વપ્ન લગભગ

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૨૯-૧૩૬.

* ઉપનિયામક, પ્રાચ્યવિદ્યામંદિર. મ. સ. યુનિવર્સિટી; વડોદરા-૩૯૦ ૦૦૨.

સાકાર કર્યું હતું. આવા અનુકૂળ સંયોગોમાં ભારતની સાહિત્યિક ક્ષિતિજે કાલિદાસ જેવા અપ્રતિમ પ્રતિભાવાળા કવિનો ઉદય થયો. તેણે આસેતુહિમાચલ વિસ્તરેલા ભૌગોલિક એકમમાં સામાજિક–સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનમાં વણાઇ ચૂકેલી એકતાને દઢતર રાજકીય એકતાના પાયા ઉપર પ્રતિષ્ઠિત કરવાના હેતુથી અખંડભારતનું, રાષ્ટ્રિય એકમ તરીકે દર્શન કર્યું અને પોતાની અજરામર રચનાઓમાં એ દર્શનને યથાસ્થાન નિવિષ્ટ કરી ભારતની અન્તશ્ચેતનામાં સૈકાઓથી આકાર પામતા એક મહાન–પ્રજાકીય આદર્શને મૂર્તિમન્ત કર્યો. આ દ્રષ્ટિએ કાલિદાસ ભારતનો રાષ્ટ્રકવિ છે એ વિધાનમાં અતિશયોક્તિ નથી.

આર્ય–સંસ્કૃતિના પ્રતિનિધિ કવિએ આર્યોના તત્ત્વચિન્તન, પ્રકૃતિ અને જીવન પ્રત્યેનો તેમનો મૌલિક અભિગમ, પ્રજાજીવનમાં પ્રચાર પામેલી ધાર્મિક પ્રણાલીઓ, સામાજિક રીતિરિવાજો ભૌગોલિક વિશિષ્ટતાઓ વગેરેનું પ્રામાણિક જ્ઞાન મેળવવું જોઈએ, જેથી તે સૌનું નિરૂપણ–ચિત્રણ સજીવ અને હૃદયસ્પર્શી બને. આ વિષે કાલિદાસની રચનાઓમાં મળતા પુરાવાઓની પરીક્ષા કરવાથી તેના તદ્‌વિષયક જ્ઞાનની પ્રામાણિકતા અને વ્યાપકતાનો ખ્યાલ આવી શકશે.

સૌ પ્રથમ એક મહત્ત્વની હકીકત કાલિદાસ–કવિતાના સહૃદય ભાવકનું ધ્યાન ખેંચે એવી એ છે કે ભારતીય સંસ્કૃતિના જનક, પાલક અને પોષક તરીકેની અગત્યની પાયાની કામગીરી બજાવનાર હિમાલયને કાલિદાસ 'દેવતાત્મા' કહીને અંજલિ આપે છે. કાલિદાસને મન ભારત એક નિશ્ચેતન ભૌગોલિક એકમ કે સામાન્ય સામાજીક–સાંસ્કૃતિક હસ્તી નથી પરંતુ જેનો આત્મા દિવ્ય છે, વિશ્વની પૂર્ણતાના ગીતમાં જેનો સ્વર પ્રમુખ છે, એવું નક્કર સત્ય છે. આ દેશની પ્રાચીન તપોવન–સંસ્કૃતિ તરફ કાલિદાસનો જે અહોભાવ છે તે હિમાલયની ઉપત્યકામાં આવેલા, રઘુવંશમાં વસિષ્ઠઋષિના આશ્રમના વર્ણનથી, શાકુન્તલમાં કણ્વ અને મારીચઋષિના આશ્રમોના વર્ણનથી, મેઘદૂતમાં યક્ષની જન્મભૂમિ અલકાના વર્ણનથી વિક્રમોર્વશીયમાં ચ્યવનઋષિના આશ્રમના વર્ણનથી પ્રગટ થાય છે. આ વર્ણનો કવિ–કલ્પના પર આધારિત નથી, પણ નજરે નિહાળ્યા પછી હૃદયમાં સ્થાયી સ્થાન પામેલા રમ્ય પ્રદેશોનાં યથાર્થ વર્ણનો છે. રાત્રિના સમયે પ્રકાશ ફેલાવતી ઔષધિનું વર્ણન, કાશ્મીરમાં નિપજતા કેસરનુ વર્ણન, અલકા તેમ જ તેની નજીકના પ્રદેશો, યક્ષોના આવાસો અને ઉપવનો, વગેરેનું વર્ણન આ પ્રકારનું છે. ઉદાહરણ તરીકે હિમાલય ઉપર જીવાતા જીવનનું એક લાક્ષણિક ચિત્ર લઈએ :

आमेखलं सञ्चरतां घनानां छायामधः सानुगतां निषेव्य ।
उद्वेजिता वृष्टिभिराश्रयन्ते शृङ्गाणि तस्यातपवन्ति सिद्धाः ॥

"(હિમાલયની) મેખલા (મધ્યપ્રદેશ) સુધી વિચરતા મેઘોની છાયાનું સેવન નીચેનાં શિખરો પર કરીને વૃષ્ટિથી કંટાળેલા સિદ્ધપુરુષો (ઉપર ચઢીને) વાદળોથી ઉપર આવેલાં સૂર્ય-પ્રકાશની ઉષ્માવાળાં શિખરોનો આશ્રય કરે છે."[1]

પૃથ્વીથી વાદળ સુધી અને તેનાથી પણ ઉપર વાયુમંડળની હૃદયાવર્જક સ્થિતિગતિનું સ્વયં દર્શન કર્યું હોય, માણ્યું હોય એવા વિમાનયાત્રીઓ કાલિદાસના આ કવનનું હાર્દ પામી શકશે.

---

1 કુમારસંભવ, ૧. ૫.

ઋષિઆશ્રમોના વર્ણનોમાં સૂક્ષ્મ વિગતો જે વાસ્તવિકતા સાથે સ્થાન પામી છે, તે પ્રથમ દર્શન વિના શક્ય નથી. વસિષ્ઠઋષિના આશ્રમનું ચિત્ર જોઈએ. રાજા દિલીપ તેની પત્ની સુદક્ષિણા સાથે સમીસાંજે વસિષ્ઠઋષિના આશ્રમે પહોંચ્યો ત્યારે તપસ્વીઓ વનમાંથી સમિધાઓ, દર્ભ, પુષ્પફળ વગેરે લઈને આશ્રમમાં પાછા ફરી રહ્યા હતા. ઋષિપત્ની પોતાની પર્ણકુટિ સામે મૃગોને નીવાર, સામો જેવાં ધાન્ય ખવડાવી રહી હતી, ત્યારે મૃગશાવકો આમતેમ નાસભાગ કરી રહ્યા હતાં. ઋષિકન્યાઓ વૃક્ષોના ક્યારાઓમાં પાણીના ઘડાઓ ઠલવી જલ્દી દૂર ચાલી જતી હતી, જેથી પંખીઓ નિઃશંકપણે પાણી પી શકે. હોમ થયો હેવાથી પવિત્ર યજ્ઞધૂમ ચારે તરફ સુગન્ધ ફેલાવતો વિસ્તરી રહ્યો હતો. મિરાશીનું મન્તવ્ય છે કે કવિએ આ આશ્રમ જેવા કોઈ ગુરુકુળમાં રહી અભ્યાસ કર્યો હશે.[૨]

આર્ય તત્ત્વચિન્તકો સમ્પૂર્ણ વિશ્વને બ્રહ્મરૂપ માને છે. પ્રકૃતિના દરેક સ્તરે ચૈતન્ય વિલસે છે. કાલિદાસે પ્રકૃતિને માનવીય કથાનકોમાં જીવન્ત પાત્ર તરીકે રજૂ કરી છે. જે માનવનાં સંવેદનો માટે ઉદ્દીપનવિભાવનું કાર્ય કરવા ઉપરાંત સમભાવ ધારણ કરનાર ઉષ્માસભર પાત્રની જેમ તેના સુખદુઃખના પ્રતિભાવ પણ આપે છે. ભારતમાં નિયમિતપણે પ્રવર્તતી ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર અને વસન્ત એ છ ઋતુઓનું જનજીવન સાથે સમરસભાવે વર્ણન પોતાના ઋતુસંહાર નામના પ્રારંભિક કાવ્યમાં કરી, પ્રકૃતિપ્રેમને પોતાની કાવ્યરચનાના આરંભબિન્દુ તરીકે સ્વીકારવામાં કાલિદાસનો દેશપ્રેમ આડકતરી રીતે સૂચિત થાય છે. શકુન્તલાની વિદાયવેળાએ લતાવૃક્ષો પોતાનાં પાન ખેરવીને આંસુ વહાવે છે. વનદેવતા તેને માટે વસ્ત્રાભૂષણો આપે છે, મૃગશાવક તેની સાડીના પાલવને પકડી રાખી તેને જતાં રોકે છે. વિક્રમોર્વશીયમ્માં વિરહી રાજા પ્રકૃતિનાં બધાં જ સ્વરૂપો પાસે તેની પ્રિયતમાની શોધમાં સહાય કરવાની યાચના કરે છે, અને આખરે લતામાં રૂપાન્તર પામેલી ઉર્વશીને સંગમનીયમણિના પ્રભાવે પાછી મેળવે છે, એ સઘળું પ્રકૃતિ અને માનવના સંબંધોની નિકટતા સૂચવે છે. રઘુવંશમાં કારણ દર્શાવ્યા વિના અરણ્યમાં રામવડે ત્યજાયેલી સીતાના આક્રંદને સાંભળી, જાણે કે આખું અરણ્ય કરુણભાવમાં ગરક થઈ જાય છે. કુમારસંભવમાં મહાયોગી શિવની સમાધિ છોડાવવાના નિશ્ચય સાથે આવેલા માધવસહાય કામદેવના પ્રભાવથી માનવમન સાથે પ્રકૃતિમાં ઉત્પન્ન થયેલી વિક્રિયા મનુષ્ય અને પ્રકૃતિના ગહન આન્તરિક ઐક્યને સૂચવે છે. પ્રત્યાહારપૂર્વક ચિત્તની સૂક્ષ્મતર દિવ્ય લક્ષ્યમાં દૃઢ થયેલી ધારણામાંથી મુનિઓનાં મન બળપૂર્વક બાહ્યવિષયો તરફ આકર્ષાઈ વિક્ષુબ્ધ બને છે. ભ્રમર પોતાની પ્રિયાનું અનુસરણ કરતો કુસુમરૂપ એક જ પાત્રમાં મધુ પીએ છે અને સ્પર્શસુખથી આંખો મીંચીને ઊભેલી મૃગીને કૃષ્ણસાર ખંજવાળે છે. શિવની સમાધિ પણ છૂટે છે અને તેઓ પોતાનાં ત્રણે નેત્રો હાર પહેરાવતી પાર્વતીના મુખ તરફ વ્યાપારિત કરે છે.

આ પ્રસંગે કાલિદાસે 'વ્યાપારયામાસ વિલોચનાનિ' એવી શબ્દયોજના કરી છે. સામાન્ય મનુષ્યને બે નેત્ર હોય પણ શિવ પાસે ત્રીજું જ્ઞાનનેત્ર છે. 'વિલોચનાનિ' એમ બહુવચનના પ્રયોગનો ધ્વનિ એ છે કે યોગીના બે ચર્મચક્ષુ ઉપરાંત ત્રીજા જ્ઞાનનેત્રની પ્રવૃત્તિ પણ પાર્થિવ સૌન્દર્યાભિમુખી બનતી હોય તો અયોગી પ્રાકૃત મનુષ્યની સ્થિતિ આવા સંજોગોમાં કેટલી

---

૨ મિરાશી, વાસુદેવ વિષ્ણુ, **કાલિદાસ**, હિન્દી ગ્રન્થરત્નાકર પ્રા. લિ. મુંબઈ, ૧૯૫૬, પૃ. ૭૯.

હદે વણુસે એનું અનુમાન થઈ શકે. મહાન કવિ શબ્દની પ્રાથમિક અભિધાશક્તિ કરતાં તેની વ્યંજનાશક્તિને પ્રયોજવામાં પોતાની દક્ષતા પ્રગટ કરે છે. શબ્દ ઉપરાંત ઘટના તેમ જ સમગ્ર ઘટનાચક્ર દ્વારા સમર્થ કવિ અદ્દ્ભુત ધ્વનિઓ અને ભાષાવડે અકથ્ય સૂક્ષ્મ તેમ જ ભવ્ય અર્થો દર્શાવવામાં સફળ થાય છે. શાકુન્તલમાં શૃઙ્ગારરસના નિરૂપણવડે કાલિદાસે શાન્તરસનો ધ્વનિ સુપેરે ઉપસાવ્યો છે, એ વિષય અમારા અન્ય લેખમાં વિગતે નિરૂપાયો છે.[3]

ધ્વન્યાલોકકાર આનન્દવર્ધને પોતાના ધ્વનિ–સિદ્ધાન્તની ઉદ્દ્ભાવના અને નિરૂપણમાં કાલિદાસ જેવા પુરોગામીઓનાં કાવ્યોમાંથી અનેક ઉદ્ધરણો લીધાં છે. એ વિષયનું વિગતે અધ્યયન કર્યા પછી પિલ્લઈ કહે છે કે વિવેચક તરીકે આનન્દવર્ધન અને કવિ તરીકે કાલિદાસ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે.[4]

કુમારસંભવમાં પાર્વતીનું, મેઘદૂતમાં યક્ષપત્નીનું, શાકુન્તલમાં શકુન્તલાનું અને રઘુવંશમાં સીતાનું ચરિત્ર નિરૂપીને કાલિદાસે ભારતીય નારીના આદર્શને અક્ષરદેહમાં મૂર્તિમન્ત કર્યો છે. આ વિષે એક જ હૃદયસ્પર્શી ઉદાહરણ પર્યાપ્ત છે :

साहं तपः सूर्यनिविष्टदृष्टिरूर्ध्वं प्रसूतेश्चरितुं यतिष्ये ।
भूयो यथा मे जननान्तरेऽपि त्वमेव भर्ता न च विप्रयोगः ॥

" હું પ્રસવ પછી સૂર્ય તરફ નજર રાખીને તપ કરીશ, જેથી આગલા જન્મમાં તમે જ મારા ભર્તા બનો અને આપણો વિયોગ ન થાય. "[5]

સીતાના આ કથનમાં સ્ત્રી–હૃદયના સ્થિર પ્રણયભાવના, ત્યાગશીલતા, કરુણા, સહનશીલતા અને પવિત્રતા જેવા ઉદાત્તભાવોના સમન્વય ઉપરાંત આર્યોની પુનર્જન્મની માન્યતા તેમ જ હૃદયના સાચા પ્રણયની મૃત્યુંજયતા ધ્વનિત થાય છે.

ભારતના તત્ત્વચિન્તનનું ઉચ્ચતમ શિખર અદ્વૈત વેદાન્ત છે, અને ધાર્મિક પ્રક્રિયાઓનું અન્તિમ લક્ષ્ય મુક્તિ છે. કાલિદાસ શૈવ હતા એમ પ્રમાણિત થઈ શકે એમ છે, છતાં ઉદાર હૃદય વેદાન્તીની જેમ એ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવને એકમાત્ર અદ્વૈત પરમ તત્ત્વના ગુણોની વિભિન્નતાથી ભિન્ન જણાતા આવિર્ભાવો માને છે, અને આગમોમાં દર્શાવેલા વિભિન્ન માર્ગોને એક જ મોક્ષસિદ્ધિના ધ્યેય તરફ લઈ જતા સ્વીકારે છે :

बहुधाऽप्यागमैर्भिन्ना पन्थानः सिद्धिहेतवः ।
त्वय्येव निपतन्त्योघा जाह्नवीया इवार्णवे ॥

---

૩ Vyas, R. T. " Śantarasadhvaṁ in Śākuntala " *Journal of the Oriental Instite*, Vol. XXXIII, Nos. 1–2, PP. 46–56.

૪ Pillai, P. K. N., *Kālidāsa*: *An Assessment by Ānandavadhana*, Vishveshvaranand Vedic Research Institute, Hoshiarpur, 1974, P. 54.

૫ રઘુવંશ, ૧૪. ૬૬.

"મોક્ષસિદ્ધિ માટે આગમોમાં દર્શાવેલા વિભિન્ન માર્ગો, ગંગાપ્રવાહો સમુદ્રમાં ભળે તેમ, તમારામાં જ લય પામે છે."[૬]

કાલિદાસની કવિતામાં વર્ણનોની યથાર્થતા, શૈલીની પ્રાસાદિકતા અને પ્રૌઢિ, રચનાની નિર્દોષ પૂર્ણતા ઉપરાંત ચુસ્ત શાસ્ત્રીયતા જોવા મળે છે. તેનાં કાવ્યો અને નાટકોના ગહન અનુશીલનથી એમ જણાય છે કે એ ચાર વેદ, શિક્ષા, વ્યાકરણ વગેરે છ વેદાંગો, બ્રાહ્મણો, ઉપનિષદો, રામાયણ મહાભારત, મુખ્ય પુરાણો, યોગશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજનીતિ, અર્થ-શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, સ્મૃતિઓ, કામશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, આયુર્વેદ ધનુર્વેદ, વાસ્તુશાસ્ત્ર શિલ્પ-શાસ્ત્ર ઉપરાંત સંગીત, નૃત્ય, ચિત્રકળા, પ્રસાધનકળા, તેમ જ ભૂગોળ, ઇતિહાસ વગેરેના સમર્થ અભ્યાસી અને તલસ્પર્શી પંડિત હતા. પોતાના કથાવિષયો કાલિદાસે જે ગ્રન્થોમાંથી લીધા હતા અને એમાં યથોચિત ફેરફાર કર્યા હતા એ વિષયનું અનુસન્ધાન પણ તેની સર્વતોભદ્ર પ્રતિભા અને વિરલ બહુશ્રુતના સિદ્ધ કરે છે.[૭]

આમ બૌદ્ધધર્મની તાંત્રિક સાધનાપદ્ધતિને કારણે થયેલી વિકૃતિ તેમ જ પડતી પછી બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય મળવાથી તેની થયેલી ઉન્નતિના ચિત્ર સાથે ચોથી સદીમાં ચંદ્રગુપ્ત દ્વિતીયના શાસનકાળમાં સધાયેલી રાજકીય એકતા, સામાજીક પ્રગતિ, ધાર્મિક પુનર્જાગરણ અને આર્થિક ઉન્નતિનું ચિત્ર કાલિદાસે પોતાની રચનાઓમાં સ્પષ્ટ રેખાઓમાં ઉપસાવ્યું છે. ભારતની મૌલિક પરંપરાઓ તેમ જ વિશિષ્ટ સંસ્કૃતિની માવજતને લક્ષમાં લેતાં કાલિદાસને ભારતના રાષ્ટ્રકવિ તરીકે બિરદાવવામાં ઘણું ઔચિત્ય રહેલું છે.

પરંતુ તેની રાષ્ટ્રની વિભાવના, ઉત્કટ રાષ્ટ્રપ્રેમ પ્રગટ કરનાર એક અનન્ય હકીકત લક્ષમાં લેવા યોગ્ય છે. રઘુવંશમાં રાવણવધ પછી પુષ્પક વિમાનમાં સીતાને ઉદ્દેશીને રામે કરેલું લંકાથી અયોધ્યા સુધીના પ્રદેશનું અને મેઘદૂતમાં રામગિરિથી અલકાપુરી સુધીના પ્રદેશોનું વિહંગાવલોકન કરવા–કરાવવાની–ભારતને આસેતુહિમાચલ અખંડ એકમ તરીકે નિહાળવાની–તેની તાલાવેલી તેના હૃદયની આ અપૂર્વ મહત્ત્વાકાંક્ષાને દર્શાવે છે. મેઘને દૂત તરીકે, કલ્પવામાં કાલિદાસની ભારતના કૃષકની નજરમાં મેઘને ભારતીય જનજીવનના આધાર તરીકે, કૃષિકર્મના મુખ્ય દેવ કે મિત્ર, સહાયક તરીકે, માનવાની વ્યાપક વૃત્તિનું નિદર્શન કરાવવાની દૃષ્ટિ, તેને ભારતનાં પ્રતિનિધિ કવિ ગણવામાં મુખ્યતયા કારણભૂત ગણી શકાય એવું ભાવેનું મન્તવ્ય પ્રતીતિકર જણાય છે. આ ઉપરાંત તેઓ હનુમાનને પણ પવનપુત્રરૂપમાં મેઘનું દૈવીકરણ માને છે.[૮]

તેથી ય વધુ ભારતનું એક અસ્મિતાપૂર્ણ રાજકીય એકમ તરીકેનું તેનું દર્શન, રઘુએ કરેલા દિગ્વિજયના પ્રસંગે પૂર્વમાં બંગાળથી લઈ, અંગ, કલિંગ થઈ દક્ષિણભારતના પ્રદેશો

---

૬ એજન, ૧૦. ૨૬.

૭ Yadav, B. R., *A critical study of the sources of Kālidās.*, Bhāvanā Prakashana, Delhi, 1974

૮ Bhawe, S. S., *Kālidāsa, the National Poet of India*, Good–companions, Baroda, 1964, PP. 6, 7 ff.

જીતી પશ્ચિમમાં પારસિકો ઉપર વિજય મેળવી હિમાલયમાર્ગે આસામના પ્રાગૂજ્યોતિષપુર સુધીના વિજયના વર્ણનમાં છતું થાય છે. રઘુના દિગ્વિજયના વર્ણનમાં આ ઉપરાંત ભારતના વિભિન્ન પ્રદેશોની ભૌગોલિક, વ્યાવસાયિક, લાક્ષણિક વિશિષ્ટતાઓનું વિગતવાર વર્ણન કાલિદાસની યાત્રાપ્રિયતા, તેની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ ઉપરાંત તેની વિશાળ, વ્યાપકદષ્ટિનાં જીવન્ત નિદર્શનો છે. ચારધામની યાત્રાની ધાર્મિક વિભાવનાનો આધાર સંભવતઃ કાલિદાસની આ રાષ્ટ્રિય વિભાવના હશે એમ માનવું કદાચ સત્યથી વેગળું નહીં હોય, કેમ કે ભારતીય પ્રજાને જે બાબતો પથ્ય હોય તેમને ધાર્મિક પરિવેશમાં રજૂ કરતાં તેઓ સાર્વત્રિક સ્વીકૃત અને તાર્કિક પરીક્ષણની કડાકૂટ સિવાય તત્કાળ માન્યતા પામે છે એ સર્વવિદિત છે. અહીં એ યાત્રા દ્વારા ભારતની માનસપૂજા કરીએ તો એ અસ્થાને નહીં ગણાય.

વર્ષાઋતુ વીતી ગયા પછી રઘુ રાજાએ સમ્પૂર્ણ ભારતના દિગ્વિજય માટે પ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો. શરદઋતુનું આગમન થતાં નદીઓનાં પૂર ઊતરી ગયાં અને માર્ગો પરનો કીચડ સૂકાઈ ગયો, જાણે શરદે રઘુને તેના આવા અદ્દભુત સાહસ માટે પ્રોત્સાહિત કર્યો. વિજય-યાત્રા પહેલાં અશ્વોના નીરાજનવિધિ નિમિત્તે હોમ કરવામાં આવ્યો ત્યારે અગ્નિદેવે જવાળાઓને જમણી તરફ ઝૂકાવી રઘુને આશીર્વાદ આપ્યા. સૌ પહેલાં રઘુએ પોતાની ગેરહાજરીમાં રાજ્યની સુરક્ષા માટે સીમાઓ ઉપરના કિલ્લાની રક્ષાનો પાકો પ્રબંધ કરી વિશ્વાસપાત્ર સામન્તોને સાવધાનપણે રાજ્યના રક્ષણ માટે આદેશ આપ્યો. ત્યારપછી વિશાળ સૈન્ય સાથે ઇન્દ્ર જેવા પરાક્રમી રઘુએ સૌ પહેલાં પૂર્વના પ્રદેશોને જીતવાનો નિશ્ચય કરી બંગાળ તરફ પ્રયાણ કર્યું. આગળ વધતા પ્રચંડ સૈન્યને કારણે ઊડેલી ધૂળથી આકાશ પૃથ્વી જેવું અને શ્યામવર્ણ હાથીઓના ઝુંડોને લીધે પૃથ્વી મેઘશ્યામ આકાશ જેવી જણાવા લાગી. જરૂર પડતાં નિર્જળ પ્રદેશોમાં પાણી માટે કૂવાઓ ખોદતાં અને ઊંડી નદીઓ પાર કરવા માટે સેતુ બાંધતાં તેના સૈન્યને વાર લાગતી નહીં. અડાબીડ જંગલોમાં માર્ગોની રચના કરવામાં આવતી. પૂર્વસાગર તરફ પોતાની સેનાને દોરતો રઘુ ગંગાને દોરતા ભગીરથ જેવો જણાતો હતો.

અરણ્યોમાં વિચરતો કોઈ પ્રબળ હાથી કોઈ વૃક્ષને ફક્ત ધક્કો મારી, ફળો મેળવી છોડી દે, કોઈ વૃક્ષને મૂળથી ઉખાડી નાખે અને કોઈને તોડી નાખે તેમ રઘુએ કેટલાક રાજાઓને હરાવી, કર વસૂલ કરી, રાજ્ય પાછું સોપ્યું, કેટલાકને રણમેદાનમાં હણ્યા અને ભયથી પલાયન કરી ગયેલા કેટલાક રાજાઓનાં રાજ્ય તેણે પોતાના સ્નેહી માંડલિકોને સોંપ્યાં. આમ રઘુ તાડનાં વનોથી શ્યામ જણાતા તટોવાળા પૂર્વસાગર પાસે પહોંચી ગયો. સુહ્મ દેશના રાજાઓએ પ્રબળ રઘુ સામે યુદ્ધ કરવું યોગ્ય માન્યું નહીં અને નમ્ર બની, નદી જળના વેગ સામે ઝૂકી જઈ સુરક્ષિત રહેતા નેતરની જેમ પોતાની રક્ષા કરી. નૌસેનાના કાફલા સાથે સામનો કરતા બંગાળના રાજાને હરાવી ગંગાસાગરના દ્વીપોમાં રઘુએ વિજયધ્વજ ફરકાવ્યા. ત્યારપછી રઘુ, હાથીઓ વડે સેતુ રચી કપિશા નદી પાર કરી, સૈન્ય સાથે ઓરિસ્સા તરફ વળ્યો ત્યાંના રાજાએ તેની સર્વોપરિતા સ્વીકારી, ભેટો આપી અને કલિંગ તરફ આગળ વધવાનો માર્ગ દર્શાવ્યો.

તે માર્ગે આગળ વધતા રઘુના સૈન્યે મહેન્દ્રપર્વત પર પડાવ નાખ્યો. કલિંગનરેશે હાથીઓના સૈન્ય સાથે રઘુસેનાનો સામનો કર્યો. તીર્થજળના અભિષેક પછી રાજ્યલક્ષ્મી મળે

તેમ શત્રુઓના બાણોની વર્ષામાં સ્નાન કરી રઘુએ આ યુદ્ધમાં વિજય મેળવ્યો. નાળિયેરની મદિરા સાથે રઘુના સૈનિકો શત્રુના યશને પણ પી ગયા. કલિંગના રાજાએ રઘુની શરણાગતિ સ્વીકારી તેથી રઘુએ તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું.

ત્યારપછી સોપારીનાં વૃક્ષોવાળા સાગરતટને રસ્તે રઘુ દક્ષિણ તરફ આગળ વધ્યો. કાવેરીના પાવન જળમાં રઘુના સૈનિકોએ હાથીઓને નવરાવ્યા. ત્યાંથી રઘુનું સૈન્ય મલયપર્વત તરફ ચાલ્યું. તેની તળેટીનાં જંગલોમાં મરીનાં વૃક્ષો હતાં અને લીલારંગના શુક તેમ જ અન્ય સુંદર પંખીઓ ઊડી રહ્યાં હતાં. જમીન ઉપર પડેલાં લવિંગનાં બીજ ઘોડાઓની ખરીઓથી પીસાઈને પોતાના સમાન સુગન્ધ ધરાવતા મદવાળા હાથીઓના કપોલ ઉપર ચોંટી જતાં હતાં. ચંદનવૃક્ષો પર સર્પોના વીંટળાઈ રહેવાથી ઊપસી આવેલી રેખાઓમાં દોરડાંઓ વડે રઘુના સૈનિકોએ હાથીઓને બાંધ્યા. પાંડ્યરાજાઓએ તામ્રપર્ણી અને સમુદ્રના સંગમ સ્થળેથી મેળવેલાં મોતી, પોતાના યશના ઢગલાની જેમ, રઘુને ભેટ તરીકે આપ્યાં.

મલય અને દર્દુર પહાડોમાં થોડો વખત પડાવ કર્યા પછી રઘુની વિશાળ સેના સહ્યાદ્રિ પાસેથી પસાર થઈ ત્યારે પરશુરામના પરશુએ દૂર કરેલો સમુદ્ર જાણે ફરીથી સહ્યપર્વતની નજીક આવી ગયો હોય એવું જણાવા લાગ્યું. કેરલપ્રદેશના કેવડાની રજ, સુગંધિત ચૂર્ણની જેમ રઘુના સૈનિકોનાં શરીરોને સુવાસિત કરતી હતી. હાથીઓના મદની સુગન્ધથી આકર્ષાઈને નાગકેસરનાં પુષ્પો ઉપર બેઠેલા ભ્રમરો ત્યાંથી ઊડીને હાથીઓ તરફ ધસી આવ્યા. પશ્ચિમના રાજાઓએ રઘુની આજ્ઞા શિરોધાર્ય કરી, સમુદ્રમાંથી મેળવેલાં રત્નો તેને ભેટમાં આપ્યાં. ત્રિકૂટપર્વત, હાથીઓના દંતશૂળથી અંકાયેલી રેખાઓને કારણે રઘુની વિજયગાથા કોતરેલી હોય એવા વિજયસ્તંભ જેવો જણાતો હતો.

ત્યાંથી સ્થળમાર્ગે રઘુનું સૈન્ય પારસિક રાજ્ય તરફ આગળ વધ્યું. ત્યાંના પારસી રાજાઓ સાથે રઘુના સૈન્યે તુમુલ યુદ્ધ કર્યું અને ભાલાઓના પ્રયોગથી, મધમાખીઓ વાળા મધપૂડાઓ જેવાં, યવન સૈનિકોનાં દાઢીવાળા મસ્તકોથી પૃથ્વી ભરી દીધી. જીવતા રહેલા વીરો લોખંડના ટોપા ઊતારીને રઘુના શરણે ગયા. વિજયી બનેલ. રઘુના સૈનિકોએ દ્રાક્ષ–મંડપોમાં મૃગચર્મ બિછાવી વિશ્રામ કરતાં કરતાં દ્રાક્ષાસવ પીને યુદ્ધનો થાક ઊતાર્યો.

ત્યાંથી ઉત્તર તરફ આગળ વધતા રઘુના સૈન્યના ઘોડાઓના શરીરે સિન્ધુ નદીના કિનારે નિપજતા કેસરના રજકણો ચોંટી ગયા. તે પ્રદેશના હૂણ રાજાઓને રઘુએ હરાવ્યા. કમ્બોજ અને કાબુલના રાજાઓ પણ, હાથીઓ બાંધવાથી ઝૂકી જતી અખરોટની ડાળીઓની જેમ રઘુ સામે ઝૂકી ગયા.[૯] તેમણે ઘોડાઓ અને પુષ્કળ ધન રઘુને ભેટમાં આપ્યું. ત્યાંથી રઘુ પોતાની

---

૯ આવી પ્રાકૃતિક તેમ જ સહજ ઉપમાઓ પ્રયોજી કાલિદાસે ઉપમા યોજવાની કળામાં અપૂર્વ સિદ્ધિ મેળવી છે. આ ઉપમાઓનો મનોવૈજ્ઞાનિક આધાર અને તેથી સૂચિત થતાં નિરીક્ષણશક્તિ, સૌન્દર્યાનુભૂતિ જેવાં બૌદ્ધિક પ્રખરતાની પ્રતીતિ કરાવતાં તત્ત્વોનું વિવેચનાત્મક અધ્યયન ચતુર્વેદીએ કર્યું છે. જુઓ :

चतुर्वेदी, सीताराम, कालिदास ग्रन्थावलि, तृतीयखंड, भारत प्रकाशन मन्दिर, अलीगढ़, वि. सं. २०१९, पृ. १०७.

સેના સાથે હિમાલયના ઉચ્ચપ્રદેશો તરફ વળ્યો. ઘોડાઓની ખરીઓથી ઊડેલી ગેરુ વગેરે ધાતુઓની રજકણોથી હિમાલયનાં શિખરો વધુ ઊંચા જણાવા લાગ્યાં. ગુફાઓમાં સૂતેલા સિંહો ભય પામ્યા વિના રઘુસૈન્યને નિહાળતા હતા. ભોજપત્રોને કારણે મર્મર ધ્વનિ કરતો, અને છેદ-વાળા વાંસમાંથી વાંસળી જેવો મધુર ધ્વનિ કરતો પવન રઘુની સેવા કરતો હતો. નમેરુ વૃક્ષની છાયામાં કસ્તૂરી મૃગોના બેસવાથી સુવાસિત થયેલી પથ્થરની સલાટો પર સૈનિકો વિશ્રામ કરતા હતા. તે પ્રદેશમાં રાત્રે અજવાળું ફેલાવતી ઔષધિઓનાં કિરણો, હાથી બાંધવાની સાંકળો ઉપર પ્રતિબિમ્બિત થઈ તેલવિનાના દીપકનું કામ આપતાં હતાં. ત્યાંના નિવાસી કિરાતોએ દેવદાર વૃક્ષો સાથે હાથીઓને બાંધવાથી પડેલી રેખાઓની ઊંચાઈથી રઘુસૈન્યના હાથીઓની ઊંચાઈનું અનુમાન કર્યું. ઉત્સવસંકેત નામના પહાડી લોકો સાથેના યુદ્ધમાં બાણો અને પત્થરોની ટક્કરથી જંગલમાં દાવાગ્નિ સળગ્યો. કિન્નરો રઘુના યશોગાન ગાવા લાગ્યા. ત્યાંના લોકનાયકોએ રઘુને જે હીરા અને રત્નો ભેટ આપ્યાં તે ઉપરથી રઘુએ તે પ્રદેશની સમૃદ્ધિનું અનુમાન કર્યું.

કૈલાસ સુધી ન જતાં રઘુ ત્યાં જ વિજયધ્વજ ફરકાવી પાછો ફર્યો, તેથી કૈલાસે શરમ અનુભવી કેમકે રઘુ જેવા રાજાઓ, રાવણે તેની ભુજાઓથી ઊઠાવીને કરેલા કૈલાસના પરાજયને શાશ્વત માનતા હતા. ત્યાંથી લૌહિત્યનદી પાર કરી રઘુ તેના સૈન્યસાથે અસમના પ્રાગ્જ્યોતિષપુર તરફ આગળ વધ્યો. ત્યાંના કાલાગુરુ વૃક્ષો હાથીઓના બાંધવાથી કંપવા લાગ્યાં. તેમની સાથે ત્યાંના રાજાઓનાં મન પણ કંપી ઊઠ્યાં. ત્યાંના રાજાએ જોયું કે વાદળો વિના જ રઘુના સૈન્યે ઊડાડેલી ધૂળથી સૂર્ય ઢંકાઈ ગયો છે. તેથી તેની શક્તિનું અનુમાન થતાં તેણે યુદ્ધનો વિચાર ત્યજી, જે હાથીઓ વડે અગાઉ ઘણા રાજાઓને હરાવ્યા હતા તે હાથીઓ અને વિવિધ રત્નો રઘુને ભેટ તરીકે આપ્યાં.

આમ ચારે દિશાઓનો વિજય કરી અઢળક ધનસાથે રઘુ અયોધ્યા પાછો ફર્યો, અને વિશ્વજિત નામના યજ્ઞમાં આ સઘળું ધન તેણે દક્ષિણામાં આપી દીધું.

રઘુ–દિગ્વિજયના વર્ણન નિમિત્તે કાલિદાસે તે તે પ્રદેશની ભૌગાલિક સ્થિતિ, પ્રજાકીય લાક્ષણિકતા, ત્યાંની વિશિષ્ટ નીપજો અને આર્થિક વિકાસ વગેરેનું યથાર્થ વર્ણન કર્યું છે. તેથી એમ જણાય છે કે કાલિદાસે સ્વયં, આ પ્રદેશોમાં ભ્રમણ કર્યું હશે[૧૦] તેની નિરીક્ષણ-શક્તિ, કલ્પનાશક્તિ અને વર્ણનશક્તિની ઉત્કૃષ્ટતાને કારણે કાલિદાસે વિશ્વસાહિત્યમાં પોતાનું વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે.[૧૧]

---

१० विद्यालंकार, वागीश्वर, कालिदास और उनकी काव्यकला, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६३, पृ. ११९.

११ Shastri, K. S. R. *Kalidasa, His Gemius, Ideals and Influence*, Vol. II, Shri Vani vilas Press, Shrirangam, 1944, P. 328.

સંધ્યન્તરો–એક અધ્યયન

નીલાંજના સુ. શાહ*

(સ્વાધ્યાય, પુ. ૨૨ અંક ૧, પૃ. ૧૦થી ચાલુ)

૧૦ હ્રીઃ–ધીઃ

'નાટ્યશાસ્ત્ર'ની ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ આવૃત્તિમાં તથા કાવ્યમાલા આવૃત્તિમાં અને શૃંગારપ્રકાશમાં 'હ્રી'નું નામ મળે છે,[૫૮] જ્યારે નાટ્યશાસ્ત્રની ચૌખંબા આવૃત્તિ,[૫૯] શિંગભૂપાલ, સાગરનંદી અને રૂપગોસ્વામી તેને બદલે 'ધી' મૂકે છે. આ 'હ્રી' કે 'ધી' એકે વિશેનો નિર્દેશ અભિનવની વૃત્તિમાં નથી.

'શૃંગારપ્રકાશ'માં, 'તાપસવત્સરાજ'ના ચોથા અંકમાંથી, ઉદયન અને પદ્માવતીના લગ્નની વાત થતી હોય છે ત્યારે વિદૂષક પદ્માવતીની મશ્કરી કરે છે તે વખતે પદ્માવતી શરમાય છે, તે પ્રસંગના સંવાદને (૪.૨૦ અને ૪.૨૧ વચ્ચે) દૃષ્ટાંત તરીકે મૂકયો છે–આ સ્ત્રીની લજ્જાનું ઉદાહરણ થયું. પુરુષની 'હ્રી'ના દૃષ્ટાંત તરીકે, ભોજે, ગાંધર્વોએ પકડેલા દુર્યોધનને અર્જુન છોડાવે છે તે વખતની દુર્યોધનની લજ્જાનો પ્રસંગ આપ્યો છે.[૬૦]

સાગરનંદીએ 'ધીઃ'ની વ્યાખ્યા 'परचित्तोपलक्षिका धीः' આપી છે. તેના દૃષ્ટાંતરૂપે 'મુદ્રારાક્ષસ' નાટકના ત્રીજા અંકના અંતભાગનો પ્રસંગ આપવામાં આવ્યો છે.[૬૧] કૃતકકલહને અંતે એકલા બેઠેલા ચંદ્રગુપ્તને કંચુકી કહે છે કે હવે તમે સાચા રાજા છો, ત્યારે ચંદ્રગુપ્ત મનમાં બોલે છે કે: 'स्वगतम् । एवमस्मासु निगृह्यमाणेसु, स्वकार्यंसिद्धिकामः सकामो भवत्वार्यं इति' । આ ઉક્તિથી, લોકો હવે શું વિચારે છે, એનો ચંદ્રગુપ્તને ખ્યાલ આવે છે.

'રસાર્ણવસુધાકર'માં 'ધી'ની વ્યાખ્યા નીચે પ્રમાણે છે: 'इष्टार्थसिद्धिपर्यन्ता चिन्ता धीरिति दृश्यते' । તેના દૃષ્ટાંત તરીકે 'માલવિકાગ્નિમિત્ર'ના ચોથા અંકની શરૂઆતનો રાજા અને વિદૂષકનો સંવાદ આપ્યો છે,[૬૨] જેમાં વિદૂષક, માલવિકાને ધારિણી પાસેથી છોડાવવા માટે રાજાને ઉપાય સૂચવે છે (૪.૨ પછી).

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૩૭–૧૫૦.

* ૧૮, સ્વૈરવિહાર સોસાયટી, વિક્રમ સારાભાઈ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૫.

૫૮ નાટ્યશાસ્ત્ર (ગા. ઓ. સિ. આ.) વો. ૩, ૧૯/૧૦૭–૧૦૯, પૃ. ૬૩–૬૪; પ્ર. નાટ્યશાસ્ત્ર (કાવ્યમાલા, નં. ૪૨, પ્ર. પંડિત કેદારનાથ, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, બીજી આવૃત્તિ, ૧૯૪૩), ૧૯.૫૫ પરની પાદટીપ નં. ૫, પૃ. ૩૧૪.

૫૯ નાટ્યશાસ્ત્ર, (ચૌ. આવૃત્તિ), ૨૧–૫૦, પૃ. ૩૧૪.

૬૦ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૦.

૬૧ ના. ૨. કો. પૃ. ૪૧.

૬૨ ૨. સુ. ૩–૮૮ કખ, પૃ. ૩૬૦.

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ' નાટકમાંથી નીચેનો પ્રસંગ 'ધી'ના દૃષ્ટાંત તરીકે આપ્યો છે.[૬૩] રાધાની કૃષ્ણ માટેની અત્યંત ઉત્કંઠા જોઈ, કુંદલના કૃષ્ણને બ્રાહ્મણવેશે રાધા પાસે લાવવાનો અને એ રીતે બંનેનું મિલન કરાવવાનો ઉપાય વિચારે છે, તે પ્રસંગનો (૨.૧૦ પહેલાંનો સંવાદ) નિર્દેશ છે.

૧૧ माया

'શૃંગારપ્રકાશ'માં માનુષી અને અમાનુષી એમ બંને માયાના પ્રકાર દર્શાવી, માનુષી માયાના દૃષ્ટાંત તરીકે 'દેવીચંદ્રગુપ્તનાટક'માંના ચંદ્રગુપ્તના કૃત્રિમ ઉન્માદનું અને અમાનુષી માયાના દૃષ્ટાંત તરીકે હાલ અનુપલબ્ધ રૂપક 'કૃત્યારાવણ'માંથી કનકમૃગનો પ્રસંગ આપવામાં આવ્યો છે.[૬૪] ડૉ. રાઘવન્ માને છે કે આ પ્રસંગ 'કૃત્યારાવણ'ના પ્રથમ અંકમાં હોવો જોઈએ.[૬૫]

'નાટકલક્ષણરત્નકોશ'માં મયદાનવે દેવોને છેતરવા માટે પ્રયોજેલા કપટને 'માયા' તરીકે દર્શાવ્યું છે અને 'સુગ્રીવાંક'માંથી સુગ્રીવને દેખાયેલા કૃત્રિમ હનુમાનનું દૃષ્ટાંત પણ આપ્યું છે.[૬૬]

'રસાર્ણવસુધાકર'માં 'माया'ને 'कैतवकल्पना' કહી, 'રત્નાવલી' નાટિકાના ચોથા અંકમાં રાજા વાસવદત્તાને, ઐન્દ્રજાલિકે ઊભી કરેલી દેવનગરીનું દૃશ્ય બતાવતાં જે શ્લોક (૪.૧૧) બોલે છે, તેને માયાના દૃષ્ટાંત તરીકે આપ્યો છે.[૬૭]

'નાટકચંદ્રિકા'માં, લલિતમાધવના ચોથા અંકમાંથી, શ્રીકૃષ્ણ ગોપીઓને છેતરવા માટે અભિમન્યુનો વેષ લે છે (૪.૩૩) તે પ્રસંગને દૃષ્ટાંત તરીકે મૂકયો છે.[૬૮]

૧૨ क्रोधः

'વેણીસંહાર'ના પ્રથમ અંકમાં ક્રોધાત્મા ઉપક્ષેપ છે એમ અભિનવે નોંધ્યું છે.[૬૯]

ભોજે 'શૃંગારપ્રકાશમાં', 'અભિસારિકાવંચિતક' નાટકમાંથી વત્સરાજે ક્રોધમાં આવીને પદ્માવતીને કહેલી 'प्रदुष्टोग्रग्राहां सरितमवगाढ...' ઉક્તિ આ સંધ્યન્તરના દૃષ્ટાંત તરીકે આપી છે.[૭૦]

---

૬૩ ના. ચં. કારિકા ૧૩૭, પૃ. ૮૬.

૬૪ શૃં.પ્ર. પ્ર. ૧૨, પૃ. ૫૦૧.

૬૫ Raghavan, V., (Dr.) 'Some Old lost Rāma plays (Pub. Annamalai University, Annamalainagar) First (Edtion, 1961), pp. 26-49.

૬૬ ના. ૨. કો. પૃ. ૪૧.

૬૭ ૨. સુ. ૩.૮૯ ધ, પૃ. ૩૬૧.

૬૮ ના. ચં. કારિકા ૧૪૧, પૃ. ૯૦.

૬૯ નાટ્યશાસ્ત્ર. વો. ૩, ૧૯.૧૦૭-૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.

૭૦ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૧.

'નાટકલક્ષણરત્નકોશ'માં '**क्रोधः**' એટલે '**कोपः**' એમ જણાવીને 'પ્રતિજ્ઞાભીમ' (વેણીસંહાર અંક ૧)માંથી નાટકના આરંભમાં પ્રવેશતા ભીમની '**आः शैलुषापसद...**(૧.૮)' એ ક્રોધપૂર્ણ ઉક્તિને દૃષ્ટાંત તરીકે મૂકી છે.[૭૧]

'રસાર્ણવસુધાકર'માં '**क्रोधस्तु चेतसो दीप्तिरपराधदर्शनात्**' એમ વ્યાખ્યા આપીને 'રત્નાવલી'ના ત્રીજા અંકમાંથી વાસવદત્તા વિદૂષકને બાંધવાની આજ્ઞા કાંચનમાલાને કરતાં '**एतेन लतापाशेन बद्ध्वा गृहाणैनं ब्राह्मणम्**'। બોલે છે (૩.૧૯ પછી), તે ઉક્તિને દૃષ્ટાંત તરીકે આપી છે.[૭૨]

'નાટકચંદ્રિકા'માં 'લલિતમાધવ' નાટકમાંથી પદ્માની સખીઓની હરિ પ્રત્યે ક્રોધ દર્શાવતી '**फुल्लत्वारान्नव...**(૨.૭)' ઉક્તિ દૃષ્ટાંત તરીકે મૂકી છે.[૭૩]

રાઘવભટ્ટે, 'અભિજ્ઞાનશાકુંતલ'ના છઠ્ઠા અંકમાં, અદૃશ્ય માતલિએ પકડેલા વિદૂષકની બૂમો સાંભળી રાજા તેને ક્રોધથી પડકારતાં, '**कथं मामेवोद्दिशति । तिष्ठ कुणपाशन ।**' ઉક્તિ (૬.૨૭ પછી) દૃષ્ટાંત તરીકે મૂકી છે.[૭૪]

૧૩ ओजः—तेजः

અભિનવે સંધ્યન્તર 'ઓજ' તે 'તેજ' છે, એમ કહીને, તેની વિશેષ સમજૂતી માટે નાટ્યશાસ્ત્રના અધ્યાય બાવીસનો સંદર્ભ આપ્યો છે.[૭૫] નાટ્યશાસ્ત્રના ૨૨.૪૧ શ્લોકમાં આપેલા પુરુષોના દસ સત્ત્વભેદમાંનું એક 'તેજ' છે. તેની વ્યાખ્યા આમ છે, શત્રુએ કરેલા અધિક્ષેપ, અપમાન વગેરેને પ્રાણાત્યયે પણ સહન ન કરવા તે ગુણને 'તેજ' કહેવાય છે.[૭૬] આના ઉપરથી અભિનવની 'ઓજ' વિશેની વિભાવના સ્પષ્ટ થાય છે.

'શૃંગારપ્રકાશ'માં 'ઓજ' ઉદાહરણ તરીકે 'દેવીચંદ્રગુપ્ત' નાટકમાંથી નાયકનો પોતાનો આત્મવિશ્વાસ દર્શાવતી '**सद्वंशान्पृथुवर्ष्मविक्रम...**' શ્લોક૩૫ની ઉક્તિ આપવામાં આવી છે.[૭૭]

રાઘવભટ્ટે, શાકુંતલ નાટકના છઠ્ઠા અંકમાંથી, દુષ્યંત વિદૂષકની બૂમો સાંભળતાં, અજાણતાં માતલિને પડકારે છે અને '**एष त्वामभिनवकण्ठ...**(૬.૨૭)' શ્લોક બોલે છે તે સ્થળે આ સંધ્યન્તર દર્શાવ્યું છે.[૭૮]

---

૭૧ ના. ૨. કો. પૃ. ૪૧.
૭૨ ૨. સુ. ૩.૮૮ ગદ્ય, પૃ. ૩૬૦.
૭૩ ના. ચં. કારિકા ૧૩૮, પૃ. ૮૭–૮૮.
૭૪ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૪૨–૨૪૩.
૭૫ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૧૦૭–૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.
૭૬ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૨૨.૪૧, પૃ. ૧૬૭.
૭૭ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૧.
૭૮ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૪૨.

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ' નાટકમાંથી સુપર્ણ કૃષ્ણની આગળ પોતાની શક્તિ વિશે વિશ્વાસપૂર્વક બોલે છે તે '**बाढमातपफणापटली लघीयसः...**(૫.૧૯ પછી)' ઉક્તિને 'ઓજ'ના દૃષ્ટાંત તરીકે આપવામાં આવી છે.[૭૯]

સાગરનંદી અને શુભંકર 'ઓજ'ને સ્થાને 'રુજ' આપે છે.

'નાટકલક્ષણરત્નકોશ'માં '**रुजः प्रहारादिवेदना**' એમ સમજાવીને (હાલ અનુપલબ્ધ એવા) 'શકલંક'માંથી લક્ષ્મણની અને 'ચૂડામણિ અંક' (નાગાનંદ–અંક ૫)માંથી જિમૂતવાહનની વેદના દૃષ્ટાંત તરીકે ગણવી એમ કહ્યું છે. આમ કહ્યા પછી સાગરનંદીએ નોંધ્યું છે કે 'બીજા કેટલાક લોકો મનનો ક્ષોભ જન્માવતા અનિમિત્ત દર્શનને પણ 'રુજ'માં સમાવે છે.' એના દૃષ્ટાંત તરીકે 'મૃચ્છકટિક'ના નવમા અંકમાં ચારુદત્તને મુખે બોલાયેલો '**शुष्कद्रुमगतो रौति...**(૯.૧૧)' શ્લોક મૂકે છે.[૮૦]

સાગરનંદીએ અહીં આપેલા મત પરથી એમ પણ કહી શકાય કે 'રુજ'ને સંધ્યન્તર માનનારા બીજા પણ કેટલાક નાટ્યશાસ્ત્રીઓ હતા.

૧૪ संवरणम्

અભિનવે '**संवरण**'ને '**अवहित्थ**' તરીકે સમજાવ્યું છે.[૮૧] નાટ્યશાસ્ત્રના સાતમા અધ્યાયમાં ગણાવેલા વ્યભિચારીભાવોમાં '**अवहित्थ**'નો સમાવેશ થયેલો છે અને તેની સમજૂતી આપતાં, તેને 'આકારપ્રચ્છાદનાત્મક' કહ્યું છે.[૮૨] તે પરથી ખ્યાલ આવે છે કે 'સંવરણ'નો અર્થ પણ એવો જ લેવાનો. શિંગભૂપાલ અને રાઘવભટ્ટ આને '**संवृति**' નામથી ઓળખે છે.

'શૃંગારપ્રકાશ'માં 'સંવરણ'ના દૃષ્ટાંત તરીકે 'તાપસવત્સરાજ'માંથી પદ્માવતી અને વાસવદત્તાનો સંવાદ (૩.૮ પહેલાં) આપ્યો છે.[૮૩] વાસવદત્તા ગુપ્તવેશમાં પદ્માવતીની સાથે રહેતી હોય છે, ત્યારે ઉદયનના ચિત્રને જોઈને પોતાના ભાવોનું સંવરણ કરે છે, તેનો તે સંયમ સાંકૃત્યાયની મનમાં વખાણે છે, તે પ્રસંગનો અહીં નિર્દેશ છે.

ભોજ ભાવોના સંવરણને સંધ્યન્તર 'સંવરણ' કહે છે, જ્યારે સાગરનંદી કથાંતરને

---

૭૯ ના. ચં. કારિકા ૧૩૬ પૃ. ૮૫–૮૬.

૮૦ ના. ર. કો. પૃ. ૪૧. આ શ્લોકનો પાઠ ના. ર. કો.માં નીચે પ્રમાણે મળે છે:

शुष्कद्रुमगतो रौति आदित्याभिमुखं स्थितः ।
कथयत्यनिमित्तं मे वायसो ज्ञानपण्डितः ।। (१९.११)

આના કરતાં સહેજ જુદો પાઠ મૃચ્છકટિકની હાલ પ્રાપ્ત થતી આવૃત્તિઓમાં જોવા મળે છે, તે નોંધપાત્ર છે.

૮૧ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૧૦૭–૧૦૯ પરની–અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.

૮૨ નાટ્યશાસ્ત્ર, વો. ૧, ૭.૧૨૨, પૃ. ૩૭૩.

૮૩ શૃ.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૧–૫૦૨.

સમેટવાને 'સંવરણ' કહે છે. સાગરનંદી તેની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે: '**कथान्तरेऽनिरूप्यमाने यथाकार्यापेक्षिततया संहरणं तत् संवरणम् ।**' તેનો અર્થ એ છે કે બીજી કથા હજી તો નિરુપાઈ પણ નથી, ત્યાં મૂળ વસ્તુને લક્ષમાં રાખી તેને સમેટી લેવી એ 'સંવરણ' છે. હાલ અનુપલબ્ધ રૂપક 'છલિતરામ'ના અનુતાપાંકમાંથી ચિતામુખ અને સૂમાયનો સંવાદ દૃષ્ટાંત તરીકે આપ્યો છે.[૮૪]

'રસાર્ણવસુધાકર'માં '**संवृतिः स्वयमुक्तस्य स्वयं प्रच्छादनं भवेत्**' એમ વ્યાખ્યા આપી છે. દૃષ્ટાંત તરીકે 'શાકુંતલ'ના બીજા અંકના અંતભાગમાં આવતી દુષ્યંતની પ્રસિદ્ધ ઉક્તિ, '**परिहासविजल्पितं...**(૨.૨૮)' આપવામાં આવી છે,[૮૫] જેમાં દુષ્યંત પોતાના પ્રેમની વાત વિદૂષકને કહી દીધા પછી, તેનું સંવરણ કરે છે.

રાઘવભટ્ટે પણ આ જ સ્થળે 'સંવૃતિ' સંધ્યન્તરને દર્શાવ્યું છે.[૮૬]

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ'માંથી, કૃષ્ણ વૃન્દાને જોઈ, સત્યભામા વિશે કંઈ બોલવા જાય છે, ત્યાં વૃન્દા ઈશારો કરે છે કે અહીં તો રૂકિમણી છે, તેથી કૃષ્ણ તે ઉક્તિનું સંવરણ કરતાં, '**सती कथमभामा...**(૯.૬૦)' શ્લોકરૂપની જે ઉક્તિ બોલે છે, તેને દૃષ્ટાંત તરીકે મૂકી છે.[૮૭] ઉપર આપેલી વ્યાખ્યાઓ અને દૃષ્ટાંત જોતાં એમ લાગે છે કે સંવરણ–પછી તે ભાવનું હોય, કથાનું હોય કે ઉક્તિનું હોય–પણ નાટકમાં હોય, તો તેને સંધ્યન્તર ગણાય.

૧૫ भ्रान्तिः

ભોજે 'ભ્રાન્તિ'ના દૃષ્ટાંત તરીકે 'રત્નાવલી'ના ત્રીજા અંકમાં, રાજા ઉદ્યાનમાં સંકેતસ્થાને જઈને, વેષસાદૃશ્યને લીધે પ્રથમ વાસવદત્તાને સાગરિકા તરીકે અને પછી સાગરિકાને વાસવદત્તા તરીકે સંબોધે છે, તે પ્રસંગનો (૩.૧૧થી ૩.૧૭ સુધી) અહીં દૃષ્ટાંત તરીકે નિર્દેશ કર્યો છે.[૮૮]

સાગરનંદી '**भ्रान्ति**' એટલે '**भ्रम**' એમ સમજાવી વેણીસંહારના છઠ્ઠા અંકમાં યુધિષ્ઠિર ભીમને દુર્યોધન સમજી ક્રૂરતાથી ભેટે છે. તે પ્રસંગને (૬.૩૮ પછી) દૃષ્ટાંત તરીકે મૂકે છે.[૮૯]

'રસાર્ણવસુધાકર'માં '**भ्रान्तिर्विपर्ययज्ञानं प्रसङ्गस्य ह्यनिश्चयात्**' એમ વ્યાખ્યા

---

૮૪ ના. ર. કો. પૃ. ૪૧. ડૉ. રાઘવન્ માને છે કે આ 'અનુતાપાંક' છલિતરામ નાટકનો છે. રામને છેતરવા આવેલા લવણ રાક્ષસના સુમાય અને ચિતામુખ બંને અનુચરો છે. આ બંને સીતા વિશે ખોટો અપવાદ ફેલાવે છે, તેથી રામ સીતાને છોડી દે છે. જુઓ. 'Some old lost Rāmaplays pp. 56-57.

૮૫ ર. સુ. ૩.૯૦ કખ, પૃ. ૩૬૨.

૮૬ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૮૪–૮૫.

૮૭ ના. ચં. કારિકા ૧૪૧, પૃ. ૯૦.

૮૮ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨.

૮૯ ના. ર. કો. પૃ. ૪૧.

આપીને[૯૦] 'વેણીસંહાર'ના બીજા અંકમાંથી દૃષ્ટાંત આપ્યું છે. તેમાં દુર્યોધનની પત્ની ભાનુમતી સ્વપ્નમાં દિવ્યરૂપધારી નકુળને જોયાની વાત કરે છે, તે સાંભળી દુર્યોધન તેના ચારિત્ર્ય માટે વહેમાય છે, પણ પછી સાચી વાતનો ખ્યાલ આવે છે. અહીં આ પ્રસંગનો (૨.૧૭ પછી) નિર્દેશ છે.

રૂપગોસ્વામીએ ઉપરની વ્યાખ્યામાં થોડો ફેરફાર કરીને '**भ्रान्तिर्विपर्ययज्ञानं प्रसङ्गस्यापि निश्चयात्**' એમ વ્યાખ્યા આપી છે. તેમણે 'લલિતમાધવ'માંથી કૃષ્ણની બીજા સંદર્ભમાં બોલાયેલી ઉક્તિ '**यदिदर्भाङ्गिभूः**...(૯.૫૮)' ચંદ્રાવલી '**यद्विदर्भाङ्गिभूः**...' તરીકે સમજે છે તે પ્રસંગનો 'ભ્રાન્તિ'ના દૃષ્ટાંત તરીકે નિર્દેશ કર્યો છે.[૯૧]

રાઘવભટ્ટે, શાકુંતલમાં, છઠ્ઠા અંકમાં, નીચેના પ્રસંગે, ભ્રાન્તિ નામનું સંધ્યન્તર બતાવ્યું છે.[૯૨] શકુંતલાના પ્રત્યાખ્યાન બદલ પસ્તાતો રાજા, શકુંતલાના ચિત્રમાં આલેખાયેલા ભ્રમરને, સાચો માની તેને ધમકાવે છે. ત્યારે વિદૂષક મનમાં બોલે છે '**अहमप्येतस्य सङ्गेनेदृशवर्ण इव संवृत्तः ।** અને પછી રાજાનું ધ્યાન દોરે છે કે આનો ચિત્ર છે. (૬.૨૧ પહેલાં).

૧૬ हेत्ववधारणम्

'હેત્વવધારણ' નામના આ સંધ્યન્તરનો અર્થ હેતુ વિશેની કલ્પના' એવો થતો લાગે છે. 'ઉદાત્તરાઘવ' નાટકમાં હેત્વવધારણાત્મક ઉપક્ષેપ છે એમ અભિનવે જણાવ્યું છે.[૯૩]

'શૃંગારપ્રકાશ'માં 'મુદ્રારાક્ષસ'ના ત્રીજા અંકમાંથી આનું દૃષ્ટાંત આપ્યું છે.[૯૪] રાક્ષસે સાધેલા બે વૈતાલિક ચંદ્રગુપ્તને ચાણક્ય વિરુદ્ધ ઉશ્કેરવા બે શ્લોકો (૩.૨૨ અને ૩.૨૩) બોલે છે, તે સાંભળી ચાણક્ય મનમાં રાક્ષસનું રહસ્ય પામી જઈ, વધારે ઊંડી રમત રમે છે.

'નાટકલક્ષણરત્નકોશ'માં હેત્વવધારણ'ને '**हेतोर्मिथ्याकल्पना**' તરીકે સમજાવીને અશ્વત્થામાંક (વેણીસંહાર અંક ૩)માંથી દુર્યોધનની દ્રોણ વિશેની '**दत्ताभयः सोऽतिरथो**... (૩.૨૮)' શ્લોકરૂપની ઉક્તિને દૃષ્ટાંત તરીકે આપવામાં આવી છે.[૯૫]

'રસાર્ણવસુધાકર'માં '**निश्चयो हेतुनार्थस्य मतं हेत्ववधारणम्**' એમ વ્યાખ્યા છે. તેમાં આના દૃષ્ટાંત તરીકે શાકુંતલના પાંચમા અંકમાંનો પ્રસિદ્ધ પ્રસંગ દૃષ્ટાંત તરીકે આપ્યો છે. પોતાને સાવ ભૂલી ગયેલા રાજાને પોતાના પ્રણયની યાદ અપાવતાં, શકુંતલા તરસ્યા મૃગનો પ્રસંગ કહેવા માંડે છે, ત્યારે રાજા તેને બનાવટ સમજીને '**स्त्रीणामशिक्षितपटुत्वं**...(૫.૨૨)' શ્લોક બોલે છે, તેનો અહીં નિર્દેશ છે.[૯૬]

---

૯૦ ર. સુ. ૩.૯૦ ગદ્ય, પૃ. ૩૬૨.
૯૧ ના. ચં. કારિકા ૧૪૨; પૃ. ૯૧.
૯૨ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૨૩૪.
૯૩ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૧૦૭-૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.
૯૪ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨.
૯૫ ના. ર. કો. પૃ. ૪૧.
૯૬ ર. સુ. ૩.૯૧ ગદ્ય, પૃ. ૩૬૩.

રાઘવભટ્ટ, પણ શાકુંતલમાં આ જ સ્થળે 'હેત્વવધારણ' દર્શાવે છે.[૯૭]

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ'માંથી વૃન્દાની 'विद्योतन्ते गुणपरिमलै...(૨.૯)' શ્લોકરૂપની ઉક્તિ દૃષ્ટાંત તરીકે આપી છે.[૯૮] તે નાટકનું પૌર્ણમાસી નામનું પાત્ર જણાવે છે કે કંસ રાધાનું અપહરણ કરવા માટે શંખચૂડને મોકલે છે, ત્યારે વૃન્દા આ શ્લોક બોલે છે.

૧૭ दूतः

'શૃંગારપ્રકાશ'માં 'પાર્થવિજય' નાટકમાંથી ભગવાન વાસુદેવ દુર્યોધનને ત્યાં દૂત તરીકે જાય છે, એ પ્રસંગને આ સંધ્યન્તરનું દૃષ્ટાંત કહ્યું છે.[૯૯]

'નાટકલક્ષણરત્નકોશ'માં 'दूतः'નો અર્થ 'संदेशहरः' આપી, 'દૂતાંગદ' નાટકમાંથી અંગદનું દૃષ્ટાંત આપ્યું છે.[૧૦૦]

'રસાર્ણવસુધાકર'માં આનું નામ 'दूत्यं' આપ્યું છે, તેની વ્યાખ્યા 'सहकारित्वं दुर्घटे कार्यवस्तुनि' આપી છે. તેના દૃષ્ટાંત તરીકે 'માલવિકાગ્નિમિત્ર'ના ત્રીજા અંકની શરૂઆતનો રાજા અને વિદૂષકનો સંવાદ (૩.૧ પછી) આપ્યો છે, જેમાં વિદૂષક રાજાને જણાવે છે કે બકુલાવલિકા બેયનું માલવિકા સાથે મિલન કરી આપશે.[૧૦૧]

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ'ના પ્રથમ અંકમાંથી કુન્દલતાની ઉક્તિ 'तिण्हाकुला चकोरी......(૧.૪૬)' આપી છે, જેમાં તે રાધા અને કૃષ્ણના મિલનમાં સહાયભૂત થવાનું કહે છે.[૧૦૨] 'दूत' નામના આ સંધ્યન્તરનો ઉલ્લેખ માતૃગુપ્તે ગણાવેલાં પાંચ સંધ્યન્તરોમાં પણ મળે છે.

૧૮ लेखः-उपधिः

'लेख' નામના આ સંધ્યન્તરનો પણ માતૃગુપ્તે ઉલ્લેખ કરેલો છે. સાગરનંદી અને શુભંકર આને બદલે 'उपधिः'ને ગણાવે છે.

'શૃંગારપ્રકાશ'માં, 'તાપસવત્સરાજ'માંથી પિતા પ્રદ્યોતે પુત્રી વાસવદત્તાને મોકલેલા અને 'वत्से त्वां स्वजनाशिषामविषयं......(૧.૯)'થી શરૂ થતા લેખનો દૃષ્ટાંત તરીકે નિર્દેશ કર્યો છે.[૧૦૩]

---

૯૭ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૧૮૬.
૯૮ ના. ચં. કારિકા ૧૪૪, પૃ. ૯૩.
૯૯ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨.
૧૦૦ ના. ૨. કો. પૃ. ૪૨.
૧૦૧ ૨. સુ. ૩૯૧ ક્રમ, પૃ. ૩૬૩.
૧૦૨ ના. ચં. કારિકા ૧૪૩, પૃ. ૯૨.
૧૦૩ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨.

'રસાર્ણવસુધાકર'માં 'विवक्षितार्थकलिका पत्रिका लेख ईरितः' એમ વ્યાખ્યા આપીને, 'વિક્રમોર્વશીય'ના બીજા અંકમાંથી ઉર્વશીએ રાજાને મોકલેલા પ્રેમપત્રને લગતા રાજા અને વિદૂષકના સંવાદનો ઉદાહરણ તરીકે ઉલ્લેખ કર્યો છે.[૧૦૪]

'નાટકચંદ્રિકા'માં 'લલિતમાધવ'માંથા, ચંદ્રાવલીએ કૃષ્ણને શ્લોકરૂપમાં લખેલા 'अचिरं निरस्य रसितैः...(૫.૭)' શ્લોકરૂપના પ્રેમપત્રનું દૃષ્ટાંત આપ્યું છે.[૧૦૫]

સાગરનંદી 'उपधि'ની સમજૂતી 'छलनम्' તરીકે આપીને, 'યુધિષ્ઠિર પ્રત્યેના ચાર્વાકના વચનની જેમ' એટલું જ કહ્યું છે. અહીં 'વેણીસંહાર' નાટકના છઠ્ઠા અંકના ચાર્વાક અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદનો નિર્દેશ લાગે છે, જેમાં ચાર્વાક નામનો રાક્ષસ યુધિષ્ઠિરને ભીમના મૃત્યુની ખોટી બાતમી આપીને નિરાશ કરી દે છે.[૧૦૬]

૧૯ स्वप्नः

'दूत' અને 'लेख'ની સાથે 'स्वप्न'ને પણ માતૃગુપ્તનાં પાંચ સંધ્યન્તરોમાં સ્થાન મળ્યું છે. અભિનવગુપ્ત ઉપક્ષેપ સ્વપ્નરૂપનો પણ હોઈ શકે એમ કહીને પ્રતિમાનિરૂદ્ધ નાટકનું દૃષ્ટાંત આપે છે.[૧૦૭]

'શૃંગારપ્રકાશ'માં, ભોજે નાટકનું નામ આપ્યા વગર ('સ્વપ્નવાસવદત્ત'નાટકના) સ્વપ્નદશ્યનો દૃષ્ટાંત તરીકે નિર્દેશ કર્યો છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે 'स्वप्न' શબ્દથી અહીં 'स्वाप', કે 'स्वप्नदर्शन' અથવા 'स्वप्नायित' પણ વિવક્ષિત છે.[૧૦૮]

'નાટકલક્ષણરત્નકોશ'માં 'स्वप्न'ને 'निद्रायां चित्रगतार्थलापः' કહી દૃષ્ટાંત તરીકે 'કીચકભીમ' નામના અલભ્ય નાટક કે અંકમાંથી 'एतां सतीम्' એટલા જ શ્લોકના આરંભના શબ્દો આપ્યા છે, આખો શ્લોક આપ્યો નથી.[૧૦૯]

'રસાર્ણવસુધાકર'માં 'स्वप्नो निद्रान्तरे मन्त्रभेदकृज्वचनं मनम्' એ વ્યાખ્યા આપી 'માલવિકાગ્નિમિત્ર'ના ચોથા અંકમાંથી વિદૂષકનું સ્વપ્ન અને તેને લગતો નિપુણિકા અને ધારિણીનો સંવાદ (૪.૧૫ શ્લોક પછીનો) આપ્યો છે.[૧૧૦]

'નાટકચંદ્રિકા'ની આ સંધ્યન્તરની વ્યાખ્યા 'રસાર્ણવસુધાકર'ની ઉપરની વ્યાખ્યા કરતાં સહેજ જુદી છે, જેમ કે 'स्वप्नो निद्रान्तरे किञ्चिज्जल्पितं परिचक्षते ।' 'લલિત-

---

૧૦૪ ર. સુ. ૩.૯૨ કખ, પૃ. ૩૬૪.
૧૦૫ ના. ચં. કારિકા ક્રા. ૧૪૬, પૃ. ૯૫.
૧૦૬ ના. ર. કો. પૃ. ૪૨.
૧૦૭ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૧૦૭-૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.
૧૦૮ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨.
૧૦૯ ના. ર. કો. પૃ. ૪૨.
૧૧૦ ર. સુ. ૩.૯૨ કખ, પૃ. ૩૬૪.

માધવ'ના સાતમા અંકમાં રાધાને સ્વપ્ન આવે છે કે મુરારિ અક્રૂર સાથે જવા તૈયાર થઈ ગયા. તે સ્વપ્નને વર્ણવતા શ્લોક 'श्वाफल्कैः सफली बभूव...(૭.૧૦)ને 'સ્વપ્ન'ના દૃષ્ટાંત તરીકે મૂકીને કહ્યું છે કે આ રાધાનું 'સ્વપ્નાયિત' છે.[૧૧૧]

૨૦ चित्रम्

અભિનવે આ સંધ્યન્તરના બે અર્થ આપ્યા છે,[૧૧૨] એક 'વિસ્મય' અને બીજો 'શિલ્પવિશેષ', પણ બધા જ નાટ્યશાસ્ત્રીઓએ એને 'શિલ્પવિશેષ'ના અર્થમાં જ સંધ્યન્તર કહ્યું છે.

'શૃંગારપ્રકાશ'માં 'ચિત્ર'ના દૃષ્ટાંત તરીકે 'રત્નાવલી' નાટિકામાં રાજાને ચિત્રમાં દોરેલી સાગરિકાને જોઈને કામ ઉત્પન્ન થયો, તે પ્રસંગનો નિર્દેશ કર્યો છે.[૧૧૩] અહીં 'રત્નાવલી'ના બીજા અંકના 'लीलावधूतपद्मा...(૨.૯)'નો નિર્દેશ લાગે છે.

સાગરનંદીએ 'चित्रमालेख्याभिमतजनदर्शनोपायः' એવી વ્યાખ્યા આપીને, 'નાગાનંદ'માંની, જિમૂતવાહનની 'प्रिया सन्निहितेव...(૨.૯) શ્લોકરૂપની ઉક્તિને દૃષ્ટાંત તરીકે આપી છે.[૧૧૪]

'રસાર્ણવસુધાકર'માં 'चित्रं त्वाकारस्य विलेखनम्' એમ વ્યાખ્યા આપી છે. 'શાકુંતલ'ના છઠ્ઠા અંકમાં પ્રત્યાખ્યાન કર્યા બાદ પસ્તાતો રાજા શકુંતલાનું ચિત્ર દોરીને દર્શનસુખ અનુભવે છે. વિદૂષક તે ચિત્ર છે એવી યાદ અપાવે છે, ત્યારે દુઃખી થઈને દુષ્યંત બોલે છે કે 'मे पुनरपि चित्रीकृताकान्ता...(૬.૨૧)' આ પ્રસંગ 'चित्र'ના દૃષ્ટાંત તરીકે શિંગભૂપાલે આપ્યો છે.[૧૧૫]

'નાટકચંદ્રિકા'માં, 'चित्रन्त्वाकाराणां विलोकनम्' એવી વ્યાખ્યા આપે છે અને 'લલિતમાધવ'માંથી નવવૃન્દાની કૃષ્ણલીલાના ચિત્ર અંગેની ઉક્તિ 'समीक्ष्यतां विचित्रमिदं चित्रम्' (૯.૨૨ પહેલાં) દૃષ્ટાંત તરીકે ટાંકે છે.[૧૧૬]

૨૧ मदः

'શૃંગારપ્રકાશ'માં, રાવણના મદનું દૃષ્ટાંત આપતાં, ભોજે, 'કૃત્યારાવણ' નાટકમાંથી રાવણની 'भीताः किममराः समराभियानम्...' ઉક્તિથી શરૂ થતો શ્લોક આપ્યો છે. 'શૃંગારપ્રકાશ'માં મદ વિશેના વાક્યનો શરૂઆતનો ભાગ ખંડિત થયો છે, પણ સંદર્ભ પરથી લાગે છે કે

---

૧૧૧ ના. ચં. કારિકા ૧૪૫, પૃ. ૯૪.

૧૧૨ નાટ્યશાસ્ત્ર, વૉ. ૩, ૧૯.૧૦૭–૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૪.

૧૧૩ શૃં.પ્ર. વૉ. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૨–૫૦૩.

૧૧૪ ના. ર. કો. પૃ. ૪૨.

૧૧૫ ર. સુ. ૩.૯૩ ખ, પૃ. ૩૬૫.

૧૧૬ ના. ચં. કારિકા ૧૪૭, પૃ. ૯૬.

રાવણના મદને તેમણે 'અભિમાન' નિમિત્તનો મદ દર્શાવ્યો હશે, કારણ કે ત્યારબાદ તેમણે 'પાન' નિમિત્તના મદનું દૃષ્ટાંત 'માલવિકાગ્નિમિત્ર'માંથી આપ્યું છે. તેના ત્રીજા અંકમાં મદમસ્ત ઈરાવતીને પ્રવેશતી જોઈને તેના પૂછવાથી ચેટી નિપુણિકા, તેની ઉક્તિનું સમર્થન કરતાં કહે છે કે 'पडमं लोअप्पवादो एघ । अच्च उण सच्चो संउत्तो' (૨.૧૨ પછી), તે સંવાદ દૃષ્ટાંત તરીકે આપ્યો છે.૧૧૭

સાગરનંદીએ મદને 'सुरापानप्रभवो विकारः' કહ્યો છે, અને 'તમાલવીથ્યંક' નામના કોઈ અંકમાંથી શેખર અને ચેટ નામનાં બે પાત્રોનો સુરાપાનથી ચઢતા મદ સંબંધી સંવાદ દૃષ્ટાંત તરીકે આપ્યો છે.૧૧૮

'રસાર્ણવસુધાકર'માં પણ 'मदस्तु मद्यजः કહીને માલવિકાગ્નિમિત્રના ઉપરોક્ત પ્રસંગને દૃષ્ટાંત તરીકે મૂક્યો છે.૧૧૯

'નાટકચંદ્રિકા'માં, 'લલિતમાધવ'ના પાંચમા અંકમાંના સુરાપાનથી મસ્ત બનેલા બલદેવને વર્ણવતા શ્લોક 'बिले क्व नु विलिल्यिरे... (૫.૪૧)'ને દૃષ્ટાંત તરીકે આપ્યો છે.૧૨૦

આ એકવીસ સંધ્યન્તરોની ઉપર આપેલી વ્યાખ્યાઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે સાગરનંદીએ આપેલી વ્યાખ્યાઓ કરતાં શિંગભૂપાલે આપેલી વ્યાખ્યાઓ નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ અપાયેલી છે તથા વધારે વિસ્તૃત છે.

સાગરનંદી મોટેભાગે તો સંધ્યન્તરોનાં નામના પર્યાય જ આપે છે. એમની આપેલી વ્યાખ્યાઓ કરતાં શિંગભૂપાલની વ્યાખ્યાઓ ઘણીવાર સાવ જુદી પડે છે, તે ઉપરથી ડૉ. સિદ્ધેશ્વર ચટ્ટોપાધ્યાયે એવો મત દર્શાવ્યો છે કે સંધ્યન્તરોનું સાગરનંદીએ કરેલું નિરૂપણ એમની વ્યાખ્યાઓના વિકાસનો શરૂઆતનો તબક્કો દર્શાવે છે, જ્યારે સાગરનંદીના સમયમાં તેમનું સ્વરૂપ વધારે વ્યવસ્થિત થઈ ચૂક્યું હતું.૧૨૧

દૃષ્ટાંતોના સંદર્ભમાં વિચાર કરીએ તો ભોજના સમયમાં સંધ્યન્તરોની વિભાવના ચોક્કસ થઈ ગઈ હતી એમ લાગે છે. વળી ભોજે આપેલાં દૃષ્ટાંતો પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે નાટ્યશાસ્ત્રમાંની તેમની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને ભોજે આ દૃષ્ટાંતો આપ્યાં છે.

---

૧૧૭ શૃં.પ્ર. વો. ૨, પ્ર. ૧૨, પૃ. ૫૦૩. ડૉ. રાઘવને Some old lost Rāma plays (પૃ. ૩૬-૩૭)માં જણાવ્યું છે તે પ્રમાણે 'કૃત્યા રાવણ' નાટકમાં રામ વનવાસ વખતે તપોવનમાં રહેતા હતા, ત્યારે રાવણ સીતાનું હરણ કરવા જાય છે, તેને જોઈ દેવો ગભરાઈ જાય છે, તે વખતે રાવણ દેવોને ઉદ્દેશીને આ શ્લોક બોલે છે.

૧૧૮ ના. ર. કો. પૃ. ૪૨.

૧૧૯ ર. સુ., ૩-૯૩ ખ, પૃ. ૩૬૫.

૧૨૦ ના. ચં. કારિકા ૧૪૭, પૃ. ૯૫.

૧૨૧ Chaṭṭopādhyāya Siddheswara, 'Nāṭaka-Lakṣaṇa-ratna-Koṣa,' Pub. Punthi Prakāshan, Calcutta, 1974), Ch. VI, pp-131-135.

'નાટકચંદ્રિકા'માં આપેલી વ્યાખ્યાઓ અને દૃષ્ટાંતોને બહુ પ્રામાણિક ગણી શકાય તેમ નથી, કારણ કે મોટાભાગની વ્યાખ્યાઓ 'રસાર્ણવસુધાકર' પ્રમાણેની છે. જ્યાં જ્યાં રૂપગોસ્વામીએ વ્યાખ્યાઓમાં સહેજસાજ ફેરફાર કર્યો છે, ત્યાં ત્યાં દૃષ્ટાંતોને બંધ બેસાડવા જ તે ફેરફાર કરવામાં આવ્યા હોય તેવી છાપ પડે છે. બધાં જ દૃષ્ટાંતો એમણે સ્વરચિત 'લલિતમાધવ' નાટકમાંથી આપ્યાં છે. વળી એમણે આપેલાં દૃષ્ટાંતો સંધ્યન્તરોનાં સ્વરૂપને બરાબર ઉપસાવતાં નથી.

આ એકવીસ સંધ્યન્તરો ઉપરાંત બીજાં બે સંધ્યન્તરોનો ઉલ્લેખ આપણને 'નાટકલક્ષણરત્નકોશ' અને રાઘવભટ્ટની 'શાકુંતલ' પરની ટીકામાં મળે છે.

સાગરનંદીએ, સંધ્યન્તરોના નિરૂપણને અંતે કહ્યું છે કે: 'संध्यन्तरप्रदेशाः संधीनामन्तरे चाकाशपुरुषवचनानिलेख्योक्तया विधातव्याः ।—यदाह–' लेख्योक्तिराकाशवचनमन्तरा संधिष्विति ।[૧૨૨]

આ મત કોનો છે તે ખ્યાલ નથી આવતો. વળી પાછા, સાગરનંદી, પતાકાસ્થાનોનું નિરૂપણ પૂરું કર્યા પછી, બીજા કોઈ નાટ્યશાસ્ત્રીનો મત આપતા લાગે છે: 'स्वप्नो दूतं नेपथ्याकाशवचनं लिखितानन्तरसंधिषु कथ्यन्ते ।' આ પછી, તરત જ સાગરનંદીએ 'अमानुषी वाक्'નાં બે ઉદાહરણ આપ્યાં છે,[૧૨૩] તે 'આકાશવચન'ના સંદર્ભમાં લાગે છે. 'નાટકલક્ષણરત્નકોશ'માં આપેલો બીજો મત ઘણુંખરું માતૃગુપ્તનો લાગે છે, કારણ કે રાઘવભટ્ટે તેમની ટીકામાં માતૃગુપ્તને નામે આપેલો મત આને સાવ મળતો આવે છે.

રાઘવભટ્ટે 'શાકુંતલ'ના પ્રથમ અંકમાં, નેપથ્યમાંથી આવતા 'भो राजन् आश्रममृगोऽयं न हन्तव्यः...(૧.૯ પછી)' એ વચનને અનુલક્ષીને કહ્યું છે કે આ પ્રકૃતાર્થ સૂચવે છે માટે 'નેપથ્ય' નામનું સંધ્યન્તર છે. રાઘવભટ્ટ 'નેપથ્ય'ની વ્યાખ્યા 'अप्रविष्टमेव यज्जवनिकान्तरे वदति तन्नेपथ्यः' એમ આપી, માતૃગુપ્તનો મત આપે છે:[૧૨૪] 'उक्तं मातृगुप्ताचार्यैः'

'स्वप्नो दूतश्च लेखश्च नेपथ्योक्तिस्तथैव च ।
आकाशवचनं चेति ज्ञेया ह्यन्तरसंधयः ॥'

માતૃગુપ્તે કહેલાં પાંચમાંના ત્રણનો સમાવેશ ઉપરનાં સંધ્યન્તરોમાં થઈ ગયો છે. બાકી રહ્યાં બે–આકાશવચન અને નેપથ્યોક્તિ. આ બંનેને સંધ્યન્તર ગણવા માટે માતૃગુપ્ત અને બીજા કોઈ નાટ્યશાસ્ત્રીનો ટેકો મળે છે છતાં સાગરનંદીએ કે પછીના કોઈએ તેમનો સમાવેશ કેમ નહીં કર્યો હોય એવો પ્રશ્ન થાય છે.

---

૧૨૨ ના. ર. કો. પૃ. ૪૨.

૧૨૩ એજન, પૃ. ૪૪, આમાંનું પ્રથમ ઉદાહરણ 'વેણીસંહાર'માંથી અશ્વત્થામાની ઉક્તિ कथमियममानुषी वाक् (૩.૪૯ પહેલાં) રૂપે છે, જ્યારે બીજું ઉદાહરણ 'રાઘવાભ્યુદય' નાટકમાંથી આપ્યું છે.

૧૨૪ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૧૬.

નાટ્યશાસ્ત્રના પચીસમા અધ્યાયમાં આવતા 'ચિત્રાભિનય'માં, 'જનાન્તિક', 'અપવારિત' વગેરે સાથે 'આકાશવચન'નો પણ સમાવેશ થયો છે.[૧૨૫] તેથી પુનરુક્તિદોષ નિવારવા 'આકાશવચન'ને સંધ્યન્તર ન ગણ્યું હોય એમ પણ બનવા સંભવ છે.

'નેપથ્યોક્તિ' બાબતમાં પણ આમ જ બન્યું લાગે છે. તે 'ચૂલિકા' સાથે ખૂબ સામ્ય ધરાવે છે, તે નાટ્યશાસ્ત્રમાં આપેલી 'ચૂલિકા'ની વ્યાખ્યા[૧૨૬] જોતાં સ્પષ્ટ થાય છે અને ચૂલિકાનો સમાવેશ પાંચ અર્થોપક્ષેપકોમાં થયો છે. માતૃગુપ્તે આ પાંચનાં માત્ર નામ જ આપ્યાં છે, કોઈની વ્યાખ્યા આપી નથી, તેથી તેમની એ વિશેની વિભાવના અસ્પષ્ટ જ રહે છે.

અભિનવને કદાચ આ બંનેનો સંધ્યન્તર તરીકે ખ્યાલ નહીં હોય, પણ એમને સામાન્ય અણસાર તો આવ્યો જ છે કે સંધ્યન્તરોને એકવીસની સંખ્યામાં મર્યાદિત કરવાં મુશ્કેલ છે, તેથી એમણે કહ્યું છે કે પ્રયોગમાં ઉજ્જવલતા આણવા માટે ઉપલક્ષણ તરીકે કવિને રસ્તો બતાવવા એકવીસ કહ્યાં છે.[૧૨૭] આમ કહીને એ ઉપરાંતના બીજાના સમાવેશ માટે એમણે અવકાશ રાખ્યો છે.

અભિનવે, સંધ્યન્તરોના સ્વરૂપ વિશે બે મત આપીને તે વિશેનો પોતાનો મત દર્શાવીને તે વિશેની ચર્ચા સમેટી લીધી છે. સંધ્યન્તરો નાટક વગેરેમાં સુલભ છે, માટે તેમનાં ઉદાહરણો આપીને ગ્રંથનો વિસ્તાર કર્યો નથી,[૧૨૮] એમ જણાવીને આમાં ઊંડા ઉતર્યા નથી. તે પરથી લાગે છે કે સંધ્યન્તરો તેમને મહત્ત્વનાં લાગ્યાં નથી.

દશરૂપકકાર ધનંજય અને તેમના ટીકાકાર ધનિકનો મત એવો છે કે સંધ્યન્તરોનો અંતર્ભાવ અલંકાર અને ભાવોમાં થઈ શકે.[૧૨૯] માટે તેમણે તેની યાદી સુદ્ધા આપી નથી. ભોજે પણ તેમના પ્રયોજન કે સ્વરૂપ વિશે કશો નિર્દેશ કર્યો નથી.

'નાટ્યદર્પણ'ના પ્રથમ વિવેકના અંતમાં સંધ્યંગોનું નિરૂપણ પૂરું થયા બાદ કહ્યું છે કે કેટલાક અહીં ૨૧ સંધ્યન્તરોને યાદ કરે છે, ત્યારબાદ એમની યાદી આપીને જણાવ્યું છે કે આમાંના કેટલાંક સંધ્યન્તરો 'સામ' વગેરે પોતે જ સંધ્યંગરૂપનાં છે, 'દૂત', 'લેખ' વગેરે

---

૧૨૫ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૨૫.૮૬-૮૭, પૃ. ૨૭૦

૧૨૬ એજન, ૧૯.૧૧૩, પૃ. ૬૫.

अन्तर्यवनिकासंस्थैः सूतादिभिरनेकधा ।
अर्थोपक्षेपणं यत्तु क्रियते सा हि चूलिका ॥

અને જુઓ, Siddheśwara Chaṭṭopādhyāya, 'Nāṭakalakṣanaratnakoṣa' p. 187 : Cūlikā in an act is nothing but 'Nèpathyavacana', i.e. a Sandhyantara'.

૧૨૭ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૧૦૭-૧૦૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૬૩-૬૪.

૧૨૮ એજન.

૧૨૯ દશરૂપક (સં. કાશીનાથ પાંડુરંગ પરબ, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, પાંચમી આવૃત્તિ, ૧૯૪૧), ૪.૮૪, પૃ. ૧૧૦.

પ્રતિવૃત્તરૂપનાં છે, જ્યારે બાકીનાં ઉપક્ષેપ વગેરેમાં અંતર્ભાવ પામે તેવાં છે, તેથી તેમનાં પૃથક્ લક્ષણ આપવાનો પ્રયાસ કર્યો નથી.[૧૩૦]

આમ અભિનવ, ધનંજય કે નાટ્યદર્પણકાર સંધ્યન્તરોને અગત્યનાં ગણતા નથી.

સાગરનંદીએ એમના વિશે સામાન્ય નિર્દેશ એટલો જ કર્યો છે કે પ્રયોજનવશાત્ જેટલાં યોજી શકાય તેટલાં યોજવાં.[૧૩૧]

શિંગભૂપાલ, આ બધાથી જુદા પડી, સ્પષ્ટ દર્શાવે છે કે સંધ્યન્તરોનો અંગોમાં અંતર્ભાવ કરવાનું મને અભિમત નથી.[૧૩૨] વળી તેઓ જણાવે છે કે મુખ વગેરે સંધિઓમાં, અંગોના અશૈથિલ્યની પ્રતીતિ કરાવવાનું તેમનું પ્રયોજન છે. આ સંધ્યન્તરો પ્રયોજવાને લીધે ચમત્કારોનો ઉદય થાય છે, એવો કોઈ આચાર્યનો મત પણ તેમણે નોંધ્યો છે.[૧૩૩] રાઘવભટ્ટે પણ પ્રકૃતાર્થ સૂચવવાનું સંધ્યન્તરનું પ્રયોજન છે એમ સૂચવ્યું છે.[૧૩૪]

નાટ્યશાસ્ત્રમાં અને તે પછીના ગ્રંથોમાં, રૂપકો અને ઉપરૂપકોની વ્યાખ્યાઓ આપતાં અમુક સંધિઓ અમુક રૂપકમાં પ્રયોજાય, બીજામાં ન પ્રયોજાય, એવા એવા નિયમો આપવામાં આવ્યા છે તે પ્રમાણેનો કોઈ નિર્દેશ સંધ્યન્તરો બાબતમાં મળતો નથી. માત્ર ભાવ-પ્રકાશનકારે ઉપરૂપક સટ્ટકનું લક્ષણ આપતાં, એટલો નિર્દેશ કર્યો છે કે સટ્ટકમાં છાદન, સ્ખલન, ભ્રાન્તિ અને નિહ્નવ ન હોય.[૧૩૫] આમાંના 'સ્ખલન' અને 'ભ્રાન્તિ' એ 'ગોત્રસ્ખલન' અને 'ભ્રાન્તિ' નામનાં બે સંધ્યન્તરો લાગે છે.

સંધ્યંગો અને સંધ્યન્તરો બંને વચ્ચેનો નિકટનો સંબંધ જોતાં, તેમની વચ્ચેનો તફાવત પણ વિચારવો આવશ્યક છે. એ તફાવત તરફ અભિનવે સહુ પ્રથમ આપણું ધ્યાન દોર્યું છે. તેમણે કહ્યું છે કે સંધિનૈયત્ય સંધ્યંગોને, ઉપક્ષેપ જેવાં અમુકને તો સાવિશેષપણે લાગુ પડે છે, જ્યારે સંધ્યન્તરાલની બાબતમાં એવું નથી. અભિનવે એ પણ નોંધ્યું છે કે સંધ્યંગોનો આનન્તર્ય નિયમ ભરતમુનિને અનભિમત લાગે છે, કારણ કે એમનો આનન્તર્ય નિયમ સ્વીકારીએ તો સંધ્યન્તરાલો વગેરેને અવકાશ રહેતો નથી.[૧૩૬]

---

૧૩૦ હિન્દી નાટ્યદર્પણ, પ્રથમ વિવેક, પૃ. ૧૯૮.

૧૩૧ ના. ર. કો. પૃ. ૩૯.

प्रयोजनवशाद्यावन्त एते प्रदेष्टुं शक्यन्ते तावन्तः संधिषु प्रदर्शयितव्याः ।

૧૩૨ ર. સુ. ૩.૯૬, પૃ. ૩૬૬

૧૩૩ એજન, ૩.૮૦–૮૧, પૃ. ૩૫૪.

૧૩૪ રાઘવભટ્ટની અર્થદ્યોતનિકા ટીકા, પૃ. ૧૬

૧૩૫ શારદાતનયકૃત ભાવપ્રકાશન (સં. યદુગિરિ યતિરાજ સ્વામી, પ્ર. ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, વડોદરા, બીજી આવૃત્તિ, ૧૯૬૮, અધિકાર નવમો, પૃ. ૨૬૯.

૧૩૬ નાટ્યશાસ્ત્ર, વો. ૩, ૧૯.૬૯ પરની અભિનવની વૃત્તિ, પૃ. ૩૬.૩૭.

यत्तु सन्धिनैयत्येनाभिधानं सन्धावश्यंभावित्वख्यापनार्थं मुखे भवत्येव ।

सन्ध्यन्तरालानि नेत्थं...... ।

રસાર્ણવસુધાકરકાર આ જ તફાવત બીજા શબ્દોમાં મૂકતાં કહે છે કે ‘ સંધ્યંગોની યોજના મુખ વગેરે સંધિઓમાં ભાગકલ્પનાથી કરવી, જ્યારે સંધ્યન્તરોનો પ્રયોગ અવિભાગત: કરવાનો છે.’[૧૩૭] આનો અર્થ રસાર્ણવસુધાકરના સંપાદક શ્રી. ટી. વેંકટાચાર્યે એવો કર્યો છે કે ‘ શિંગભૂપાલના મતે સંધ્યંગો અમુક સંધિ પૂરતાં મર્યાદિત છે, જ્યારે સંધ્યન્તરો ગમે તે સંધિમાં પ્રયોજી શકાય.’[૧૩૮] બંને વચ્ચેનો આ તફાવત જોતાં પણ એમ લાગે છે કે સંધ્યન્તરોને એ સંધ્યંગોના અવાંતર ભેદો તરીકે ઘટાવવા કરતાં, તેમને સંધ્યંગોના છિદ્ર તરીકે, સંધ્યંગો વચ્ચેનો અવકાશ પૂરનાર ઘટકો તરીકે સમજવા વધારે યોગ્ય છે.

અભિનવ, ધનંજય, નાટ્યદર્પણકાર વગેરેની, સંધ્યન્તરોનો વિભાવ વ્યભિચારી ભાવ, સંધ્યંગો વગેરેમાં અંતર્ભાવ કરવાની વાતમાં તથ્ય રહેલું છે એ નકારી શકાય તેમ નથી, કારણ કે ‘ સામ ’ ‘ ભેદ ’ વગેરેનો સમાવેશ સંધ્યંગોમાં, ‘ ક્રોધ ’, ‘ ભય ’ વગેરેનો સમાવેશ સ્થાયીભાવોમાં, ‘ પ્રત્યુત્પન્નમતિ ’, ‘ સંવરણ ’ વગેરેનો વ્યભિચારી ભાવોમાં, ‘ દૂત ’, ‘ લેખ ’ ‘ સ્વપ્ન ’ તથા ‘ ચિત્ર ’નો સમાવેશ ઇતિવૃત્તના અંશોમાં થઈ શકે તેમ છે. છતાં ભરત, માતૃગુપ્ત ભોજ, સાગરનંદી અને શિંગભૂપાલ જેવા નાટ્યશાસ્ત્રીઓએ એમના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે એ હકીકત છે. ભલે ટીકાકારોએ ન દર્શાવ્યાં હોય છતાં સંસ્કૃત નાટકકારોએ આ સંધ્યન્તરોને નાટકોમાં પ્રયોજ્યાં છે, તે જોતાં એમ લાગે છે કે સંધ્યન્તરોની સંધ્યંગોને સાંકળવાની, રૂપકોમાં વૈવિધ્ય આણવાની અને પ્રકૃતાર્થ સૂચવવાની ક્ષમતાને લીધે, રૂપકોની વસ્તુકથાના વિકાસમાં તેમની ઉપયોગિતા જરાયે ઓછી નથી.

---

૧૩૭ ર. સુ. ૩, ૬૩.૬૬, પૃ. ૩૬૬

૧૩૮ T. Venkaṭāchārya “ Rasārṇava-sudhākara ”, (Edited by T. Venkatachārya, Published by Adyāra Library and Research Centre, Madrar, 1979) Intro., pp. xcvii-xcix.

'નંદબત્રીસી'વિષયક બે રચનાઓ–
જૂની ગુજરાતી અને મારવાડી

ભોગીલાલ જ. સાંડેસરા*

'નંદબત્રીસી'નું કથાનક એ જૂની ગુજરાતી સાહિત્યનું એક લોકપ્રિય કથાનક છે. એ વિષેની સૌથી જૂની ઉપલબ્ધ કૃતિ નરપતિકૃત 'નંદબત્રીસી' છે, જેની રચના સં. ૧૫૪૫માં થયેલી છે. 'નંદબત્રીસી' વિષેની કોઈ પ્રાચીન સંસ્કૃત રચના જાણવામાં આવી નથી: 'નંદચરિત્ર' નામે લૌકિક સંસ્કૃત પદ્યોમાં રચાયેલી એક ટૂંકી કૃતિ મળે છે. પણ એ વિષયના બ્રષ્ટ પ્રકીર્ણ શ્લોકો :

द्वारे तिष्ठति भूपालो द्वारपालो न मुंचति ।
दीनं वदति कामार्थं हारितं रत्नकुंडलम् ॥

વગેરે છૂટક પાનાં ઉપર લખાયેલા છે, અને તેમાંના કેટલાકની પ્રાચીનતા, લિપિ ઉપરથી, નિદાન ચૌદમા સૈકા જેટલી જૂની ગણવી જોઈએ. નરપતિ જૈનેતર કવિ છે; એની 'નંદબત્રીસી'નું મેં કરેલું સંપાદન 'બુદ્ધિપ્રકાશ' ત્રૈમાસિકના સપ્ટેમ્બર ૧૯૩૨ના અંકમાં છપાયું છે. આ જ નરપતિએ 'પંચદંડની વાર્તા' પણ વિસ્તારથી રચી છે. (સંપાદક–શંકરપ્રસાદ છગનલાલ રાવળ, પ્રકાશક–ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૪).

જૈન કવિ સંઘકુલ કે સિંહકુશલની 'નંદબત્રીસી' સં. ૧૫૬૦માં રચાઈ છે. એ પછી નિત્યસૌભાગ્યકૃત 'નંદબત્રીસી' ઠેઠ સં. ૧૭૩૧માં મળે છે. સં. ૧૭૮૩માં નકલ કરેલ, કોઈ જૈન કવિકૃત 'નંદબત્રીસી'ની હસ્તપ્રત ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના હસ્તપ્રતસંગ્રહમાં છે (જુઓ મારા લેખસંગ્રહ 'ઇતિહાસની કેડી'માં 'આપણું લોકવાર્તાવિષયક પ્રાચીન સાહિત્ય' એ લેખ, પદ્મજા પ્રકાશન, વડોદરા, ૧૯૪૫; પૃ. ૧૬૨–૬૪). 'નંદબત્રીસી' વિષેના કથાનકનો છેલ્લો ગુજરાતી કવિ શામળ છે અને તેની જ કૃતિ સૌથી વધારે લોકપ્રિય અને સુપ્રચલિત છે. પણ શામળની 'નંદબત્રીસી'ના તુલનાત્મક અભ્યાસમાં પૂર્વકાલીન સર્વ કૃતિઓ વિવિધ રીતે ઉપયોગી છે. એવી બે કૃતિઓ–એક જૂની ગુજરાતી અને એક મારવાડી–'સ્વાધ્યાય' દ્વારા અભ્યાસીઓ સમક્ષ રજૂ કરી છે.

સિંહકુશલની 'નંદબત્રીસી' 'બુદ્ધિપ્રકાશ' માસિકના સને ૧૯૧૬ના મે, જૂન અને ઑગસ્ટ માસના અંકોમાં પ્રગટ થઈ છે. (જુલાઈના અંકમાં આ કાવ્યનો હપ્તો છપાયો નથી.)

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૫૧–૧૭૪.

* 'સંવાદ', ૬ શ્રેયસ સોસાયટી, રેસકોર્સ સર્કલ (પશ્ચિમ) વડોદરા. ૩૯૦ ૦૦૭.

જૂન ૧૯૧૬માં તંત્રી શ્રી. હીરાલાલ પારેખની નોંધ ઉપરથી જણાય છે કે એનું સંપાદન શ્રી. રણજિતરામ વાવાભાઈ મહેતાએ કરેલું છે. નોંધની છેલ્લી કંડિકામાં શ્રી. પારેખ લખે છે; "તે (કાવ્ય) મોકલી આપવા માટે અમે રા. ભાઈશ્રી રણજીતરામ વાવાભાઈના અત્યંત આભારી છીએ." 'બુદ્ધિપ્રકાશ'ના મે ૧૯૧૬ના અંકમાં આ કાવ્યની કડી ૧ થી ૬૦, જૂનના અંકમાં ૬૧ થી ૧૧૦ અને ઑગસ્ટના અંકમાં ૧૧૧ થી ૧૭૨ કડીઓ છપાયેલ છે. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે :

इति श्रीनंदबत्रीसी चउपइ कथा संपूर्णमिति । भग्नपृष्ठकटिग्रीवंव ऋदष्टिरधोमुखम् । कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥ संवत १६६७ वर्षे शाके १५३२ प्रवर्त्तमाने दक्षिणायनगते सूर्ये श्रीमहामांगल्यप्रद पौषमासे शुक्लपक्षे तृतीयां पुन्यस्थितौ शनिवासरे । अद्ये श्री कोकडियावटंके अमरशिष्य मुनिगोवर्धनपुस्तिका आत्मार्थे लिष्यतं । सीतामहुद्रंगात् । अद्य श्रीदलपतराज्ये ॥ श्री ॥

આ હસ્તપ્રત કયા સંગ્રહમાંની છે એનો ઉલ્લેખ 'બુદ્ધિપ્રકાશ'ના ઉપર્યુક્ત અંકોમાં શ્રી. રણજિતરામ વાવાભાઈએ કે શ્રી. હીરાલાલ પારેખે કર્યો નથી; પણ એમાંના પાઠના આદિ અંતનું અવતરણ 'જૈન ગુર્જર કવિઓ' (ભાગ ૧, પૃ. ૧૦૩)માં છે, ત્યાં આ હસ્તપ્રત પૂનાની ડેક્કન કૉલેજના સરકારી સંગ્રહમાં હોવાની નોંધ છે. (ડેક્કન કૉલેજ બંધ થતાં એ સંગ્રહ પૂના ખાતે ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટને સોંપાયો છે; આ વિશાળ સંગ્રહમાંની મોટા ભાગની હસ્તપ્રતો ભૂતપૂર્વ મુંબઈ સરકારના અન્વેષકોએ મુખ્યત્વે ગુજરાતમાંથી એકત્ર કરેલી છે, એ નોંધવું અહીં પ્રસ્તુત થશે.) 'જૈન ગુર્જર કવિઓ'માં આના કર્તા તરીકે હેમવિમલસૂરિશિષ્ય જ્ઞાનશીલ-શિષ્ય સિંહકુશલનું નામ આપ્યું છે, તે એનો અંતભાગ જોતાં બરાબર છે. હેમવિમલસૂરિને એના કર્તા માનવામાં શ્રી. રણજિતરામ અને શ્રી. હીરાલાલ પારેખ બંનેની શરતચૂક થઈ છે.

આ લેખમાં સંપાદિત કરેલી જૂની ગુજરાતી 'નંદબત્રીસી'ની ચાર પત્રની હસ્તપ્રત મારી પાસે છે. (હસ્તપ્રતના પ્રથમ તથા અંતિમ પત્રનાં ચિત્રો માટે જુઓ આ અંકના ટાઈટલ પેજ ૩-૪ ઉપર) મારી પાસેની હસ્તપ્રત અને 'બુદ્ધિપ્રકાશ'માં છપાયેલ 'નંદબત્રીસી'નો ગુજરાતી પાઠ—થોડાંક પાઠાન્તરો અને ભાષાકીય રૂપાન્તરો કે ફેરફારો બાદ કરતાં—એકસરખો છે; ભ્રષ્ટ સંસ્કૃત શ્લોકો 'બુદ્ધિપ્રકાશ'માં ઘણા છે, પણ મારી પાસેની પ્રતમાં માત્ર બે ત્રણ છે. 'બુદ્ધિપ્રકાશ'માં કથાભાગ ૧૬૯ કડીને અંતે પૂરો થાય છે. કડી ૧૬૮-૬૯નો પાઠ 'બુદ્ધિપ્રકાશ'માં નીચે પ્રમાણે છે :

सुख संजोग सदा जोगवइ, पुण्यपसाइ ते भोगवइ ।
सूरवीर नइ साहस धीर, न्यायवंत वाणी मुष वीर ॥ १६८ ॥
हियडइ अति ऊम्हाहो करी, नंदरायनुं बोल्युं ऊचरी ।*
सुणइ विनोदकथा चउपइ, नवरस कथा संपूरण हुइ ॥ १६९ ॥

---

* સંપાદનમાં પદચ્છેદની આ ભૂલ છે; बोल्युंऊचरी ('બોલ્યું ચારત') એમ છપાવું જોઈએ.

આ બે કડીઓ મારી પાસેની હસ્તપ્રતમાં નીચે પ્રમાણે છે:

सुख संज्योग सदा जोगवइ, पुण्यपसाइं ते भोगवइ ।
सूरवीर नइ साहसधीर, सत्यवंत वाणी मुखि वीर ॥ १५१ ॥

हिवडइ अति ऊमाहउ धरी, नंदरायनउं बोल्यउं चरी ।
सुणउ विनोदकथा चउपई, नंदबत्रीसी एहवी हुइ ॥ १५२ ॥

હસ્તપ્રતની નકલ સં. ૧૬૭૬માં થઈ છે, એ અંતિમ પુષ્પિકામાંથી સ્પષ્ટ છે.

ડેક્કન કૉલેજવાળી હસ્તપ્રત, જે ઉપરથી 'બુદ્ધિપ્રકાશ'માં સને ૧૯૧૬માં 'નંદબત્રીસી' છપાઈ છે તેના કરતાં મારી પાસેની હસ્તપ્રત નવ વર્ષ બાદ એટલે કે સં. ૧૬૭૬માં લખાઈ હોવા છતાં ભાષાનું જુનું રૂપ તે વિશેષ ભાવે જાળવી રાખે છે, તે ઉપરથી અનુમાન થાય છે કે એની નકલ કોઈ વધારે જૂની અને શુદ્ધતર હસ્તપ્રત ઉપરથી થઈ હશે.

ગ્રન્થપ્રશસ્તિની ત્રણ કડીઓ મારી હસ્તપ્રતમાં નથી, તે 'બુદ્ધિપ્રકાશ' (ઑગસ્ટ ૧૯૧૬, પૃ. ૨૫૦)માં નીચે પ્રમાણે છે:

तपगछनायक एह मुणिंद, जय श्रीहेमविमलसुरिंद ।
ज्ञानशील पंडित सुविचार, तास शीस कहइ एह विचार ॥ १७० ॥

संवत पंनर साठ मझारि, चैत्र शुदि तेरश गुरुवार ।
जे नर विदुर विशेषइ सुणइ, सिंघकुशल इणि परि इम भणइ ॥ १७१ ॥

भणतां गुणतां लहीइ बुद्धि, बुद्ध सकल काजनी सिद्धि ।
बुद्धि फलीइं वंछित सदा, बुद्धि नितु नवतर संपदा ॥ १७२ ॥

આ પ્રશસ્તિ 'જૈન ગુર્જર કવિઓ; ભાગ ૧માં (એટલે કે ડેક્કન કૉલેજની હસ્તપ્રતમાં) છે; આ ઉપરાંત લીંબડીના જૈન ગ્રન્થભંડારમાં તથા અમદાવાદમાં ચંચળબહેનના ભંડારમાં આની હસ્તપ્રત હોવાનો ત્યાં નિર્દેશ છે.

પણ પ્રશસ્તિની કડીઓના આ ભેદ ઉપરથી શું સમજવું? કોઈ જૂની કૃતિને અંતે સિંહકુશલે પોતાના ગુરુ અને પિતામહગુરુનાં નામ મૂકી કૃતિ પોતાને નામે ચઢાવી? કે બીજા કોઈ લેખકે કે કર્તાએ પ્રશસ્તિનો ભાગ કાઢી નાખ્યો? કડી ૫૪ અને ૫૫ના ત્રીજા ચરણમાં **कहइ सिंघ** એવો નિર્દેશ છે, એ કર્તા સિંહકુશલનો ગણવો કે કોઈ અલ્પજ્ઞાત સુભાષિતકાર સિંઘ અથવા સિંહનો ગણવો? સં. ૧૫૬૦માં સિંહકુશલની 'નંદબત્રીસી' રચાઈ છે; 'બુદ્ધિપ્રકાશ'માં છપાયેલી એની હસ્તપ્રતનું લેખનવર્ષ સં. ૧૬૬૭ છે; મારી પાસેની હસ્તપ્રત–જે ઉપરથી અહીં સંપાદન થયું છે તે–સં. ૧૬૭૬માં લખાઈ છે; આ બંને કરતાં જૂની પ્રત કે પ્રતો મળે અથવા સિંહકુશલ અને તેમના ગુરુ અને પિતામહગુરુનો પ્રશસ્તિમાં નિર્દેશ કરતી એક કરતાં વધુ પ્રતો–

અને તે પણ વિક્રમના સત્તરમા સૈકામાં અથવા તે પહેલાં લખાયેલી—મળે તો આ પ્રશ્નનો નિર્ણયાત્મક ઉકેલ થાય. પણ મારી પાસેની હસ્તપ્રતનું ભાષાસ્વરૂપ વધારે જૂનું હોઈ અને 'બુદ્ધિપ્રકાશ'માં ૬૮ વર્ષ પહેલાં છપાયેલ વાચનામાં અનવધાન અને જૂની ભાષાના પ્રમાણમાં ઓછા પરિચયને કારણે પદચ્છેદ અને વાચનાની અનેક દેખીતી ક્ષતિઓ હોઈ મારી પાસેની હસ્તપ્રત ઉપરથી એ જૂની ગુજરાતી કૃતિ અહીં સંપાદિત કરી છે. અલબત્ત, એમ કરવાનું બીજું મુખ્ય કારણ એ પણ ખરું કે અહીં જે સ્વરૂપમાં કૃતિ છપાય છે તેને અજ્ઞાતકર્તૃક ગણવી જોઈએ. એના કર્તા તરીકે સિંહકુશલને નિશ્ચિતરૂપે ગણવા કે કેમ એ પ્રશ્નનો નિર્વિવાદ ઉકેલ કરવા માટે પ્રાચીનતર હસ્તપ્રતોરૂપે હજી વિશેષ પ્રમાણસામગ્રીની અપેક્ષા રહે છે.

અહીં રજૂ થયેલી 'નંદબત્રીસી'વિષયક બીજી રચના મારવાડી છે. બીકાનેરમાં ખરતરગચ્છના બૃહદ્ જ્ઞાનભંડારના સં. ૧૬૫૦માં લખાયેલા એક ગુટકામાં એની નકલ છે, એટલે આ રચના ત્યાર પહેલાં થયેલી હોવી જોઈએ. મૂળ ગુટકો મારા જોવામાં આવ્યો નથી, પણ બીકાનેરવાસી મારા સાહિત્યસંશોધક મિત્ર સ્વ. અગરચંદજી નાહટાએ એની નકલ કરાવીને કેટલાંક વર્ષ પહેલાં મને મોકલી હતી, એ હકીકતનું અહીં કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

[૧]

नंदबत्रीसी–जूनी गुजराती

[1–A] ऐंणाऍं नमः ।

आगमवेदपुराणं । जाणंत ह जे नरा हिय मग्गे ।
तं तं कवंति कवियण तं सारद तुह पसायाउ ॥ १ ॥

॥ दुहा ॥

पहिलुं पणमूं सरसती, भगवति लीलविलास ।
श्रीजिणवर–शंकर नमुं, मागुं बुद्धिप्रकास ॥ २ ॥
आपे अविरल बुद्धि घणी जनमनरंजन हेवि ।
नंदबत्रीसी जे सुणउ चरिय रचिंसुं संखेवि ॥ ३ ॥
वयरागर अहिठाण जे तेह तणा बोल्रेसु ।
नंदबत्रीसी चउपई एह ज नाम उवेसु ॥ ४ ॥

॥ चउपई ॥

पुरपाडविनयर अभिराम, पुहवि पर द्विय जेहनुं नाम ।
वरणावरण वसइ तिहां लोक, जाण सुजाण तणा जिहां थोक ॥ ५ ॥

सजल सरोवर नइ वनखंड, राजा लोक न लेवइ दंड ।
गढ मढ मंदिर पोढिय पोलि, चउरासीय चउहटानी उलि ॥ ६ ॥
तेणि नगरि छइ राजा नंद, पालइ राज करइ आनंद ।
रुडा पुत्र पौत्र परिवार, रुडी घरि अंतेउर नारि ॥ ७ ॥
सुरवीर दानिइं दातार, पीड्या नरवी हर साधार ।
तसु घरि वैरोचन मंत्रीस, प्रजा लोक पूरवइ जगीस ॥ ८ ॥
एक दिन राय रवाडी भणी, करी सजाई कटकी तणी ।
पल्हाणी तेजी तोषार, पाला पायक संख न पार ॥ ९ ॥
चाल्यउ राउ अंतेउर सहित्त, गुडीया मयगल जे मयमत्त ।
करिय रमलि धरणीधर वल्यउ, सजल सरोवर पालिइं चड्यउ ॥ १० ॥
कउतिग तिहां दीठउ तव एक, हयवर षंची रहिउ छेक ।
उगवियां देषइ तिहां वस्त्र, निर्मल नीर कर्यां सपवित्र ॥ ११ ॥
साडी एक अछइ तेह माहि, ऊपरि बइठा भमर विछाहि ।
एक ऊडइ एक पासइं फिरइ, एक बइठा गूंजारव करइ ॥ १२ ॥
ते देषी चिंतइ महाराज, एह अपूरव दीसइ आज ।
बात जाणवा सरषी एह बोलाव्या नर पंडित जेह ॥ १३ ॥
आव्या पंडित कहइं–वृतांत, सामि सुणेज्यो थई एकंत ।
साडी पहिरइ जे माननी, नारी छइ ते सही पदमिनी ॥ १४ ॥
परिमल लुबधा अलिकुल फिरइ, ऊपरि बइसी आणंद करइ ।
पदमिनी नारी कहइ किसी, कहुनइं पंडित हुइ जे जिसी ॥ १५ ॥
जाति च्यारि छइ नारी तणी, एक पदमिनी बीजी हस्तनी ।
चित्रणि चउथी शंषिणी नारि, परि सुणउ स्वामीं ए च्यारि ॥ १६ ॥
उत्तम तेह माहिइं पदमिनी, मध्यम चित्रणि नइ हस्तिनी ।
अधमाधम शंषिणि तां कही, हिवइं कहउं लक्षण ते सही ॥ १७ ॥
पदमनि पुष्फगंध महकंति, परिमल बुहुल सास बहकंति ।
बहकइ एणि परि देह तेहनउ, लक्षण पूरित देह जेहनउ ॥ १८ ॥
मद परि गंध देह हस्तनी, मत गंध चित्रिणि माननी ।
शंषिणि नारी हुइ जेह, षाटउ गंध करइ तसु देह ॥ १९ ॥

सोमागणि नइ अति सुविचारि, परिमल वस्त्र पदमिनी नारि ।
धोतां परिमल किमहइ न जाई, तिणि बइठा भमरा इणि ठाइ ॥ २० ॥
इस्यां वचन पंडितनां सुणी, [1-B] पूछावउ साडी केह तणी ।
तेडाव्यउ छीपउ तव तेह, धोई वस्त्र ऊगवीयां जेह ॥ २१ ॥
कहउ छीपा मुझ मोटउं काज, पूछइ इम श्रीमुखि महाराज ।
आ साडी कुण पहिरइ नारि ते स्त्री छइ केहनइ घरिबारि ॥ २२ ॥
राज तुम्हारइ जेह प्रधान, बैरोचन महितउ अभिधान ।
सामीं ए तस घरणी तणी मुझ, आपीती धोवा भणी ॥ २३ ॥
मिइं ऊगवीय पषाली करी, धोबी तणी वात मनि धरी ।
राजा नगर भणी संचर्यउ, हय गय दल पायक परवर्यउ ॥ २४ ॥
राजा मनि आमणदूमणउ, सुण्यउ संकेत पदमिनि स्त्री तणउ ।
जीवी यौवनसार ज किस्युं, जउ मज नही अंतेउर इस्युं ॥ २५ ॥
के चित्रिणि छइ के शंषिनी, नारी नही एकइ पदमिनी ।
पदमनि संग विना स्युं होइ, जीवतसार किस्युं ते जोइ ॥ २६ ॥
कांई रचउं रचावउं मंत्र, पणि कांई माडउं तेहि ज तंत्र ।
जिम तिम ए विवसीजइ नारि, दैविइं घडिउं रत्न संसारि ॥ २७ ॥
बोळाविउ महितउ एक वार, तुम्ह मनि किसी अछइ पणि सार ।
चंपइ-सीम सीमाडा घणी, कटकी करउ तुम्हे ते भणी ॥ २८ ॥
महितउ चाल्यउ आदेस लही, महितानइ मनि कूड ज नही ।
पल्हाण्या तेजी तोषार, पाळा पायक संख न पार ॥ २९ ॥
घरि आवी घरणीनइ कह्यउं, मइं राजानउ आएस लहिउं ।
राखेज्यो रूडइं घरसूत्र, विहिला वलिसूं ए हम सूत्र ॥ ३० ॥
लोयण जल भरियां तिणि वारि, नीसासउ मूकइ घरि नारि ।
एक वात कहूं सामी घणी, करज्यो सार वेगि घर तणी ॥ ३१ ॥
वैरोचन महिइंतउ चालीउ, तउ राजा मनि अति हरषीउ ।
हिवइं हूउ अम्हारउ लाग, जोइ तिहां जावानउ लाग ॥ ३२ ॥
जोइ थाह न जावा लहइ, कामज्वर अंगिइं अति दहइ ।
दीह बि च्यार विमासी करी, एक दिन नीसरिउ सरवरी ॥ ३३ ॥

कालुं षडग नइ काली राति, कालां वस्त्र उढीआं गात्रि ।
काली मस्तकि बंधी मोलि, जई ऊभउ मंत्री घर पोलि ॥ ३४ ॥

राईं दीठां दीधां घरबार, मउडिइं बोलाविउ पडिहार ।
ऊभा अम्हे ऊघाडि कमाड, राजा घणउं चडावइ पाड ॥ ३५ ॥

पोलि न ऊघाडइ पोलिउ, राजा झांषउ विलषउ थयु ।
रत्नकुंडल राजा जव दिइ, पोलि ऊघाडी कुंडल लिइ ॥ ३६ ॥

आपी कुंडल आवउ जाइ, बोलाव्यउ सूडइ तिणि ठाइ ।
कुण आणी वेलां तूं फिरइ, मध्यरात्रिइ इणि संचरइ ॥ ३७ ॥

चोर नही हूं राजा नंद, रहइ अणबोल्यउ, करि आणंद ।
पाय लागीनइ प्रणमूं सामि, पुत्रह वरि पुहुता कणि कामि ॥ ३८ ॥

सूडा वात कहुं एकंति, पदमनि वेध वलग्यउ चित्ति ।
नयणे नीद्र नही सरवरी, भूख तरस बे गयां वीसरी ॥ ३९ ॥

पडइ वरांस[2–A]उ तुम्ह महाराज, ए नही सही तुम्हारुं काज ।
परनारी केडिइं मइं सुण्या, भला भले सपुरुष ज हण्या ॥ ४० ॥

हणिउ रामे रावण जोइ, हणीउ वली वालि पति सोइ ।
इणि काजइ कौरव खय गया, कीचक कुंभी तलि ते थया ॥ ४१ ॥

सूडा भली तुम्हारी जाति, किम्हइ न कीजइ परनी तांति ।
परनी चिंता मुझनइ किसी, कही राजा नीसरिउ हसी ॥ ४२ ॥

कीर पंडित चार्वाक जनमध्ये तु वल्लभ ।
परचिंता न कर्तव्या परनिंदा पातकं परम् ॥ ४३ ॥

॥ चुपई ॥

तु राजा आघु संचरइ, फेफेकार मांजार तिहां करइ ।
तु सूडइ वार्यउ मांजार, भोली मूढ म करि फेकार ॥ ४४ ॥

एह नही आपणडइ पाडि, वाहर थानकि ऊठी धाडि ।
मंत्रि घरणि संचल सालही, मूकी शय्या अलगी रही ॥ ४५ ॥

माहि राजा आविउ धसमस्यउ, जोई साहमूं मरकलडइ हस्यउ ।
सिय्यांइ जई बइठउ राय, वहू भणी तिणि प्रणम्या पाय ॥ ४६ ॥

पुत्र 'तुम्हारउ नही तां गामि, पुहुताछउ स्वामी कणि कामि ।
तिणि वयणे राजा लाजिउ, तु ऊठीनइ ऊभउ थयु ॥ ४७ ॥
विभ्रम एक पड्यउ तिणि वारि, पहइरि वाणही मुंहता नारि ।
जे हऊंती राजा वाणही, ते विवहारइ तिहांइ जि रही ॥ ४८ ॥
मउडइस्यउं नीसरीउ राय, छइ पोलीउ गयउ तिणि ट्ठाइ ।
आपि न पाछउ कुंडल एह, काज न सीधउं अम्हारउं तेह ॥ ४९ ॥
कथन सुणउ एक साहसधीर, लेई मूक्य ति गौ जलतीर ।
भावइं पीउ म पीउ तेह, दूषण किस्यउं गोपाल ज एह ॥ ५० ॥
हारिउं कुंडल स्वामी तुम्हे, कुंडल किम्हइ न आपूं अम्हे ।
इस्यां वचन मरमनां सूणी, जई सूतउ राजा घर भणी ॥ ५१ ॥

॥ **दूहा** ॥

नसिभरि हूउ ऊजागरउ, सूती पदमनी नारि ।
दैवसंयोगिं दिन थिउ, महितउ आविउ बारि ॥ ५२ ॥
पेषी राजा वाणही, हूउ मंत्रीसर स्यांम ।
वैरोचन मनि चिंतवइ, दीसइ वात विरांम ॥ ५३ ॥
नारी नरवर तुरंगमह जे वीसास करंति ।
कहइ सिंघ नर बापडा भूला तेय भमंति ॥ ५४ ॥
चंचल भमरी पाग जिम, चंचल गयवर कन्न ।
कहइ सिंघ इम चिंतवइ, तिम चंचल स्त्रीमन्न ॥ ५५ ॥
जे सुकलीणी सुंदरी, जेह तणां दृढ मंन्न ।
चूकइ किम कवियण कहइ, नहीतरि राध्युं अन्न ॥ ५६ ॥

॥ **चुपई** ॥

गुपत करी ते तव वाणही, मंत्री बईठउ सेजिइं जई ।
आलस मोडी जागी जाम, नयणे नाह ज दीट्ठउ ताम ॥ ५७ ॥
उट्ठी पाय लागी पदमनी, तउ हियडइ हरषी माननी ।
षेमकुसल पूछइ तिणि वारि, मिलिउ मंत्रीसर निय घरनारि ॥ ५८ ॥
मनि चिंतवइ मंत्रीसर इसिउं, वाणही तणूं जि कारण किस्युं ।
[2–B] धुरि जोउं राजा मुखराग, किमइं करी काढउं ए ताग ॥ ५९ ॥

महितइ बुद्धि खरी तव लही, मिलणइ लेई जाउं वाणही ।
सात सावटू वीटी करी, वाणही ते तव छाबिइं धरी ॥ ६० ॥
सधव नारी तेडी दस पंच, मांडिउ मंत्रीसरइं प्रपंच ।
धरइ छाब माथइ एक नारि, धवल मंगल दिइ पूठिइं नारि ॥ ६१ ॥
पंचशबद वाजित्र सुरंग, आगलि वाजइ मद्दू मृदंग ।
इणि परि करी सजाई घणी, महितउ चलिउ राज्य भणी ॥ ६२ ॥
भेटिउ राजा, करइ प्रणांम, राइं बोलाव्यउ मंत्री तांम ।
हसी राय पूछइ तउ इसिउं, अम्ह आगलि ए मुंकिउं किसिउं ॥ ६३ ॥
अम्ह चाल्यां हूयउं अति घणूं, स्वामी तिणि कारणि भेटणुं ।
ऊघाडी जोई पुरधणी, तव दीठी वाणही आपणी ॥ ६४ ॥
तउ हूउ सामलमुख भूप, महितइ मुझ जाण्यउ सरूप ।
राजा नीचूं जोई रहिउ, महइंतइं मांडिइं बोलाविउ ॥ ६५ ॥
तरस्यउ हस्ती गयउ सरोवर तीर, पीधउं कहु न पीधउ नीर ।
वलतउ राइं ऊतर दीध, मानउ महिता तीर न पीध ॥ ६६ ॥
सुणी वयण मंत्रीसर हस्यउ, तउ महितउ राजामनि वस्यउ ।
तूठउ राजा करइ पसाउ, अरध राज दीधउ तिणि ठाउ ॥ ६७ ॥
तउ महितो मनमाहि गहगहिउ, सभालोक सहूइ हरषिउ ।
तिणि अवसरि आविउ वनपाल, पाडइ बूंब, सुणउ भूपाल ॥ ६८ ॥
करउ वाहर, थाउ असवार, स्वामी, वेगि म लाउ वार ।
सूयर एक आव्यउ प्रचंड, ऊनमूल्यां सधलां वनखंड ॥ ६९ ॥
जेहनी सार करंता घणी, ते रोपां कीधां रेवणी ।
तउ राजा हूउ असवार, महिता सहित चड्यउ परिवार ॥ ७० ॥
वाडी पाषलि वीट ज फिरी, सूयर सामी हाक ज करी ।
करी घूकार सूयर संचरइ, राजा मंत्री वचि नीसरइ ॥ ७१ ॥
राय मंत्रीसर बिल्यइ केडि, खेड्या चंचल न करी जेडि ।
कटक सयल पूठि ते पुलइ, एक एक नइ को नवि मिलइ ॥ ७२ ॥
थाकां कटक पूठि ते रहइ, सूयर भणी ते बि जण वहइ ।
पवनवेगि चंचल ते चड्या, वाट उल्लंघी अटवी पड्या ॥ ७३ ॥

जोइ सूयर चिहुं दिसि फरी, ते सूयर गिउ नासी करी ।
इम करतां आथमिउ सूर, पडी राति नइ थयुं असूर ॥ ७४ ॥

दावानल प्रजलइ अपार, वाघ सिंघ तिहां करइ पोकार ।
भूत प्रेत धूंबड धसमसइ, ते अटवी मांहिं वासउ वसइ ॥ ७५ ॥

पासइं एक दीठउ वटवृक्ष, जई ऊतरीया बे जण दक्ष ।
हयवर तिहां बे बांधी करी, च्यार पुहर लीधी सरवरी ॥ ७६ ॥

ऊग्या सूरजि करण विस्तरइ, नगर भणी ते बि संचरइ ।
विषम वाट उल्लंघी जाम, लागी तरस रायनइं ताम ॥ ७७ ॥

तउ महितउ जल जोवा भणी, चड्यउ वृक्ष एक शाषा तणी ।
सुणीया कलिरव पंखी तणा, तिहां दीठा नीला तरु घणा ॥ ७८ ॥

नीर निरवाण सही इणि ठाम, जोइ महितु ऊतरिउ ताम ।
दिसि मुहाडि चाल्या तव तेह, नीर निवाण अछइ तिहा जेह ॥ ७९ ॥

सूकुं सर नइ दी[3-A]ठा पालि, जई ऊतरीया अंबाडालि ।
सीतल छाहिइं राजा रह्यउ, तउ महितउ जल लेवा गयउ ॥ ८० ॥

देषइ सषर वावि जलभरी, गली नीर नइ छागल भरी ।
पोढा मंडप नइ कोरणी, तिहां प्रसस्ति दीठी तव घणी ॥ ८१ ॥

तउ महितउ वांचइ ते लही, जे पाषाण पाटि छइं सही ।
श्लोक एक दीठउ ते माहि, वांचीनइ चमक्यु मन माहि ॥ ८२ ॥

॥ श्लोक ॥

तुल्यार्थं तुल्यसामर्थ्यं मर्मज्ञं व्यवसायिनम् ।
अर्धराज्यहरं मित्रं यो न हन्यात् स हन्यते ॥ ८३ ॥

॥ चुपई ॥

महितउ मनमांहि चिंतइ इस्युं, राजा जउ वांचेसिइ किस्यउं ।
तु सही तां मझमइ, लेइ कर्दम माज्यां ते तिस्यइं ॥ ८४ ॥

जल लेईनई वलीउ वीर, आवी पायुं राजा नीर ।
ठरीआं लोयण ठरीआं अंग, राजा मनि उपन्नउ रंग ॥ ८५ ॥

जेहनउं जल मीठउं जे इस्यउं, ते थांनक जोईइ, छइ किस्युं ।
नीसरीउ जोवानइ राय, वारू वावि अछइ जिण ठाइ ॥ ८६ ॥

राजा पइठउ वावि मझारि, चउक फेरी फिरी जोइ जिवारि ।
दीठा अक्षर मांज्या जेह, जल छांटी ऊघाड्या तेह ॥ ८७ ॥

वांचीनइ मनि चिंतइ राय, बीजउ कोइ नही इणि ठाइ ।
मइहतइ मांज्या बीहता भणी, दीसइ वात इसी एह तणी ॥ ८८ ॥

राजा वावि जोईनइ वल्यउ, नाव्यउ मनि कांई आमलउ ।
महिता मनि ए चिंता वसी, जोवउं अक्षर परि छइ छइ किसी ॥ ८९ ॥

छागल जल भरी आवुं सामि, तिहां लगिइं रहइज्यो इणि ठामि ।
दीठा अक्षर ऊघाडीया, ए तां सही राइं वांचीया ॥ ९० ॥

मुझ मन वात जाणी जे हुस्यइ, हिवइं राय मुझनइं मारस्यइ ।
ठाकुर कहिंइं नही आपणा, आगइ मइ दीठा छइ घणा ॥ ९१ ॥

जोई सरूप ते आविउ जांम, सूतउ दीठउ राजा तांम ।
तउ महइंतइं लाधी पणि चाल, राजा सरि मेल्हर करवाल ॥ ९२ ॥

॥ दूहा ॥

महितइ राजा मारीउ, कीद्ध असंभम एह ।
पालिइं पोढी षाडि षणि, तिहां लेई साल्यउ तेह ॥ ९३ ॥

जेह पसाइं भोगव्यां, घणां घणेरां सुख ।
ते राजा किम मारीइ, हुई महिता धिग धिग ॥ ९४ ॥

तिहां पासइ वाडी अछइ, माहिइं रोपां सिंचित ।
वनमाली वानर तिसइं, दिषइ तेह वृत्तंत ॥ ९५ ॥

एक नगर अम्ह एह तणुं, उलषि स्यइ जिण कालि ।
मारेस्यइ मनि चिंतवइ, चडीउ चंपा डालि ॥ ९६ ॥

लहकी चंपा डालडी, षडषडीआं तिहां पत्र ।
कहइ कवीयण संचल लही, मनिस्यउं चिंतइ मंत्रि ॥ ९७ ॥

नर अथवा वानर हुज्यो, डालि कंपावी जेह ।
शाषाभेदइं विणसस्यइं चिंती वात ज एह ॥ ९८ ॥

॥ चुपई ॥

वैरोचन तिहांथउ नीकलइ, चडी हयवर एक हाथिइ झलइ ।
इणि परि आव्यउ नगर मझारि, प्रजा लोक पूछइ तिणि वारि ॥ ९९ ॥

कहु महिता, राजा स्युं हुउ, महितइं ते कारणि गोपव्यउ ।
हण्यु सूयर सामी आपणउ, स्युं संबंध कहु तेह तणउ ॥ १०० ॥

पुत्र नही एक रायह तणइ, पाटि बइसारइ लेई तेह [3–B] तणइ ।
प्रजा लोक मनि चिंता वसी, राजसूत्र परि कीजइ किसी ॥ १०१ ॥

नगरलोक तिहां मिलीआ बहु, तिहां तेड्यउं महाजन ते सहु ।
राजउ भोजउ नइ भीमसी, पातउ षेतउ नइ षीमसी ॥ १०२ ॥

सोनउ पूनउ नइ पतिराज, मिलिउ महाजन मोटइ काजि ।
समरउ अमरउ नइ पदमसी, साणउ राणउ नइ राजसी ॥ १०३ ॥

चाचउ चांगउ नइ चउसाल, गणपति गोधउ नइ गुणपाल ।
आंबउ लींबउ नइ महीराज, पांचउ पाल्हउ नइ पहिराज ॥ १०४ ॥

गिरूउ विरूउ नइ वरसिंग, साल्हउ नाल्हउ नइ नरसिंग ।
सूदउ हूदउ नइ धर्मसी, आवउ उपरि विमासउ किसी ॥ १०५ ॥

झांझउ झांईउ नइ धणपाल, नानउ नासण नइ नरपाल ।
हारउ हांसउ आव्या हसी, वीरउ वीदउ नइ वइरसी ॥ १०६ ॥

धरमउ धीरउ नइ देवसी, कान्हउ नानउ नइ तेजसी ।
इणि परि मिलीयु महाजन वली, राजकुली छत्रीसइ मिली ॥ १०७ ॥

सहू मिली कीधउं मंत्रणूं, राजसूत्र कीजइ किहि तणउ ।
राजकुमर विण कुण थापीयइ, तउ वैरोचननइ आपीयइ ॥ १०८ ॥

सबल सूत्र आगइ एह तणउं, किसी विमासण कीजइ घणउं ।
मंत्रीसर मनि सीधउं काज, पाडलीपुरि तिणि ग्रहिउं राज ॥ १०९ ॥

गर्भ अछइ एक राणी तणइ, पूरे दिवसे पुत्र ते जणइ ।
अरिमर्दन दीधउ तसु नाम, वाधइ रूपवंत अभिराम ॥ ११० ॥

भणी गुणी हूउ सुविचार, बार वरसनउ थयु कुमार ।
राजि बइसार्यउ उछव करी, लीधउ भार सघलउ ऊधरी ॥ १११ ॥

पिता तणउ अजूआल्यउ पाट, रूडां आरोप्यां व्या घाट ।
पूछइ एक वार ते वात, किणि परि मूउ पिता मुझ मात ॥ ११२ ॥
राजा मरण कह्यउ वृत्तांत, ते कांई नवि बइठउ चिंत ।
कांई वात अछइ विपरीत, कांई जोउं ते वीतक वीत ॥ ११३ ॥
जाणिस्यइ किम एह सरूप, किणि मार्यउ पिता मुझ भूप ।
जिमजिम एह जाणिस्यइ पार, तउ हि जिमिस्यइ बीजइ वार ॥ ११४ ॥
तउ रातिइं नीसरिउ वीर, लेई खडग नइ साहसधीर ।
फिरइ चिहुंदसि नगर मझारि, वरणावरण तणइ घरि बारि ॥ ११५ ॥
घांची मोची सूइ सूतार, धोबी कणबी नइ लोहार ।
फडीया फोफलीया सोनार, तिहां तिहां फिरइ ते राजकुमार ॥ ११६ ॥
एक वार घरि माली तणइ, मध्यरात्रि भणकारा सुणइ ।
संचल तिहां घणउ सो लह्यउ, छानउ आवी ऊभउ रह्यउ ॥ ११८ ॥

॥ दूहा ॥

बार वरस बाहरि रही, आव्यउ नगर मझारि ।
वनसाली वानर तसिइ, उभउ घरिनइ बारि ॥ ११९ ॥
मृगमद चंदन महिमहइ, [4–A] करियां कुंकम रोल ।
ते माली कवीयण कहइ, घरि देषइ रंगरोल ॥ १२० ॥
दीप झलामल चिहुं पषे, कीधो विविध सिणगार ।
घरि माहि दीठउ इस्यउ, बोलावी निय नारि ॥ १२१ ॥
नयणानंदन गोरडी, चंपकवन्नी देह ।
गामि नथी तुम्ह नाहलउं, किणि कारणि कीधउ एह ॥ १२२ ॥

॥ चउपई ॥

सुणीय साद उलषिउ कंत, ते आवी लोचन विकसंत ।
तउ कामणि ऊघाड्या बार, मिल्यउ नाह, थ्यउ हरष अपार ॥ १२३ ॥
मातपिताना प्रणमीं पाय, जिहां नारी आव्यउ तिणि ठाइ ।
पूछइ कंत, कहउ ए किस्युं, स्वामीं तप ऊजमणुं इस्यउं ॥ १२४ ॥
बार वरस मुझ मेल्ही करी, आव्या आज इणी सर्वरी ।
भलउ सनेह स्वामीं तुम्ह तणउ, मइ वियोग सह्यउ अतिघणउ ॥ १२५ ॥

तुं सांभरती मुझ दिनराति, कांई वांकडी हुंती पणि वात ।
तुं मुझनइ दहइती तिम हियइ, जिम साषा वैरोचन दहइ ॥ १२६ ॥

साखा सी वैरोचन तणी, स्वामीं वात कहउ तेह तणी ।
म म पूछिसि हवडां छइ राति, वेगि सुणाविसु तेह प्रभाति ॥ १२७ ॥

रढि लागी गाढेरी नारि, वात कहइ माली तिणि वारि ।
शाषा सहित सहू वरतंत, तिणि आलोचिउ तिहां एकंत ॥ १२८ ॥

दिन एतला महितानउं राज, हिवइं हुउ अरिमर्दन राज ।
सुणी वात नइ हुं आवीउ, बीहता भणी विदेसिइं गयु ॥ १२९ ॥

ते कुमर ऊभइ सांभल्यउ, महइंता गूझ हतुं तेतलूं ।
पितामरण लह्यउं सरूप, तउ हरषीउ हियइ अतिभूप ॥ १३० ॥

लेई तंबोल नइ भीतिइं दीध, इणि परि घरि अहिनांण ज कीध ।
पाछउ वलीउ साहसधीर, थई निचिंत नइ सूतउ वीर ॥ १३१ ॥

तउ प्रभाति ऊठीउ कुमार, मोकलिया तस तेडणहार ।
पाली ऊठी, ऊभउ घाउ, आज मुझनइ तेडइ श्रीमहाराज ॥ १३२ ॥

तउ ते माली संमुष थाइ, किणि कारणि तेडइ महाराइ ।
कुल षंपण नही तां मुझ किस्युं, त्रिण षाधइ ए पाणीरसउ ॥ १३३ ॥

तव रखवाला तेडी जाइ, जई भूपतिना प्रणम्या पाय ।
सिर कंपी धूज्यउ ते हियइ, राजा धीर सोपारी दीइ ॥ १३४ ॥

रामीं वात कहेज्यो साच, एह अम्हारी जिमणी वाच ।
राति बि पुहउर तणइ माजनइ, किसी वात कीधी ते भणइ ॥ १३५ ॥

तउ वानर मनि चिंतइ इस्यउं, एह अवतरण दीसइ किस्यउं ।
सूधी वात कहउ, नही षता, वैरोचन मार्यउ तुम्ह पिता ॥ १३६ ॥

पोढा सरनी पालि पछइ, तिहां षणीनइ घाल्यउ अछइ ।
जोउ, अहिनाण, पधारउ स्वामि, तउ बे जण पहुता तिणि ठामि ॥ १३७ ॥

षणी पालि नइ जोयु जाम, राजा अस्थि नीसरियां ताम ।
ते वृतांत जोईनइ वल्या, महइंताना पोगर नीकल्या ॥ १३८ ॥

राजसभा बइठउ छइ रा [4–B] मीनइं ते दीध पसाउ ।
बार गाम आप्यां तव एह, मानी गणी विसर्ज्यउ तेह ॥ १३९ ॥

आगइ मुझ महिंता मनि कूड, कांई बुधि करेस्युं मूढ ।
तउ महिंतानूइ मारूं आज, जण मोकल्या तेडवा काजि ॥ १४० ॥

जण बईठा ते जई बारणइ, चालउ महिंता, ते इम भणइ ।
करी सजाई जत्र संचरइ, साहमीं छीक एक तव करइ ॥ १४१ ॥

वली वलग्गइ कांटइ चाल, अनइं आडउ ऊतरइ बिडाल ।
एह असुण हुइ छइं घणउं, कांइअ कारण छइ एह तणउं ॥ १४२ ॥

पाछउ वल्यउ विमासी जांम, चारि पुत्र बोलाव्या तांम ।
सही राजा रूठउ पणि आज, कहुं ते बुद्धि न वणसइ काज ॥ १४३ ॥

राजा आगलि जाउं जेतलइं, काढी षडग हणिज्यो तेतलइ ।
जिम तुम्हनइ वलतुं हुइ मांन, राजा मनि तुम्ह चडस्यइं वांन ॥ १४४ ॥

वलतुं पुत्र कहइ ते तिन्नि, न गमइ वात एह अम्ह कंन्नि ।
तीरथ मातपिता ते सुण्यउ, किम करि हणीइ सिर तेह तणउ ॥ १४५ ॥

चउथउ पुत्र तांम बोलियउ, तात बोल मइं अंगी कर्यउ ।
तउ महिंतउ घरथउ नीसरइ, इणि वातइं घर ऊभउ कहइ ॥ १४६ ॥

राजसभा वैरोचन गयउ, तउ राजा उफराठउ थयु ।
काढी षडग नइ हणीउ ताय, रे रे किस्यउं कर्यउं कहइ राय ॥ १४७ ॥

स्वामि तुम्हारउ जिहां जिहां वयर, तिहां तिहां सही अम्हारउं घइरि ।
सुणी भूप मनमांहिं हरषीउ, भगतवंत मुझ सेही परखीउ ॥ १४८ ॥

गुणवंत ए बालकुयार, वैरोचननउ द्यउ व्यापार ।
राजसूत्र जिम रूडइ रहइ, पाटभक्त तिणइ वचनिइं लहइ ॥ १४९ ॥

ते बंधव च्यारइ तेडिया, मंत्रीसर व्यापार ज दीया ।
अरिमर्दन पालइ इम राज, पोढा पुत्र करइ नितु काज ॥ १५० ॥

सुखसंज्योग सदा जोगवइ, पुण्यपसाइं ते भोगवइ ।
सूरवीर नइ साहसधीर, सत्यवंत वाणी मुखि वीर ॥ १५१ ॥

हियडइ अति ऊमाहउ धरी, नंदरायनउं बोल्यउं चरी ।
सुणउ विनोदकथा चउपई, नंदबत्रीसी एहवी हुइ ॥ १५२ ॥

इति श्रीनंदबत्रीसी संपूर्ण शुभं भूयात् श्रीरस्तु लषितं ऋषि आणंद नवा–नगरमध्ये ॥ संवत् १६७६ वर्षे वैशाख वदि ८ दने कल्याणमस्तु ॥ श्री ॥

[२]

नंदबत्रीसी–मारवाडी

भमर गुजार वास बिस्तरै, अलि कुल मद मत्त गति धरे ।
पदमनि हंसत फुलझडी पड़े रुदन करति मोती झरझरैः ॥ १ ॥

गज गति चलत हंस जीपति, लषण बत्तीस पदमनि सती ।
सील सिरोमणि गुण गाजती, नमणि करु सरसति भारती ॥ २ ॥

सरसति मात कवीसर तणी, गणपति मति दाता बुध धणी ।
मात पिता गुरु चलणे नमी, करउ वषाण तीया पदमणी ॥ ३ ॥

तप जप शील शिरोमणी जाणि, सतवंती गुण प्रकट प्रमाण ।
पुर पाडली नगर अभिराम, वावि सरोवर वन विस्राम ॥ ४ ॥

भूपति नरपति गजपति सेव, थाट पाट दल सबल समेव ॥

॥ दूहा ॥

तपजप शील सराहीइ, सीलइ दान सनान ।
ते नरनारि न गंजीइ, इम मासइ जगी जाण ॥ ५ ॥

हाउ रैवाडी परवरिउ, हय गय पाइक कोडि ।
कमल कमोद निवास रस, भ्मर भमइ कुल कोडि ॥ ६ ॥

मघर ध्वनि गुंजार गण, चंदन अगर सुवास ।
परिमल वास सुवास रस, भमर भमइ वह पास ॥ ७ ॥

तिय परियंट धोवइ लुगडा, जाणि सुवास वास केवडा ।
राजा पूछै परियट कहै, भमर भमर रस वस गह गहै ॥ ८ ॥

परियटोवाच ।

पहिलउ पीमल केवलउ होइ, आगे रस रंगिलउ जोइ ।
धधातइ कानउ दीजंति, नरपति नंनउ नाम कहंति ॥ ९ ॥

ए पहिरइ तेहनी घरिनारि, नंदराइ तेहिइ विचारि ।
सील शिरोमणि ते घरनारि, सुंदरि सुघर सुलक्षणधारि ॥ १० ॥

रजत श्रूयते वाक्यम्, आश्चर्यं दृश्यते मया ।
पद्मिनी वस्त्र वासस्य, वैरोचन गृहे सती ॥ ११ ॥
सिंहल देस पूरवनारि, घरि घरि गज मोती अवधारि ।
शीलशिरोमणि ते पदमनि, निरमल नारि अनोपम भणी ॥ १२ ॥
अहं राज महाराज धौतं वस्त्राण्यनेक धाइ ।
पदमनि वस्त्रवासांसि वैरोचन गृहे सती ॥ १३ ॥
लक्ष लक्ष आये परमाति, दालिद दलन सुजस विख्यात ।
द्रव्य समर्थ सदा स लहीइ, वैरोचन धरणी परषीइ ॥ १४ ॥
नंद राय कामातुर भयो, छल बल चित्ति धमकि निर्नयो ।
आइ सभामाहि उभो रहिउ, वैरोचन हिहकारो गयो ॥ १५ ॥
पान मान आदर करि घणो, सावधान परधान ते सुणो ।
सीम सीमाडाने ग्रासीया, छलबल भेद राइ भासिया ॥ १६ ॥
वरस वरस माने नही आण, ग्रास वास चंपइ अहिठाण ।
तमथी अधिक कोण वलवंत, तम विण कोण कटक मेलंति ॥ १७ ॥
चढिउ वैरोचन परधान, कोस विकोस पहूतउ जान ।
राजा कामातुर आकुलो, घर परधान प्राततो थयो ॥ १८ ॥
पोलि पगार बैठया हरू, चोर चोर करि त्रासे षरू ।
बोले परगट राजा जिहा, आप जणावे सपुरिस तहा ॥ १९ ॥
आगतो द्वार भूपालो द्वारपालो न मुचंति ।
दोनं वदति कामांधो दापितं रत्नकुंडलम् ॥ २० ॥

मार्जारी वाच ।

वैरोचन गतो ग्रामे किमर्थं पुत्रमन्दिरे ।
एवं वदति मांजारी राजा वचनमब्रवीत् ॥ २१ ॥
वासरे चक्षुधा नास्ति निद्रा नास्ति शर्वरी ।
एवं कीर महादुःषं हृदये वसति कामिनी ॥ २२ ॥

शुकोवाच ।

अमृतं विषमुत्पन्नं वाटी भक्षति कर्कटी ।
तत्र देशे न वास्तव्यं रक्षको यत्र भक्षकः ॥ २३ ॥

मार्जारी वाच ।

आगतो नंद राजेंद्र आदरं कुरु पद्मिनी ।
वैरोचन गतो ग्रामे किमर्थं पुत्र मंदिरे ॥ २४ ॥
स्त्रियार्थे च हतो वाली परस्त्री पापपापिनः ।
रामरावणसीताद्या पापी पापेन पच्यते ॥ २५ ॥
पसूजाति ते उपना तमे, ए रस नविजाणो तम विने ।
परनिंदा च निवारो तमे, अमने दोष म देजो तमे ॥ २६ ॥
फिट फिट मंजारी करे, राजा दोष हीया माहि धरे ।
रोस करी नइघाले घाउ, आइ सुंदरि राषण ताहि ॥ २७ ॥
शुक राजा बोलीयउ विचार, वैरोचनि घरि पदमनि नारि ।
धरि आव्ये छइ राजा नंद पुत्र घरि आव्यो राजेन्द्र ॥ २८ ॥
अपूर्वोयं मया दृष्टो, बाटी भक्ष्यन्ति कर्कटी ।
तत्र देशे न वास्तव्यं, रक्षको यत्र भक्षकः ॥ २९ ॥
पदमनि आदर करे बहूत, आसण सेज बिछाइ तुरन्त ।
ए पसुभाषा जाणे राय, मुझनइ कहो शिशु परि राय ॥ ३० ॥
धौतं वस्त्रं मया दृष्टं भ्रमरावलि कुलाकुला ।
वासनात्रासविस्तार, मम विभ्रम विभ्रमः ॥ ३१ ॥
स्त्रीणां च पतिः पूज्य पतिर्देवः पतिर्गुरुः ।
पत्यौ न मन्यते या च सा च दुर्गतिवासनी ॥ ३२ ॥
जे भरतार नमै इकचित्त, ते नरनारी सदा पवित्त ।
पदमनि नारि इहै तम जाणउ, ओर सवे संषनी प्रमाणइ ॥ ३३ ॥
ए सव वचन राय मानीयउ, मनि पछतावउ पाप जाणीयो ।
तु कुलवहू वैरोचन पुत्र, इम कहि राजा उठे तरंत ॥ ३४ ॥

राजाउवाच

तृषाक्रांतो गतो हस्ती सरोवर सरे गतः ।
दृष्टं सिंहपदं तत्र न पीतं वारि शीतलं ॥ ३५ ॥
पोलि आइउ भोरहिराय, पाछो कुंडल मागै ताहि ।
तव राजा बोलइ पडिहार, कुंडल आपि म लाइ सि वार ॥ ३६ ॥

गाइ गोवाल चरावण जाइ, होके आइ सरोवर ठाइ ।
कोई पीवो क न पीवो तिहाउ, उरण ग्वाल स पूरण महाउ ॥ ३७ ॥

अचिरच एक अपूरवह, पाइ त्राण ही विसरी गयो ।
अंतेउरमाहि पहतो राउ, सवि सुदरि मिलि पूजे पाउ ॥ ३८ ॥

भवर पालकै पोढे राउ, कथा चली परधानकइ ठाइ ।
घरि आवे परधान सुजान, देषी पाण ही मन पछतान ॥ ३९ ॥

पूछे दास दीकोला पासि, नंदराय आयो आवासि ।
सूवटा सु पूछै परछत्र, त्रिया चरित तम प्रगटो मर्म ॥ ४० ॥

सूवटा कहै सुणो परधान, मै तमसु प्ररगा सुजाण ।
गयो सरोवरि गज महमत्त, गज सिंह पाउ देषि करि तत्र ॥ ४१ ॥

भोमन महि धरि वन महि गयो, सरवर पालि न उभो रहिउ ।
पाप द्रिसटि छंडी नरनाथ, राजा राजचरित्र विष्यात ॥ ४२ ॥

ए पदमनि गुणकहत न जाइ, सरिसी त्रीया नही इकठाइ ।
राजा राजचरित्र प्रगटीउ, पाप व्याप मन माहि छंडीयो ॥ ४३ ॥

थोडा माहि घणो जाणियो, लषनी लाछि अधिक मानीयौ ।
राउ रैबाडी बैठो आइ, सभा सूर बैठे इकठाइ ॥ ४४ ॥

तेज प्रताप न वर्णन होइ, राजा राजरिधि प्रगटेइ ।
वागवान तब करी पुकार, सूयर भुडणि जोड अगाह ॥ ४५ ॥

सूअर सबल प्रलंब सदंत, वन विध्यंसो सजड षणंत ।
प्रगट प्रगट जाणे जिमदूत, राजा सु वीनव्यउ तुरंत ॥ ४६ ॥

घणोउ षाइ घण करे उजाडो, आव आबिली जड उपाडो ।
प्रगट पाप परगटउ आज, सूवर भंड सूयर को साज ॥ ४७ ॥

फलफुल वादि विधंसी केलि, काचि पाकी गणइ न वेलि ।
लवंग एलची जायफल घणा, वार विरोजी जड उषण्या ॥ ४८ ॥

रज रज करि तुर तारो तार, उपाडीया धान भडमाल ।
न गिणइ धर अंबर अकास, कोइ न हटकइ घुर घुर तास ॥ ४९ ॥

वात करत लागे वडवार, चडेराइ तम तमै तुषार ।
वड परधान वेरोचन वीर, साथ संजोवा चले ज धीर ॥ ५० ॥

वात विसेष न कहणउ जाइ, जब देषिस्यो तबहि पतियाइ ।
सात प्रियाका पाले रुष, देषत तरुमन उंपोवे दष ॥ ५१ ॥
राजा रोस सोस करि घणउ, चढि तुरंगि चमकि ताजणो ।
आगे वैरोचन परधान, पाछे, कटकह ने नीसान ॥ ५२ ॥
घडी ढीकली अरहटमाल, तीर तुबक मेलइ गज डाल ।
भटका हटका प्रगटो सोर, वन बल दल परजले भभोर ॥ ५३ ॥
ठोड ठोड धीग धाईया, षणै षणा विविचि षाईया ।
सूयर रोह उमाडी रहइ, सूर सुभट भड रोपी रहइ ॥ ५४ ॥
उचउ नीचउ दिष्टि दुराइ, जाणि वतूलउ वन विललाइ ।
दाति दात लात सन लात, घर घराट किरि माइ जात ॥ ५५ ॥
भाजइ सांजइ भड भिड डाइ, तरकस तीउ निती राजाइ ।
कुंत सेल सज सजै सरोष, षाडा डाडा गया भरोस ॥ ५६ ॥
किचकिचाइ किलकिली करंति, भुडणि सुंडणि मिरडि मिडंति ।
जिणि जिण माहि नीकलइ दार, तिणि तिणि सीस तोडीइ सार ॥ ५७ ॥
भले भले राजे झूम्भार, षांडे षंड षंडीया दार ।
दल परियण भड भागे जाइ, घर संभारे समरे माइ ॥ ५८ ॥
विचि नीकले राज प्रधान, भवर तेजी कीया परान ।
सूयर सूयर दारइ दार, चाबक मारे चले तुषार ॥ ५९ ॥
दिष्ट अदिष्टा लागी प्यास, पाणी प्राणी मागइ तास ।
विलविलाइ अधिकेरी प्यास, प्यास सहित जाणी जासी सास ॥ ६० ॥
तव प्रधान हाकीया तुरी राजा त्रिषा भइ अतिवुरी ॥

प्रधानोवाच ।

सारसा यत्र कुरलंति यत्र वृक्षा च शाड्वलाः ।
सरो सरोवरो यत्र तत्र नीर नराधिप ॥ ६१ ॥

हाकि तुरी वैरो भूत गयो, वावि अपूरव सजल देषियो ।
राजा तुरी थकी उतरै, वावि सरोवर देषत फिरै ॥ ६२ ॥
मुष पषालि ने पाणि पिउ, अति संतोष दहउ मानीयो ।
होणं हार की कहण न जाइ, गाथा एक लिषी तिणि ठाइ ॥ ६३ ॥

वैरोचन वाचइ ततकाल गाथा कहो किदु जडउसाल ।
जो ए राजा मन जाणसी तो प्राणै प्राणी टालीसइ ॥ ६४ ॥

तुस्यार्थं तुल्य सामर्थ्यं मर्मज्ञं व्यवसायिनम् ।
अर्धराज समो मंत्री यो न हन्यातु स हन्यते ॥ ६५ ॥

तव मंत्री ढाकै ततकाल, राजा होणहार वे हाल ।
सूते राजा सरकी पालि, वैरोचन गाथा संभालि ॥ ६६ ॥

कोइ न देषइ सरवरिपाली, षडग उघाडो दहकर कालि ।
मारि मुंड धड कीधो दूरि, नीदहि नीद हई भरपूरि ॥ ६७ ॥

माली दूर थकी देषीउ, वेरोचन राजा मारींयो ।
मन भय नाठो डालो डाल, वेरोचन कहइ साषासाल ॥ ६८ ॥

साषा प्रकंपिता येन वानरेण नरेण वा ।
अचिरेणैव कालेन शाषाभेदे विनश्यति ॥ ६९ ॥

जिणि कारणि या कंपी डाल, इहथी प्रकटे मेद भोवाल ।
वैरोचन घरि आयो जाणि, पूछै लोक अहो परधान ॥ ७० ॥

राजा वात प्रगासे षरी, राजा राइ कहा कहउ तुरी ।
सूर वीर धर धीर पराण, भंडणि रोपि रही करि प्राण ॥ ७१ ॥

कोइ कणही न जाणे सार, आपहि आप फिरे विचि दार ।
राजा राणो मारो मारि, हमहि वियोग पाडिउ तिहि वार ॥ ७२ ॥

जीवत मुआ न जाणउ सार, वेरोचनका एह विचार ।
राइ कुमर थापउ परधान, वाजा वाजे भेरि निसाण ॥ ७३ ॥

कुमरइ आग्रह कीयउ घणउ, घर घर वात विचारउ सुणो ।
माली आवे वरसा बार, पदमिनी भेटी अंको माल ॥ ७४ ॥

कहो कंतइ कवित की वात, साचउ हो पूछो हौ विषात ।
बार वरस घर रहिया छोडि, घर घर छंडि रह्या किणि ठोउ ॥ ७५ ॥

मालीयोवाच ।

दिवा निरीक्ष्य कर्तव्यं, रात्रौ नैव च नैव च ।
संचरंति महाधूर्ता, वटे वररूचिर्यथा ॥ ७६ ॥

तो तमने हौ अलषावणी, षोटो चित कियो अम भणी ।
अव ए छोरू ए घरबार, हम छंड्या तम करो पसार ॥ ७७ ॥
माली कहै म कहि ए वात, षटकत मोनइ दिवस नइ राति ।
वैरोचन मनि षटके डाल, तो मनही मन साले बाल ॥ ७८ ॥
बालग्रह त्रियाग्रह राय, हठिया हठी ति विफल न थाय ।
मालणि कहै सुंणि हो कंत, प्रगट प्रगासो यो वृतान्त ॥ ७९ ॥
कंत कहे सुन मनि नारि, गढ करि रही न छंडइ रारि ।
राय कुवर चर छाना रह्या, कंत चरित्र प्रगट ति किया ॥ ८० ॥
रायउजीर कटक दल साजि, भेरि निसाण दमामा वाजे
भये वाराहन छंडे ठाउ, गोला गिणे न षाडे धाउ ॥ ८१ ॥
जो जसमाहि सूयर जाइसी, सो लिषीयो आपणो पाइसी ।
राजा आगे निकिस्यो जाइ, राजो रोसि चरित्र तिहि ठाइ ॥ ८२ ॥
भुंडणि भुंडकाल लिहजाइ, तह कोई देव सूत तिणि ठाइ ।
जूया पड्या राय परधान, गज घट तुरी रहे इक थान ॥ ८३ ॥
पाणी विण मुह सुके राउ, पाणी पाणी मोहि पियाउ ।
आगे दीठउ मोटउ वाग, तिहमहि पाणी अमृत लाग ॥ ८४ ॥
राजा तिह पाणी पाईयो, सीतल छाह नीद चापियो ।
गाथा एक रायको काल, लिषी वावडीचि भोवाल ॥ ८५ ॥
मेरे षोले राजा सीस, सूतउनिसि भरि विस्वा वीस ।
काढि षडग मे मारो राउ, साषा कंप हुउ तिणि ठाइ ॥ ८६ ॥
माली नाठो कालो डाल, वेरोचनि मनि साषाकाल ।
मे घर छोड्या छोडी नारि, जो देषे तड करे वेहाल ॥ ८७ ॥
जो आडाल वेरोचन दहे, त्यो मुझ हीइ सालतीं रहइ ।
एतलउ सुण्यो रायको काल, राजा सु वीनव्यो ततकाल ॥ ८८ ॥
ग्रह फाटंत राउ ग्रह कीउ, वैरोचन इह कारे गयो ।
वैरोचन जाण्यो मन माहि, सिरियो ने थूलिभद्र बुलाइ ॥ ८९ ॥
अहो पुत्र जड मारो मोहि, तो तम धरि प्रधानी होइ ।
बेटा कहै न मारा बाप, बाप मारि कुण लवे पाप ॥ ९० ॥

सिरिइ आइ बाप मारियो, हाहाकार चहु जग भयो ।
मुद्रा तमि पहिरउ परधान, भाई बडो बुलावो आनि ॥ ९१ ॥
थूलभद्र आइ देषीयो बाप, माथउ धड जूउ फडडात ।
पहिरउ मुद्रा परधाननी, आलोची आउ शात्र भणी ॥ ९२ ॥
सदगुर सीस चरण सिरिनमी, भविभवि माय बाप नही कर्मी ।
भवि भवि राजा भवि भवि रांक, भवि भवि गजरथनो नही वाक ॥ ९३ ॥
सिर आलोचि कीयो जति वेस, संभूतिविजै गुरनै आदेस ।
राजा छोडि पहिरै जति वेस, आलोची आयो मे केस ॥ ९४ ॥
थूलिभद्रारिषि राइ कहाइ, कोशावेश प्रबोधी जाइ ।
रह्यो चौमासौ गुर आदेस, मनन विकार न मोल क्लेस ॥ ९५ ॥
दुह्कर दुह्कर गुर जव कहिउ, सीहगुफा मुनि मनिइ ठव्यौ ।
दूजो चोमासो आवीयो, धर्मलाभ मुनिवर कहिउ ॥ ९६ ॥
वेसा कहे अर्थ को लाभ, ओर ठाम कहियो धर्मलाभ ।
देषत पदमनि मोह्यो जती, तज्यो घरबार वतावउ सती ॥ ९७ ॥
कुंकण देशै कुंकण राउ, जो षप होइ तउ मुणिवर राउ ।
लक्षट कानउ कंबल आण, तो तम भोग जोग मुष मान ॥ ९८ ॥
गाजवीज वरसे असराल, डोहत कादमपाणी षाल ।
कामव्यथा व्यापी घट माहि, नदी नालउ लंघी जाइ ॥ ९९ ॥
राजा जई पारथीउ जती, उढण काई कंबल नथी ।
सोवन कंबल राजा दिइ, यती आणी कामणिनी दीइ ॥ १०० ॥
कामणि चरण पषालइ नाम, अहो अहो जती वस्य करि काम ।
कामवस्य जउ करिस्यउ जती, तउ तम पाप न लागै रती ॥ १०१ ॥
पग पषालि कंबल नाषीयो, रीछोर लेइ राषीयो ।
अहो जती तम सोवन काय, कादम मलबल मेल न थाइ ॥ १०२ ॥
इति बोधी मुनि राष्यो ठाम, लागे नही तु सो ने साम ।
जे नर नारि सील पालसी, मुगति रमणि वरथाइसी ॥ १०३ ॥

इति नन्दबत्तीसी ॥

Ever seen a stuffed human?



The wild have a
right to their life, too.

Jyoti Marketing and
Projects Limited
VADODARA

everest/82/JY/510

પૂંજાસુત પરમાણંદકૃત ‘હરિરસકથા’

કુમુદબેન પરીખ*

સં. ૧૬૮૯માં હયાત એવો પરમાણંદ નામનો બ્રહ્મક્ષત્રિય કવિ સૌરાષ્ટ્રના દીવબેટમાં થઈ ગયો. તેણે શ્રીમદ્‌–ભાગવતના ‘દશમસ્કંધ’ અને ‘એકાદશસ્કંધ’ને આધારે બાર વર્ગમાં ૧૩૪૩ કડીનું ‘હરિરસ’ નામનું વિસ્તૃત કાવ્ય આપ્યું.

આ કાવ્યનો રચ્યાસંવત ૧૬૮૯ છે. ગુજરાત વિદ્યાસભા હસ્તપ્રત નં. ૪૫૪માં ‘હરિરસકંથા’ સાથે ‘રામરાક્ષ્ય’ અને ‘શ્રીએકાદસીવ્રત’ મળે છે. હસ્તપ્રતનું પરિમાણ ૨૬.૫ × ૧૫.૫ છે. આ પ્રતમાં પત્ર ૨ થી ૧૬૯ છે. પ્રતનાં આરંભ અને અંતનાં પૃષ્ઠો જર્જરિત છે. આરંભનાં થોડાં પૃષ્ઠો કાગળથી ચોંટાડી રાખવામાં આવ્યાં છે. છતાં કેટલેક ઠેકાણે તૂટક રહે છે.

આરંભમાં ૧૫ કડી સુધી ‘બ્રહ્મસુતા,’ સરસ્વતીની વંદના કર્યા પછી કવિ હરિવંદના આરંભે છે:

જનુની સાભલિ વીનતી હુ મુરખ અજ્ઞાન,
અવિરલ વાણી આપજ્યો ગુણ ગાઊં ભગવાંન. ૧૦

કૃષ્ણકથા અંતર ધરી સમરા શ્રીજગદીસ,
કરૂણા તાહારી સરસ્તતી, પ્રાકૃત ગ્રંથ બોલીશ. ૧૪ પૃ. ૩

કારણ પોતે ‘અલપમતી,’ શાસ્ત્રપુરાણ કે શ્રુતિથી અજાણ છે. તેથી જ તે પોતાની સરખામણી ‘દાદુર’ સાથે કરતાં કહે છે:

દાદુરને થૈ કલ્પના, તરવા ઇચ્છચો મેહેરાણ. ૧૨ પૃ. ૩

પોતામાં પિંગલભેદ કે ચાતુરી કાંઈ નથી. બાર વર્ગમાં ‘હરિરસ’ નામની કથાનો વિસ્તાર કરતાં તે દશમસ્કંધની કથાનો મહિમા અને ફલશ્રુતિ જણાવે છે:

દશમસ્કંધ તણી કથાશ્રવણે ધરિ જે કોઈ,
અડસઠ તીરથ કરાતણૂ તે ફલપ્રાપ્તિ હોઈ. ૨૨

કૃષ્ણદેવ શ્રીપૂરણબ્રહ્મ તેહતણા માતા પ્રાક્રમ,
કોટિ જનમનાં પાતિક જાઈ પ્રભુચરિત્ર મોટો મિહિમાય. ૨૪ પૃ. ૩

‘સ્વાધ્યાય’, પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી ’૮૫, પૃ. ૧૭૫–૧૮૬.

* ૨૧, ભગવદ્‌નગર, ગોધરા.

અહીં કાવ્યરચનાના આરંભમાં જ કવિ વિપ્રગુરુના નામનો ઉલ્લેખ કરે છે:

'જે નમયો કેસવ ભટ પાય શ્રી ભાગવત જાણ્યો મહીમાય,
ગુરુ કરૂણાઈ કથા કરી મૂઢ મતિમાંને જથા. ૨૬

કૃષ્ણચરિત્ર સરસ વિસ્તાર બ્રહ્મા રુદ્ર ન પામે પાર,
હું કિમ ગુણ જાણૂ અવિનાશિ પૂજાસુત પરમાનંદદાસ.' ૨૭ પૃ. ૩

કેશવ ભટ્ટ કોઈ પ્રખ્યાત પુરુષ નથી. સંભવ છે કે એ દીવમાંનો કોઈ ભાગવતની કથા કરનારો વિદ્વાન બ્રાહ્મણ હશે, જેની પાસેથી અભ્યાસ કરી, આશિષ માગી, કાવ્યગ્રંથની એણે રચના કરી હોય. પોતાની નમ્રતા દર્શાવતાં અને પુરોગામી કવિઓને આધારે પોતે ગ્રંથ રચી શક્યો છે તે જણાવતાં કવિ કહે છે :

'આગે કવિજન કીધા ગ્રંથ, તે આધારિ ચાલ્યો પંથ.' ૨૮

કિહા છિલર કિહાં પાવંત ગંગ, કાંહાં સાયર કિહા નીર તડા. ૩૩ પૃ. ૩

શુકપરીક્ષિત સંવાદરૂપમાં કથાનો પ્રારંભ કરતાં કવિ શરૂમાં દશાવતારની વાત કરે છે ને એમાંથી કૃષ્ણચરિત્ર શરૂ કરે છે.

આકાશવાણી પછી કંસે :

'બેહેનતણો જૈ ઝાલી વેણિ, કાઢૂ ખડગ મારવા જદા.' પૃ. ૫

ત્યારે વસુદેવ એને સમજાવે છે. એના જવાબમાં કંસ પોતાનો નિર્ધાર અડગ જણાવતાં કહે છે કે જો આભૂષણ પહેરતાં કાન તૂટે તો એવા આભૂષણનો શો અર્થ? બાકી દેવકી તો મારે પ્રાણથી પણ અધિક છે :

'પ્રાણ થકી અધિકી દેવકી લેખવતો અંતર થકી,
પણ જે શબ્દ હવો આકાશ, તેથી હું પામ્યો-ત્રહા. ૭૮

સુ કીજે ત્યંમ આભ્રંણ જે પહયેરિ ત્રુટે નિજ કર્ણિ,
જેથિ માંહરો જાય રાજ્ય, કિમ તિહેને હું મેહિલ્યુ આજ્ય.' ૭૯ પૃ. ૫-૬

અહીં કવિએ કંસને માનવીય વધુ બતાવ્યો છે. ગમે તેટલાં ભાઈબેન પ્રિય હોય પણ અંગત સ્વાર્થ આગળ કે પોતાની જાત આગળ તેમના સ્નેહની શું કિંમત?

કવિનું લક્ષ્ય લોકભોગ્ય પ્રસંગો વધુ વિસ્તારથી આપવા તરફ છે. તેથી કૃષ્ણની નિર્દોષ લીલાઓ ને યાદવોના સંબંધમાં વિસ્તાર કર્યો છે. બેશક, પ્રાયઃ મૂળની કથાને અનુસરવાની સાવચેતી લીધી છે છતાં કયાંક કયાંક પોતા તરફથી પણ ઉમેરી લીધું છે. પ્રથમ વર્ગમાં કૃષ્ણજન્મ પૂર્વે દેવકીને આવતું સ્વપ્ન એ આવો જ એક પ્રસંગ છે :

કરી વીનતી એહ પ્રકારે સુતી શૈ નિશ્વાસ,
નિદ્રા આવી શોહણું દીઠું પામી મંન ઊહલાસ. ૪૩
એ જુકતે શપનાંતર દીઠુ આવ્યા હરીહર બ્રંહ્મ,
કમલાસહિત શંજુકતા દીઠા આભ્રણ શોભીત તંન. ૪૪
સુત ઊછંગ્યે ખેલતો દીઠો સુર્જ કોટિ પ્રકાશ,
મન્યવંછીત વર માગ્યા આપ્યા પરિપૂર્ણ શૈ આસ. ૪૫
એહવું સ્વપ્ન લાધૂ દેવકીને જાગી થયું પ્રભાત,
નાથ પ્રતેં શોહણ શંભલાવ્યું જાદવ થ્યા રલીઆત. ૪૬

મૂળ ભાગવતને આધારે બધા કવિઓએ 'કૃષ્ણે પાષાણ વડે ગોળી ફોડી'–પ્રસંગ વર્ણવ્યો છે. અહીં તો કૃષ્ણ પોતે જ માતાના પ્રેમની પરીક્ષા લેવા તૈયાર થયા છે :

'તજી વલોણૂ લીધો બાલ ધવરાવા બેઠા ગોપાલ,
જોવા પ્રેમિ જનુની એવ ચરીત્ર કરૂ ત્યાંહાં શ્રીજદુદેવ.' ૯૬ પૃ. ૨૧

દૂધ ઉભરાતાં માતા દોડી ને હરિએ પાષાણથી ગોળી ફોડી ને :

'ગોરસ ઘરમાં ચાલ્યુ તથા, પૂર આષાડી આવ્યુ જદા.' ૯૮ પૃ. ૨૧

તો અન્ય ગોપીના ઘરમાં જઈ માખણ ખાય. જસોદાને કૃષ્ણ ન મળતાં શોધ, ચિંતા–થવા લાગી. ત્યાં જ ગોપી રાવ કરવા આવી–જસોદાને ચોર બતાવવા પોતાને ઘેર લઈ ગઈ. બારણાં આડે હાથ દઈ ગોપી ઊભી રહી. ત્યારે કૃષ્ણે નાસી જવા પ્રપંચ કર્યો :

'સાથે મરકટ નાંહાંનાં બાલ, તે શું એમ બોલ્યા ગોવાલ,
હુ જાઉ જાહારિ દડવડી, તહ્મો ય રેશો ઉભા ઘડી.' ૧૧
એહવુ કહી મુખ ભરઉ મહી, દ્વારે સહુકો આવ્યા વહી,
મહી છાંટી ચખે સુંદરી સઙગ કો નાશી ગયા નીસરી. ૧૨ પૃ. ૨૨

અહીં જશોદા નવ લાખ દામણાંથી કૃષ્ણને બાંધે છે પણ 'ખુટો આંગળ બેહ' ત્યારે કૃષ્ણ જાતે બંધાવવા આવે છે. ત્યારે ફરિયાદ કરતી ગોપીઓ જશોદાને કહે કે 'કઠણ તહ્મારુ દીસે હ્રદિ.' આ ભાવપરિસ્થિતિને ઓળખી કવિએ રાગ દેશાખમાં વ્રજભાષામાં પદ આપ્યું છે :

'જશોમતી તુમ હે કઠણ કઠોર, એહી કૃષ્ણ બાંધ્યો ગૌબંધન,
માખણ હેત તુહી કરત હે સોર.' ૧૮
જબ હમ રાવ સુતનકી આવ, ખીજતિ અમ થે લઈ તુમ તોર,
અલકી ઊબેદન લાગત ગોરસકી પીર પરાઈએ શીદ ઓર. ૧૯
નાહીન કરુણા ઊપતતો થ્યો રદંન કરત રણછોએ,
નિરદે રદે ભઈ તુમ જસોદા અજહુ બાલિક નંદકીસોર. ૨૦ પૃ. ૨૨

બાર વર્ગમાં વિભાજિત આ કૃતિના દરેક વર્ગને અંતે 'પૂજાસુત'નું નામ અને 'શ્રીકૃષ્ણાય નમઃ, શ્રીરામાય નમઃ, શ્રીચતુરભુજરાય.' રણછોડજી સત્ય છે, ગોવર્ધનનાથજી સત્ય છે. શ્રીગોપાલજીના પ્રસાદાત અંતી શ્રીહરી–રસકથાનો વગ પાંચમો લખીએ છિ;–આ પ્રમાણે ઉલ્લેખ મળે છે.

પાન ૨૪ પર કડી ૫૮ પછી કવિએ રાગદેશાખમાં બીજું એક પદ આપ્યું છે; જેમાં કૃષ્ણ ચંદ્ર માગે છે, જે ન મળતાં, રડતાં કૃષ્ણના મુખમાં માતાને ચૌદ ભુવન કવિ દર્શાવે છે. કવિ અહીં મૂળથી જુદા ચાતર્યા છે.

'દ્વારે ખેલત નંદજીકો લાલ,
ગૈયા કર ગ્રહી વ્યોમ નિહાલ ન માંગત ચંદુ ગોપાલ.' ૫૯

કેહેત જશોમતી સુતનથે એહશો, એહી સોમ હે ગગન વિસાલ,
ઠારિ હેઠ તુમ મેરે પ્યારે એ રહી માંગિન્ય દીઠૂ તોહી બાલ. ૬૦

ફરી ફરી કૃષ્ણ નિહાલત સશીહરય ભુજ કરી ઊવત દેવદઆલ :

ચૌદ ભુવન દાખે મુખ ભંતર જનુની પે કૃષ્ણકૃપાલ,
પૂજાસુત કહે જશોદા ઉબકી સ્થકીત ભઈ મંનિહી રે વિસાલ. ૬૨ પૃ. ૨૪

આ કવિને તો 'કૃષ્ણચરિત્ર' ગાવું છે. તેમાં મૂળનો આધાર તો છે જ. ઉપરાંત પુરોગામી કવિઓનો પણ આધાર લીધો છે છતાં મૂળથી જુદા પડી કલ્પનાથી કેટલાક નવા પ્રસંગોની ઉદ્ભાવના કરી છે. કદાચ તે સમયે લોકમુખે ચડેલા પ્રસંગો પણ આમાં ગૂંથી લીધા હોય એ સંભવિત છે. ગમે તેમ, પણ કવિએ આમાં ઘણા નવા પ્રસંગો ઉમેર્યા છે, જેમાં મૂળમાંથી ક્વચિત્ કેટલુંક લઈ, એમાં પોતા તરફથી નવું ઉમેરી, પ્રસંગમાં ચમત્કૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો છે. આવા કેટલાક પ્રસંગો જોઈએ.

એક વાર દધિમંથન કરતાં જશોદાએ કૃષ્ણનું સુંદર રૂપ જોયું–મસ્તકે મુક્તાફલથી શોભતી ટોપી, વિવિધ વસ્ત્રો, મરકતમણિનાં કુંડલથી શોભતા કાન, કટિએ કંદોરો, આંજેલી આંખો અને :

'ચર્ણિ કૃષ્ણ તણિ ઘુઘરી, ઘમ ઘમ બોલે શબ્દે કરી.' પૃ. ૨૫

આવું રૂપ જોઈ જશોદા કહે:

'જો આલીગિન મુજને દીધા, તો તુઉ માખણ આપુ તાત,
તદા કૃષ્ણ મનિ થયા રલીઆત. ૭૦

જે માતા રદયામાં લીધા હર્ષજનેતા પુરણ કીધા,
તવ માખણ જસોદા કર લેઈ મેહલુ કૃષ્ણતણિ મુખ સહી.' ૭૧ પૃ. ૨૫

માતાના હૃદયમાં સામાન્ય બાળક માટે પણ વાત્સલ્યની સરવાણી સ્વાભાવિક રીતે વહે જ. અહીં તો આવો સુંદર લાડલો–એની છોળથી માતા ભીંજાય છે તો સાથે આપણે પણ ભીંજાઈએ છીએ.

એક વાર કૃષ્ણ પારણામાં પોઢ્યા છે, માતા હાલરું ગાય છે. છતાં કૃષ્ણ છાનો રહેતો નથી ત્યારે :

'જસોદા કેહે સુણુ એ કાહાનવારે, જો તુહુ હુકારો રે આપિ,
કહુ કાંહાંણી મુઝને બાલહુડારે, જે રડતો રહે બાપ રે.' ૮૧ પૃ. ૨૫

વાર્તા સાંભળવાનું કયા બાળકને ન ગમે ? માનાં વચન સાંભળી કૃષ્ણ રડતા છાના રહ્યા અને હુંકારો આપ્યો અને માતાએ રામાયણની કથા માંડી. રાવણના સીતાહરણના પ્રસંગની વાત કરતાં :

'હાક દૈ હરિ ઊઠ્યા રે, લ્યેઈ લ્યેઈ લક્ષમણબાણ,
જસોદા તવ વિસ્મે થઈ રે કૃષ્ણ તણી એ વાણિ રે,
કાહાનજી ચરીત્ર ન આવે પાર, ભક્તિ તણો આધાર રે કાંહાંનવા.' ૮૫
જેનેતા એમ જાણુઉ રે અવતરઆ શ્રીરામ,
મુખ અવિલોકયુ બાલનુ રે કીધો દંડવત પ્રણાંમ રે....કાહાંનજી. ૮૬ પૃ. ૨૬

ગોકુલમાં આ વાત કોઈ જાણતું નથી.

એક વાર જશોદા કૃષ્ણને લઈ બારણા પાસે બેઠાં. કૃષ્ણ નાનાં બાળકો સાથે રમવા લાગ્યા. ત્યારે જશોદા મોતી પરોવવા બેઠાં. ત્યાં કૃષ્ણ મા પાસે આવ્યા ને માના હાથમાં મુક્તાફલ જોઈ મા પાસે મોતી માગ્યાં :

'આપિ આપિ મુઝને માય રદંન કરે શ્રીત્રભોવંનરાઈ.' ૯૧ પૃ. ૨૬

કવિએ અહીં રાગ રામગ્રીમાં એક પદ આપ્યું છે :

'મુક્તાફલ મુઝ આપિ રે માત, મુક્તાફલ મુઝ આપિ રે માત,
ઈમ બોલે વિસ્વાવ્યાપ રે, માતા મુક્તાફલ મુઝ આપિ.' ૯૨
હુ તો વાવુ ત્રતકા મઝારે એ તો ઉગે વચન તહ્મારે માત. ૯૩
જશોદા કહે એ મોતી ન ઊગે મેહયલ અંબર ગ્રહુ માહારુ,
એ અણજુકતો રાહાદ્યો છાંડો વીઠલ તુ મને વારુ રે માત. ૯૪ પૃ. ૨૬

ત્યારે કૃષ્ણે કહ્યું કે કેમ ના ઊગે ? તમારી દૃષ્ટિ જોતી નથી. ત્યારે જશોદાએ કૃષ્ણને મોતી આપ્યું ને 'વાવુ દેવ મોરારી' દૂધ સીંચ્યું ને ખડખડાટ હસવા લાગ્યા :

'શીચે ય દૂધ હસે અપરંપર, ફલ ફલ્યા બહુ મોતી,
મુક્તાફલ ઉગ્યા દેખીને વિસ્મે પામી જસોદા જોતી રે માત.' ૯૬ પૃ. ૨૬

કૃષ્ણે મોતી ઉતાર્યાં ને માતાને આપ્યાં ત્યારે 'સ્વપ્નાંતર પરિ જાણી રે માત.'

એક વાર નંદ પૂજા કરતા હતા,[1] ત્યાં કૃષ્ણે આવી બધા દેવોને હઠાવી પોતે ત્યાં બેઠા ને કહ્યું કે પહેલાં મારી પૂજા કરો. 'આ ફૂલ મારે શિર મૂકો.' ત્યારે નંદે કૃષ્ણને ત્યાંથી ઉઠાડવા માંડ્યા. તે ન ઉઠતાં જશોદાને બોલાવ્યાં. જશોદાએ કૃષ્ણને ઉઠાડવા માટે તેનો હાથ પકડ્યો ત્યારે :

'તવ ધરણીધર ભારી થયા, જશોદા એમ વાયક કહ્યા. ૨
મે ઉપાડચો નવિ જાય કાહાન એક કુશમ પૂજો ભગવાન.' ૩ પૃ. ૨૦૨

ત્યારે નંદે કૃષ્ણને પૂજ્યા.

એકવાર જશોદા કૃષ્ણને ભોજન કરવા બેસાડે છે. બધું અન્ન પીરસ્યું ત્યારે કૃષ્ણે એ બધું ભેગું કર્યું. માએ ખાવાનું કહ્યું ત્યારે કૃષ્ણે કહ્યું કે તે બધું જુદું કરીને આપ. આવું કૃષ્ણનું વચન સાંભળી તે કહેવા લાગી :

'એ હઠ અણુઘટતો કા માડિ, કુડો રાહાડચો કાહાનડ છાંડ,
અન્ન જુજુવા મે નવિ થાઈ રીસ કરી કહિ જસોદા માઈ.' ૮ પૃ. ૨૭

ત્યારે કૃષ્ણ કહે છે કે જો હું અન્ન જુદું પાડી આપું તો તું મને શું આપીશ? ત્યારે જશોદા એને માખણ આપવાનું વચન આપે છે અને :

'અધક્ષણમાં અન્ન અલગા કીધા, જનેતાઈ સુત હેડે લીધા,
માખણ તવ હરિને આપઉ સુખ અભ્યંતર જનુની થઉ.' ૧૦ પૃ. ૨૭

અહીં લાલચથી કામ કરતા બાલસ્વભાવનું સહજ નિદર્શન મળે છે.

એકવાર નવરાત્રીમાં માતા કૃષ્ણને કહે :

'નવ દિવસ મોટા ભગવતી.'—તેથી સાંજના સમયે બહાર રમવું નહિ. ત્યારે કૃષ્ણે માતાને ચમત્કાર બતાવ્યો :

'આદિસકિત ચોસઠિ જોગણી દેખાડી દ્વારે જદુધણી.' ૧૪ પૃ. ૨૭

---

૧ આવા જ ભાવનું એક પદ સૂરદાસમાં મળે છે, જેમાં કૃષ્ણ નંદ પૂજા કરે છે ત્યારે કૃષ્ણ તેમના ઈષ્ટ દેવતા ઉપાડી જાય છે, જે પછી નંદ શોધે છે :

પૂજા કરત નંદ રહે બૈઠે, ધ્યાન સમાધિ લગાઈ,
ચુપકહિ આનિ કાન્હ મુખ મેલ્યૌ, દેખૌ દેવ બડાઈ.
ખોજત નંદ ચકિત ચહુઁ દિસિ તૈં, અચરજ સો કછુ ભાઈ,
કહાં ગયે મેરે ઈષ્ટ દેવતા, કો લૈ ગયૌ ઉઠાઈ.

સૂરસાગર : પદ : ૮૮૦

ત્યારે મનમાં વિસ્મય પામી ને વિચાર્યું કે આ બાલક સામાન્ય બાલક નથી લાગતો. અહીં ૨૧૭મી કડીમાં 'પૂજાસુત'નો ઉલ્લેખ કરી બીજો વર્ગ સંપૂર્ણ કરી, અંતમાં 'શ્રી ગણેશાય નમઃ, શ્રી સારદાઈના પ્રસાદાત, શ્રી ચતુરભુજરાયજીના પ્રસાદાત, શ્રી વીઠલેસ્વરજી ગુરુભ્યો નમઃ' લખેલું છે. શ્રી વિઠ્ઠલેશ્વર ગુરુનો ઉલ્લેખ કવિના વૈષ્ણવી સંસ્કારો દર્શાવે છે.

એકવાર જશોદા દૂધ દોહવા બેઠાં ને વાસણ ભૂલી ગયાં. તેમણે કૃષ્ણને લાવી આપવાનું કહ્યું અને:

'જનુનીનું વાયક સાંભલી, હસ્ત વધારચો કૃષ્ણે વલી,
તિહા ઉભા શ્રી ત્રભોવંનના ધણ, માતા કર આપી દોહણી.' ૧૬ . પૃ. ૨૮

ત્યારે માતા આશ્ચર્ય પામી કે આ બાળકનું કામ નથી. સાક્ષાત વૈકુંઠરાય છે.

એકવાર કૃષ્ણ ગોવાળો સાથે વનમાં ગાયો ચરાવવા જાય છે ત્યાં દાનવ દાવાનળનું રૂપ લઈને આવે છે:

'આવ્યો જવાલ કરી ચોહોપાશિ, ગોવાળ સર્વે પાંમ્યા ત્રાસ.' ૧૦૪ પૃ. ૪૪

ત્યારે ગોવાળોએ કૃષ્ણને શરણે જઈ, તેમની સ્તુતિ કરી. રાગ કેદારામાં:

'શર્ણિ તાહારે અહ્મો આવયા કૃષ્ણજી,
તમ વિના આજ આહાં કોણ રાખઈ,
વ્રજતણાં માનવી અહ્મો સર્વ તાહારા,
તમ વિનયા નાથકો અવર દાખેઈ.' ૧૦૫ પૃ. ૪૪

અહીં રાગ કેદારો અને ઝૂલણા છંદ—બંને પર નરસિંહની અસર વરતાય છે.

વસ્ત્રહરણલીલામાં કૃષ્ણ જ્યારે જળમાંથી બહાર આવી ગોપીઓને વસ્ત્રો લઈ જવાનું કહે છે ત્યારે ગોપીઓ કહે છે કે લોકાચારને લીધે અમે બહાર આવી શકતાં નથી. બાકી તમારી અમને કોઈ લાજ નથી:

'પગતિ કયમ ચાલી જઈ બાહારિ, કુલલજયા લાગઈ નિરધાર,
લાજ તહ્મારી નહી મોરારિ, અહ્મો રાખવા લોકાચાર.' ૨૫ પૃ. ૪૫

છેલ્લે જ્યારે કૃષ્ણ વસ્ત્ર આપે છે ત્યારે કહે છે કે તમારું કાત્યાયનીવ્રત આજે પૂરું થયું. તેમાં એક દોષ હતો. તે દૂર કરવા માટે જ મેં તમને દંડ દીધો છે:

'એક દોષ પામ્યા તે વિશે, નગન થઈ જલ ઝીલ્યા જેણિ,
તહ્મને ઈ દોષ ઉપનો તેણિ,
તેહ ટાલવા દોષ પ્રચંડ, તે માટે મે દીધો દંડ.' ૩૪ પૃ. ૪૫

ગોવર્ધનધારણના પ્રસંગે, પોતાની પૂજા બંધ થતાં ઈંદ્રે દ્વાદશ મેઘને બોલાવી ગોકુલ પર ત્રાટકવાનું કહ્યું[2] સાત દિવસ પછી મેઘે ઈંદ્રને જઈને કહ્યું કે મારું હવે કાંઈ ન ચાલે. ત્યારે શક્ર ગોકુલ જાય છે, કૃષ્ણને પ્રણામ કરી તેમની સ્તુતિ કરે છે.[3]

એકવાર સર્વ વ્રજવાસીઓ સાથે સ્નાન કરતાં કૃષ્ણે તેમને શેષશાયી સ્વરૂપ, સર્વ વૈકુંઠપુરી, પોતાનું વિરાટ સ્વરૂપ–વગેરે બતાવ્યું.[4]

ભાગવતમાં જે રાધા નથી, તે રાધાને કવિ અહીં રાસલીલામાં લઈ આવ્યા છે. ગોપીઓ સાથે રાસ રમતા કૃષ્ણને જોવા પ્રકૃતિ પણ જાણે થંભી ગઈ :

'હે અબલા એક કૃષ્ણજી એય થયા થોકે થોક,
વ્રજવનિતા સુખ પામયા દેહ તણા ગયા સોક. ૭૦
ઉડુરાજ થઈ રથ ખંચ્યો, સ્થીકત થયા યામસંઙગ તારા, ૨
જલશલીતાનુ અચળ થઉ જોવા દેવ મોરારય.' પૃ ૫૫

અન્ય ગોપીઓને છોડી કૃષ્ણ રાધાને લઈને જાય છે ત્યારે રાધાના મનમાં અહંકાર થાય છે. ત્યારે રાધા કહે છે :

'રાધા કહે નરહરિ સુણો, જાઈ ચાલુ નહિ નીચે,
મુજને કંધ ચઢાવીયિ દૂજજય માહારા પાએ.' ૮૪ પૃ. ૫૫

આ સાંભળી કૃષ્ણ કહે છે કે આ વૃક્ષની ડાળ પકડી લો તો તમને સ્કંધ પર ચઢાવું અને :

'કરુણાવચણ શ્રવણે ધરી રાધા વલગ્યા ડાંલિ,
માન ધરુ જો ભામની અદષ્ટિ થઆ ગોપાલ.'[5] ૮૭ પૃ. ૫૬

રાધા અને અન્ય ગોપીઓ કૃષ્ણને શોધે છે. કૃષ્ણ ન મળતાં :

'મૂરછા પાંમ્યા તારૂણી ઢલઆ ધરણી મુઝાર.' ૧

ત્યારે ત્યાં નારદમુનિ આવે છે. ગોપીઓને ઉઠાડી કૃષ્ણચરિત્ર કરવાનું તેઓ કહે છે, જેથી ભગવાન પ્રગટ થાય :

'ઉઠાડી સહુ કામિની રૂષિવર આપુ જ્ઞાન,
ચરીત્ર કરો તહ્મો ક્રષ્ણના પ્રગટ થસે ભગવાંન.' પૃ. ૫૬

---

૨ પરમાણંદકૃત 'હરિરસકથા'–ગુ. વિ. સભા–હ. પ્ર. ૪૫૪, પૃ. ૫૦.

૩ તુલજારામના દશમસ્કંધમાં આ પ્રસંગ આ જ રીતે પણ વધુ વિસ્તારથી વર્ણવાયો છે.

૪ પરમાણંદકૃત 'હરિરસકથા'–ગુ. વિ. સભા–હ. પ્ર. ૪૫૪, પૃ. ૫૩.

૫ પ્રેમાનંદના દશમસ્કંધમાં પણ ગોપીવિશેષને વૃક્ષની ડાળનો સહારો લેવાનું કહી કૃષ્ણ છળથી વૃક્ષ નીચેથી અંતર્ધાન થઈ જાય છે.

અક્રૂર જ્યારે કૃષ્ણને તેડવા ગોકુલ આવે છે ત્યારે નંદજશોદા ના કહે છે. જોઈએ તો આખું ગોકુલ લૂંટી લો પણ કૃષ્ણને રામને નહિ મોકલીએ :

'અક્રૂરનું એ વાયક સુણી નંદજસોદા કહે તે ભણી,
નહી મોકલું કૃષ્ણ ને રામ એ પાપી કેરે વીશ્રાંમ. ૨૫૦

જો અમ ઊપર કરશે રીસ વ્રજરાખણહારો જગદીસ,
કિં વ્યાં ગોકુલ લુટી લીએ તોહેઈ કૃષ્ણનઈ રાખ્યુ હૈએ.' ૨૫૧ પૃ. ૬૪

કૃષ્ણને લઈ મથુરા આવતા અક્રૂર કંસના કપટને કારણે દુઃખી થતા, કૃષ્ણની ચિંતા કરવા લાગ્યા. અક્રૂરનો આ સંદેહ ટાળવા જ કૃષ્ણએ તેમને યમુનામાં સ્નાન કરવાનું કહ્યું. જળમાં કૃષ્ણનું રૂપ જોઈ તેમણે વિચાર્યું કે આને કંસાદિક શું કરે?–જે નિમેષ માત્રમાં સર્જન કરે.[૬]

મથુરામાં કંસનું ધનુષ્ય કૃષ્ણે ભાંગી નાખ્યું. કંસે તેનો અવાજ સાંભળ્યો. તે રાત્રે કંસને ભયંકર સ્વપ્ન આવ્યું :

'મથુરાપતિ મંન પામ્યો ત્રાહાસ સુતો સુખિ મેહલે નીસ્વાસ,
નિદ્રા નાવઈ અધિ ખણ માત્ર, એહવુ દેખવા લાગો ગાત્ર. ૩૧૦

ઓછાયો પોતાનો જેહ શીશ વ્યહોણો દેખે તેહ,
તે માહઈ છઈ બીહાંમણા નીલા પીલા દીસઈ ઘણા. ૩૧૧

તદનંતર જાણ્યું ભુપાલ મરણ તણી એ દીસે ચાલ,
ચિંતા ધરતો મંન મુઝાર, નિદ્રા પામ્યો રાજા તિહાં. ૩૧૨

સ્વપ્ન એહેવુ લાધુ મહીપતી, ગરદભ વાહન થયો છે અતી,
કાલાવસ્ત્ર કરયો શણગાર, રાતાં પુષ્પતણો ઉરહાર. ૩૧૩

તેલિ ખરડ્યુ સકલ શરીર, દખ્ખિણ દશ્યે ચાલ્યો વહાધીર,
એહવુ સ્વપંન દીઠુ વિક્રાલ, ભયભીત જાગ્યો ભુપાલ.' ૩૧૪ પૃ. ૬૭

આમ કાળાં વસ્ત્રો, રાતાં પુષ્પોનો હાર ધારણ કરેલો, તેલથી ખરડાયેલા દેહવાળો પોતે દક્ષિણ દિશા તરફ જઈ રહ્યો છે. મૂળ ભાગવતમાં ન મળતું આ સ્વપ્ન–એને ભાવિ બનાવની અગમ એંધાણી કહેવી કે મનની ભીતિનું જ એક સાકાર રૂપ કહેવું?

કંસના મૃત્યુ બાદ કૃષ્ણને વસુદેવ–દેવકી–માતાપિતા મળ્યાં. તેથી નંદે વિચાર્યું :

'અહ્મને રિખે વીશારે હરી, હવેઈ કૃષ્ણ નાવઈ વ્રજપૂરી,
ગોપપતી ચ્યંતા મંન ધરે, ગદગદ કંઠે નેત્ર જલ ઝરઈ.' ૧૮ પૃ. ૭૩

---

૬ પરમાણંદકૃત 'હરિરસકથા'–ગુ. વિ. સભા–હ. પ્ર. ૪૫૪, પૃ. ૬૫.

કૃષ્ણે જ્યારે જાણ્યું કે પિતા મનમાં દુઃખી થાય છે, તેથી તરત પિતા પાસે આવી, પ્રેમથી આલિંગન આપી કહ્યું :

'આલીંઘન પ્રેમે દૈ અતી પુનરપિ વચંન કહે જદુપતી,
સત્યવાક્ય જાણો કરુ અહ્નો, માહારાં માતપિતા છો તહ્મો.' ૨૦ પૃ. ૭૩

વસુદેવ–દેવકીથી હું જન્મ્યો, તે પણ મારાં માતપિતા, પણ મારા મનમાં કોઈ અંતર નથી. કંસે વસુદેવને કષ્ટ આપવાથી, તેઓ મને તમારે ત્યાં મૂકી ગયા હતા :

'અહ્નો ઊછરયા તમ ગ્રહિ વષે, બહુ લીલા કીધી અતિ સુખે.' ૨૨

સુતની પરિ ઊછેરચો મુહને, માહારો આતમા છે તમ કહને,
મનમાં દુખ મ ધરશો કહુ તમથા અક્ષિણુ હું નવિ રહ્યુ.' ૨૩ પૃ. ૭૩

આવાં વચનોથી નંદ ગદ્દગદ્દ કંઠ થયા ત્યારે.

'કૃષ્ણ જઈ રદયામાં મલ્યા, અતિ પ્રેમે બેઉ વિલકલ્યા.' પૃ. ૭૩

ત્યારે કૃષ્ણ 'એકવાર ગોકુલ આવીશ'–કહી આશ્વાસન આપે છે.

ગોકુલમાં એકલા નંદને જોઈ :

'જશોદા રદંન કરે તવ ઘણૂ, કહયૂ હિતારથ નંદે સુતતણૂ. ૨૯
જશોમતી ચક્ષિ રહી નહી નીર, ગુણ સંભારઈ શ્રીજદુવીર,
જે દિનથી મથુરાં હરી રહ્યા નંદજશોદા સુખદેહ ગયા.'

આમ અહીં કવિએ નંદ–જશોદાનો પુત્રવિયોગ તથા વાત્સલ્યભાવ ખીલવવાનો પ્રયત્ન કર્યો છે :

કૃષ્ણે પ્રીત કરી ગોપીઓને તજી, એ કપટીના કપટે તેમને ભોળવ્યાં તેથી તેઓ કહે છે :

'જિમ ગુણકા કો પૂરુષ સંઘાતે કરતી હોયે વિભચાર,
દ્રવ્યાદિક આપઈ તિહાં વલ્લભા, પછે ને રાખઈ દ્વાર. ૨૮

તે ગતિ અહ્મનઈ કૃષ્ણે તજ્યા અસુ ઈહાં અંમ દેહ,
આત્મા અહ્મારો ઓધવ હરીનઈ ચરણે તેહ. ૨૯

કલ્પવ્રખ જિહાં મોરો હોએ તેહનઈ તજઈ નહી કોએ,
શાખા પડી 'નઈ પત્રસુ કારણ પછેઈ તજઈ તેશો.' ૩૦ પૃ. ૭૮

મનમાં થાય કે એને સંભારીએ નહી 'પણ મંનથી મેહેલ્યો નવિ જાય' ત્યારે કૃષ્ણ કહે છે કે :

'રખે જાણુતા તહ્મનઈ મે વીસારચા,
અધિક પ્રેમ ઊપજાવા કારણુ અહ્મો આવા મથુરાં રહ્યા.' ૪૮ પૃ. ૭૯

બારમા વર્ગને અંતે કવિએ આ સંસારને પાણીના પરપોટા જેવો કહ્યો, જેમાં આદિ પુરુષને ભજતાં જ સાચું સુખ મળે. જીવમાત્રમાં હરિ રહેલો છે તેથી :

'હરીશુ પ્રીત રાખવી તથા પતંગ પડે દીપક પરિજથા. ૨૨ પૃ. ૧૬૯

આ ૨૨ કડી પછીનાં પાન ૧૭૦ થી આ પ્રત તૂટક છે. છેલ્લું પાન કડી ૧૧૧ થી શરૂ થાય છે. કવિએ અહીં અડસઠ તીર્થો અને પવિત્ર નદીઓના સ્નાનનો મહિમા વર્ણવ્યો છે. પરંતુ આ અડસઠ તીર્થો કરતાં પણ વધુ ફલ કોઈ આપનાર હોય તો તે હરિકથા છે :

'અઠિસઠિ તીર્થ કહ્યો વિસ્તાર તે ક્રાધે ઊતરીયે પાર,
હરીરસકથા સાંભલે કોય સકલ તીર્થ કેરુ ફલ હોય.' ૨૪

કૃષ્ણચરીત્ર સુધારસ જાંણી વેદ કરે જશ એહ વખાણુ,
ભાવકભાંવે શ્રવણે ધરે કુલ ઊધારે પોતેતર. ૨૫

આ ફલશ્રુતિ અધૂરી લાગે છે. કારણ કે વચ્ચેનાં પાન નથી. કવિ છેલ્લે પોતાની નમ્રતા દાખવતાં કહે છે કે મારી બુદ્ધિ અનુસાર મેં ગ્રંથ રચ્યો છે. :

'હું અજ્ઞાની ન લહુ વાત, સકલ સાહસ્ર નવિ જાણૂ ખ્યાત,
બુદ્ધિમાને સમરચા અવિનાશ ભૂલા દેખી મ કરશો હાશિ.' ૧૨૭

છેલ્લું પાન જીર્ણ છે ને અક્ષર પણ તૂટિત છે–અધૂરી પંક્તિ નીચે પ્રમાણે મળે છે :

'બ્રંહ્મક્ષત્રીની જ્ઞાત્ય કુલદેવા આશા પરિમાત,
કાલાગિની પૂરે સહુ આશ દીવનગર કચવતાને વાસ.' ૧૨૮

અંતમાં કવિ વર્ષ, તિથિ વ. આપે છે :

"સંવત સોલનવ એસીએ સાકે પનરચોપને કહીએ,
માગસર માસ અષ્ટમીસાર એહ ગ્રંથ પૂરણ વિસ્તાર. ૧૩૦

જથા જ્ઞાનશ્રી ગુણુશધિ તથા નીપનો એ પ્રતીબંધ,
કરી કથા સમરચા અવિનાશ પૂજાસુત પરીમાનંદદાસ.
ઇતિ શ્રી હરીરસ–કથા વ્રગ દ્વાદશ સંપૂર્ણ,
શ્રી ર સ્તુ કલ્યાણુમસ્તુ શુભં ભવતુ."

આ કૃતિનું ભાષાસ્વરૂપ મધ્યકાલીન ગુજરાતી મિશ્ર ૪થી ભૂમિકાનું છે છતાં બીજી ભૂમિકાના અંશ अ + इ જુદા હોઈ તેવા પણ સચવાઈ રહ્યા છે. શબ્દસમૃદ્ધિ ને ભાષાની

દૃષ્ટિએ આ કવિ જેમ ઉપયોગી છે તેમ બંધની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. 'ફાગની ચાલ' કહી પછી 'શ્લોક' એ મથાળે જૂના 'ફાગુ'ઓમાં આવતો 'આંદોલ' લીધેલ છે એ લક્ષ્યમાં લેવા જેવું છે. આ અપ્રસિદ્ધ કાવ્ય કવિએ વર્ગ પદ્ધતિએ લખ્યું છે. અગાઉ વર્ગબદ્ધ 'અશ્વમેધ' દેવીદાસનો નોંધાયો છે.

કવિત્વની દૃષ્ટિએ બહુ ઊંચી પ્રતિનું કાવ્યત્વ અહીં જોવા નથી મળતું. છતાં ભાલણ–કેશવરામની પરંપરાનાં વ્રજભાષાનાં પદ અહીં મળે છે. તે આ કૃતિની વિશેષતા છે, તો અનેક લોકભોગ્ય પ્રસંગો આ કાવ્યમાં ગૂંથી પોતાની કૃતિને રસિક બનાવવાનો કવિએ પ્રયત્ન કર્યો છે. કેટલાક નવા પ્રસંગો ઉમેરી પોતાની મૌલિકતા પણ દર્શાવી છે. ઉ. ત. રામાયણની વાર્તા કહેવાનો પ્રસંગ, મુક્તાફલ વાવવાનો પ્રસંગ–કંસનું સ્વપ્ન ઈ. (જો કે કેટલાક અપ્રસિદ્ધ દશમસ્કંધોમાં આ પ્રસંગો મળે છે.) એ નિમિત્તે કૃષ્ણની ભક્તિ અને કૃષ્ણચરિત્રના મહિમાનાં જ ગાન કવિએ ગાયાં છે.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધની સ્થિતિ: એક નોંધ

સુભાષ દવે*

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધનાં ફાલ અને ચાલ દૃષ્ટિમાં લઈએ એટલે કહેવું પડે કે બહુધા એ ઊર્મિ અને વિચારનું, ચિંતન–મનનની સર્જનાત્મક પ્રક્રિયામાં ઝબોળાયેલું, સાહિત્ય-સૃષ્ટિનું ભાવજગત–વિચારજગત પ્રગટ કરે છે. આત્મસંભાષણ, ઉદ્‌બોધન અને/કે તાટસ્થ્યની અભિવ્યક્તિ–રીતિઓ એણે સ્વીકારી છે. ક્યારેક વ્યક્તિવિશેષ એનો વિષય હોય છે ત્યારે, એ ચરિત્રાત્મક અભિવ્યક્તિ સ્વીકારે છે તો ક્યારેક કેન્દ્રમાં કશુંક સંવેદન જ ઇષ્ટ હોય તો એ કેવળ કથનવ્યંજનાની શૈલીને ય વરી લે છે. અભિવ્યક્તિની આમ અવનવી રીતિઓને અજમાવતો આ નિબંધ જ્યારે ' હું 'ના પ્રથમ પુરુષ એકવચનના દૃષ્ટિકોણથી કે સર્જકના સર્વજ્ઞના દૃષ્ટિકોણની રીતિએ તર્કમુક્ત કે તર્કયુક્ત કશોક પ્રસંગ કે કશીક પરિસ્થિતિ પસંદ કરી સંવેદન નિર્માણ કરવા મથતો હોય છે ત્યારે એ સર્જનાત્મક નિબંધની એક સાહિત્યકોટિ બને છે, તો જ્યાં એની ચાલ તર્કનિષ્ઠ્યા તથ્યસ્થાપનની રહી છે ત્યાં એ સર્જનેતર ક્ષેત્રનો પ્રકાર બને છે. ભલે, લીલયા કે બુધ્યા તર્કનિષ્ઠયાની રીતિ નિબંધ અપનાવતો હોય, એનું વિશ્વ એવું તો વિસ્તૃત રહ્યું છે કે એ જીવન-સમસ્તને સ્પર્શી વળ્યો છે.

સ્વાતંત્ર્યોત્તર સમયગાળાનો નિબંધ આજે સાડત્રીશની વયનો થયો છે! એ સાડત્રીશ વર્ષનો એનો ઇતિહાસ જોઈએ ત્યારે એની પૂર્વેની અંદાજે સો વર્ષની વયનો ય એણે ઠીક ઠીક વારસાલાભ મેળવ્યો છે, એનો ઉલ્લેખ કર્યા વિના ન જ ચાલે. સ્વાતંત્ર્યપૂર્વે નિબંધે લીલયા અને તર્કનિષ્ઠયા એમ ઉભય ચાલ રાખેલી જ હતી; એ જ દ્વિવિધ મુખ્ય ચાલ આજે ય નિબંધે રાખી છે; એમ છતાં ય એ એકવિધ યાંત્રિક નથી બની રહી, એ એનું સદ્‌ભાગ્ય ગણવું જોઈએ.

પંદરમી ઑગસ્ટ ૧૯૪૭નો દિવસ આપણો સ્વાતંત્ર્યનો દિવસ. અને એ પછી તરતનો ૧૯૪૭નો જ સપ્ટેમ્બર કેવો ઊગ્યો છે? ઉમાશંકર જોષીનું નિરીક્ષણ જોઈએ: "આજે, દેશના ભાગલા થતાંની સાથે, આ દેશ આધ્યાત્મિકતાની જેવી નીચી કક્ષાએ પહોંચ્યો છે તેવો તે ભાગ્યે જ ક્યારેય પણ હશે. જે આધ્યાત્મિકતાની બડાશ મારતાં આ દેશ થાકતો ન હતો તેના રહ્યાસહ્યા અવશેષ પણ, બે સદીની ગુલામી ઉપર કળશરૂપે આવેલા છેલ્લાં વરસોના દુકાળ, કાળાં બજાર, રુશ્વતખોરી અને કોમી દાવાનળે છેક જ નાબૂદ કરી દીધા છે. અને ખૂબી તો એ છે કે 'ધર્મ'ને નામે, આજની આ પાશવી અરાજકતામાં દેશ ધકેલાયો છે".

સ્વાતંત્ર્યપ્રાપ્તિના ઉદયકાળનું આ ચિત્ર એક નિર્ભ્રાન્તિદર્શન છે. આ નિબંધનો તર્કનિષ્ઠ બન્ધ એક લોકહિતચિંતક નિરીક્ષક વ્યકિતત્વને અહીં મૂર્ત કરે છે. નિબંધનું આ રૂપ આમ તો

'**સ્વાધ્યાય**'. પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૮૭–૧૯૦.

* ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨.

વયોવૃદ્ધ છે, પણ એની તરુણચેતના આ સ્થિતિને **ततो ब्रह्म–ननाश ह** એ મહાભારત–ઉક્તિના સંદર્ભમાં આલોકિત કરી અરાજકતાના વિધ્વંસક કરુણ પ્રત્યે પ્રજાને સભાન કરવામાં છે, અને એથી સ્વાતંત્ર્યોત્તર નિબંધનો આ ઉન્મેષ છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિએ આપણને લોકશાસન બક્ષ્યું. પણ એ પછી આજે છત્રીસ વર્ષ વહી ગયાં! સ્વાતંત્ર્યની બત્રીસમી વર્ષગાંઠે 'નિરીક્ષક' સાપ્તાહિકના તંત્રી જયંત પંડ્યા 'ભારત-દર્શન' કરે છે–કરાવે છે: "બત્રીસેક વર્ષથી આપણે જે શાસનપદ્ધતિથી કારોબાર ચલાવીએ છીએ એને મહાજનો લોકશાહી કહે છે. કોઈ વાર પ્રવાસ–યાત્રામાં માણસ માનીને કોઈની સોબત કરીએ અને એ ખેતરનો ચાડિયો નીકળે ત્યારે જે ભોંઠપ અનુભવાય એવી આહત સ્થિતિ આપણી છે. લોકશાહીને નામે ચાલતા કૌભાંડની યંત્રણામાં આપણે પિલાઈ રહ્યા છીએ. નકશામાં જોઈએ તો અહીં વિધાનસંસ્થાઓ, ન્યાયતંત્ર અને કારોબારીતંત્ર જુદાં જુદાં અને સ્વતંત્ર છે. અહીં પક્ષપ્રથા છે અને પુખ્તવયનો મતાધિકાર પણ છે. અહીં સંસદ છે અને સંસદને જવાબદાર એવું મંત્રીમંડળ છે. પરંતુ આ એક માયાલોક છે, જે હાથ અડાડવા જઈએ, ત્યાં અલોપ થઈ જાય છે. અથવા માણસ માનીને સ્પર્શ કરવા જઈએ તો ચાડિયાનો રુક્ષ, નિર્જીવ સંસ્પર્શ અનુભવાય છે".

આ નિબંધ પણ ચિત્ર તો અરાજકતાનું જ રચે છે; પરંતુ એનું વ્યક્તિત્વ કેવળ નિરીક્ષકનું નથી; એક પ્રહરીના આક્રોશની ભાવમુદ્રા એનો વિશેષ છે. સાથે એ ય કહેવું જોઈએ કે એ આક્રોશે જ કદાચ અહીં બત્રીશ વર્ષને ભેગાં લપેટી લીધાં છે ને પાપડી ભેગી ઇયળ બફાઈ જાય, એવી સ્થિતિ સૂચિત દર્શનમાં, તેથી, કોઈ અનુભવે તો ના નહીં!

અરાજકતાનું એક ત્રીજું ચિત્ર પણ લક્ષમાં લઈએ. 'ખાલીસ્તાનીઓ અને પાકીસ્તાનનું સહિયારું ષડયંત્ર ખલાસ!' એ શીર્ષક હેઠળ 'સંદેશ'ની ૧૭મી જૂન ૮૪ની રવિવાર સાપ્તાહિક પૂર્તિના અંકમાં પ્રસિદ્ધ થયેલો શ્રી વાસુદેવ મહેતાનો લેખ ચાલુ વર્તમાન અરાજકતાનું નિદર્શન કરાવે છે. સુવર્ણમંદિરના કેન્દ્રિય સ્થળની આસપાસની એ ઘટનાનો વિભીષક વ્યાપ પૂરી વિશ્લેષણાત્મક રીતિએ આલેખતાં જે વક્તવ્ય રજૂ કરવું છે તે આ: 'પંજાબ બાંગલાદેશની આવૃત્તિ બનતું બચી ગયું.' આ વક્તવ્યને કેવળ ગ્રહણક્ષમ જ નહીં, સ્વીકારક્ષમ બને એ રીતે વીગતોની તર્કપૂત આનુમાનિક અને અભિનિવેશાત્મક અભિવ્યક્તિ નિબંધનું એક લાક્ષણિક રૂપ જન્માવે છે.

સમાજજીવન, રાજકારણ, ધર્મ, કેળવણી વગેરે વિષયક સાંપ્રતજીવનને સ્પર્શતી સમસ્યાઓની ઊહાપોહાત્મક ચર્ચાઓ રૂપે દૈનિકો, સાપ્તાહિકો, માસિકો વગેરેમાં આવતાં લખાણો નિબંધના આવા મોડને પ્રગટ કરે છે તો કેટલીક કલમો (ઉદા. ત. યશવંત શુક્લ સ્વ. પેટલીકર) તટસ્થ વિશ્લેષણ પદ્ધતિને અપનાવી શૈક્ષણિક અભિગમ પણ બતાવે છે.

આ નિબંધ જ્યારે એની 'જનાન્તિકે' રીતિએ પ્રગટે છે ત્યારે એક રમણીય કાવ્યસૃષ્ટિનો સંતર્પક અનુભવ અર્પે છે. નિબંધ સર્જકના ચિત્તના ખગોળમાં ઘૂમતી ઘટનાઓ સ્મરણના દ્રાવણમાં રાસાયણિક પ્રક્રિયા પામીને સચેતન શબ્દધાતુ દ્વારા એવાં તો નવાં નવાં વિસ્મયકર રૂપો

ધારણ કરે છે કે, એ નિમિત્તે કંઈ કેટલાંય શૈશવ તુર્તજ યાદ આવે: 'જનાન્તિકે' કારનું શૈશવ, 'દૂરના એ સૂર' પ્રસારકનું શૈશવ, 'શાહમૃગ અને દેવહુમા'માં શુક્રદેવતા–સરિતા–સરગવો'માં થનગનતું શૈશવ 'શબ્દાતીત' કારનું 'તુલસીની મંજરીઓ'ની સોડમવાળું શૈશવ, 'સાયલન્સ ઝોન'માંથી ઝમતું શૈશવ. પરીકથાના લયમાં ઝુલતું શૈશવ અહીં જરા જોઈ લઈએ: "સમય ત્યારે ઘડિયાળના સેકન્ડ કાંટાના પગલે મપાતો ન હતો. સમયમાં સેલારા મારવાનું ત્યારે રુચતું. એકસરખો વનરાજિનો પર્ણમર્મર કાને પડતો હોય, વર્ષાઋતુમાં એકધારો ટપક ટપક વરસાદ ટપકતો હોય, ત્યારે સમયનાં ચરણચિહ્ન ભૂંસાઈ જતાં. વાર્તા સાંભળવાના લોભમાં ઊંઘને પણ પાછી હડસેલતા હોઈએ, એક વાર્તા પૂરી થાય એટલે 'હવે બીજી' એમ માગણી કરતાં હોઈએ ત્યારે ચતુર ડોશીમા શરૂ કરે—એકવાર રાજકુંવર રાજકુંવરીને કહીને ગયો કે આવતે વર્ષે વરસાદ પડે અને તું દસ ટીપાં ગણે તે પહેલાં તો હું આવી પહોંચીશ. રાજકુંવારી તો આકાશભણી મીટ માંડીને બેઠી. એક દિવસ એક કાળું વાદળું દેખાયું; એક ટીપું એના ગાલ પર પડયું ટપ, એક ટીપું પીપળાના પાંદડા પર પડયું ટપ, એક ટીપું વડના પાંદડા પર પડયું ટપ, આમ ટપ ટપ ટપ ટીપાં પડયે જ જાય; રાજકુ.વારીની આંખમાંથીય આંસુ ટપકેય જ જાય...ટપ ટપ ટપ, ને અમારી આંખોમાં મીઠી નિદ્રા ટપકતી જાય ટપ ટપ ટપ".

આધુનિક જીવનને વળગેલા સમયના ભરડાના સંદર્ભે શૈશવની સમયમુક્ત ચેતનાનું ચિત્ર અવલોકીએ એટલે વર્તમાનનો વિષાદ અને અતીત જીવનના ઝુરાપાનું સંવેદન રમણીય રૂપે અહીં સંવેદાય. કાકાસાહેબ કાલેલકરની 'સ્મરણયાત્રા'ની શૈશવ સ્મૃતિઓની ચાલ અહીં કેવી બદલાઈ ચૂકી છે, એ ઓળખીએ એટલે સ્વાતંત્ર્યોત્તર નિબંધનો કલા–ઉન્મેષ પ્રત્યક્ષ થાય.

જીવનપથ પર સંપર્કમાં આવેલાં પાત્રો, દશ્યો, સ્થાપત્યો, પ્રકૃતિ–સૌએ અર્પેલી અનુભૂતિઓને આ સર્જકનિબંધકારોએ શબ્દાતીત કહી શકાય તેવો શબ્દદેહ આપ્યો છે. પ્રવાસ–પ્રકૃતિ પરત્વેનો કૌતુકરાગ છલકાવતા આવા નિબંધોમાં (ઉદા. ત. 'વિદિશા'ની પ્રવાસસૃષ્ટિમાં) આધુનિક મહાનગરોના પ્રત્યક્ષ–પરોક્ષ સંવેદનો ઝીલાતાં ભેળવાતાં હોય છે ત્યારે નિર્વેદ, હતાશા, એકલતાની વૃત્તિઓને જાણે ઉદ્દીપન મળે છે ને વિષાદની ભાવસૃષ્ટિ નિષ્પન્ન કરે છે. ઉપહાસ, ઉપાલંભ, વિડંબન કે કટાક્ષની પ્રયુક્તિઓથી તરબતર રહેતા આવા સર્જકનિબંધો આધુનિક યુગસંદર્ભ અને માનવથી એવા તો આશ્લિષ્ટ અનુભવાય છે કે આ નિબંધોનો 'હું' 'અમે' સાધારણીકૃત થઈને સહૃદયને સમસંવેદનની રમણીય પ્રતીતિથી સંતર્પે છે. 'નંદ સામવેદી'નો 'અમે' નિબંધનો કેટલોક અંશ અહીં એક ઉદાહરણરૂપે પ્રસ્તુત થશે. "અમે શા માટે અહીં આવ્યા છીએ? જન્મ્યા ત્યારે આઝાદીનો સૂરજ ઊગ્યો નહોતો. આજે આઝાદીનો સૂરજ માથે તપે છે ને છતાંયે જાણે કશો ફેર નથી. ગઈકાલને હવે જીવવાની નથી. અને તેથી એ હવે સુંદર લાગે છે. આજની ખબર પડતી નથી. આમે શું કરી રહ્યાં છીએ? કોણ અમને કહે? ××× અમે કાંઈ ભૂંસાના બનેલા છીએ! અમે છોડાછોંતરાં ઉડાવતાં ફરીએ છીએ! કુશકાના ઢગલામાંથી ચોખાના ચાર કણ મળવાની આશા પણ ખોઈ બેઠા છીએ. જન્મતાં પૂર્વે અમે અહીં જન્મવાની કોઈ ઇચ્છા કરેલી કે નહીં તેની તો ખબર નથી; પણ અમે કોઈક કારણે, કોઈક રીતે અહીં આવી ગયા છીએ! રહી ગયા છીએ! કયાં સુધી રહીશું એની ખબર નથી; અને ત્યાં સુધી આવતી ક્ષણનું થોડું વિસ્મય કદાચ બચેલું રહે. પણ તેથી શું? ×××

ઘડિયાળના કાંટાની ગતિથી અમારી ગતિ ભિન્ન નથી. અમે કંટાળી ગયા છીએ, થાકી ગયા છીએ એ કહેવાનોય અર્થ નથી. ઘડિયાળના કાંટા એમ બોલતા નથી !"

જીવનમાં આંતર–બાહ્ય સ્થિતિનો વિસંવાદ કેવો વિષમ વિષાદ પ્રેરે છે નિર્ભ્રાન્ત ચેતનાને, એની પૂરી ઉત્કટ અને બળકટ ઝંકૃતિ કરાવતી આ અભિવ્યક્તિ ઉપહાસ કરતાંય આત્મ-નિર્ભર્ત્સનાનું વેદન વ્યંજિત કરીને સાંપ્રત જીવનના કારુણ્યને જ નિષ્પન્ન કરે છે.

આસપાસ બનેલી–બનતી કે બની શકે તેવી ઘટનાઓ વિશેની નુકતેચીની કરીને વ્યંગ-કટાક્ષની ધારો, કયારેક ડંખીલી રીતે તો કયારેક નિર્દંશ રીતે પ્રગટાવતા નર્મ–મર્મરીતિના વિનોદ ભટ્ટ, બકુલ ત્રિપાઠી, રતિલાલ બોરિસાગર આદિના હાસ્યનિબંધોનો આ ગાળાનો ફાલ પણ સર્જનાત્મક નિબંધની સમૃદ્ધિની સાક્ષી પૂરે છે. સાહિત્યક્ષેત્રની જીવન્ત વ્યક્તિઓનાં આ રીતિએ આલેખાયેલાં રેખાચિત્રોએ એમાં અનોખી ભાત રચી છે.

નિર્ભ્રાન્તિજન્ય વિષાદને ખાળતું અને શુદ્ધ માનવતાની મ્હેક સમો અધ્યાત્મબોધ આપતું ચિંતન પણ આ ગાળામાં નિબંધ રૂપે ઠીકઠીક પ્રગટ થયું છે. 'ભૂમિપુત્ર' 'નવનીતસમર્પણ', 'અખંડ આનંદ', 'નારેશ્વરનો નાદ', 'હરિવાણી', 'તત્ત્વજ્ઞાન' 'આપ્તવાણી', 'બોધિ' 'જ્યોતિ' આદિ સામયિકોનો આ પ્રકારના નિબંધસાહિત્યને વેગ આપવામાં મહત્ત્વનો ફાળો છે, એ નોંધવું જોઈએ.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધની સ્થિતિ, આમ, એકન્દરે વિકાસોન્મુખ રહી છે, એ સ્પષ્ટ છે.

જયંત ખત્રીકૃત ટૂંકી વાર્તા 'ધાડ'–એક વિશ્લેષણ*

વિજય શાસ્ત્રી**

'ખરા બપોર' વાર્તાસંગ્રહની પ્રથમ રચના 'ધાડ' ખત્રીની પ્રશસ્ય અને છતાં ઠીક ઠીક વિવાદાસ્પદ બનેલી રચના છે. મરુભૂમિનાં સ્થળ, કાળ અને વાતાવરણના વિશેષને આ રચના સાદ્યન્ત ગૂંથતી રહે છે. અમુક એક વિશિષ્ટ વાતાવરણ પરત્વેની અભિજ્ઞતા હોવી એટલા માત્રથી જ જે તે રચના આસ્વાદ્ય બની જતી નથી. એ વાતાવરણ, રચનાનો અનિવાર્ય અંશ બનતું હોવું જોઈએ; એટલું જ નહિ, રચનાનો પર્યાય બનીને કલાકીય પરિમાણ પામતું હોવું જોઈએ. મરુભૂમિનું વાતાવરણ આ રચનાનો અનિવાર્ય અંશ બની શકે છે, કેમ કે ઘટના અને પાત્રોનાં વર્તન–વિચાર જે સ્વરૂપમાં ઊપસે છે એ સ્વરૂપમાં ઉપસાવવામાં આ વાતાવરણ જવાબદાર તત્ત્વ બને છે. અહીં જે જાતનાં પાત્રો છે, જે જાતનો પાત્રોનો મનોપિણ્ડ છે અને તેમાંથી જે ઘટનાઓ આકાર પામે છે તે મરુભૂમિના વાતાવરણવિશેષને આભારી છે. વાતાવરણને જો ગાળી નાખીએ તો પાત્રો અને તેમનાં કાર્યો જેટલાં થયાં છે એટલાં પ્રાણાન્વિત થઈ શક્ત કે કેમ એ પ્રશ્ન છે.

વાર્તાનો પ્રવક્તા છે પ્રાણજીવન. નૅરેટર–કથક–છે. તેનો ઘેલા સાથે ભેટો થાય છે. આ ઘેલાના બાહ્યાભ્યંતર વ્યક્તિત્વને રુદ્ર રૂપમાં ઉપસાવવાનો લેખકનો પ્રયત્ન છે. લેખકે તેનાં કાર્યો તેમ જ વર્ણન વડે તેની રુદ્ર મૂર્તિ ઉપસાવવાનો અભિગમ અપનાવ્યો છે. પ્રાણજીવનની સામે જ્યારે ઘેલો ઉપસ્થિત થાય છે ત્યારે પ્રાણજીવનને 'ડર' લાગે છે. ઘેલો એકાએક જ પ્રાણજીવન સમક્ષ પોતાની જીવનદૃષ્ટિ રજૂ કરી દે છે. તેને પોતાની જીવનદૃષ્ટિ જણાવવી પડે એવું કોઈ નિમિત્ત લેખકે આપ્યું નથી એટલે તેને બે મિત્રો વચ્ચેની સામાન્ય વાતચીતના એક ભાગરૂપે જ જોવી પડે. એને મન 'મુશ્કેલી ઉકેલવાનો એક જ માર્ગ છે, માથાભારે થવું. આપણાથી વધારે તાકાતવાન હોય એનાથી વધારે તાકાત બઢાવવી અને એને નીચો નમાવવો'.[1]

ઘેલાની આ જીવનદૃષ્ટિ ઘેલાને માટે, ઘેલાએ કદી ન ધાર્યું હોય એવી રીતે સાબિત થઈ આવે છે; એમાં આ રચનાની ચમત્કૃતિ વરતાય છે. ઘેલાની આવી જીવનદૃષ્ટિ કૃતક કે બોદી નથી લાગતી પરંતુ ઘેલો જે વાતાવરણમાં શ્વસે છે તે વાતાવરણનું જ એ એક સ્વાભાવિક પરિણામ છે. માત્ર માનવી જ નહિ પણ વનસ્પતિ સુદ્ધાં માથાભારે બનીને જ આ મરુભૂમિના વાતાવરણમાં જીવનનો સંગ્રામ ખેલે છે. ઘેલા વડે અપાતું ચેરિયાના ઝાડનું દૃષ્ટાંત આ સંદર્ભમાં બહુ બળકટ

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૯૧–૧૯૬.

* 'ખરા બપોર' સંગ્રહમાં.

** વિદ્યાભવન નજીક, એમ. ટી. બી. કૉલેજ કેમ્પસ, સૂરત–૩૯૫ ૦૦૧.

૧ ખત્રી જયંત, 'ખરા બપોર', પ્ર. સ્વાતિ પ્રકાશન, મુંબઈ, ૧૯૬૮, આવૃત્તિ ૧, પૃ. ૨.

પ્રતિરૂપ બની રહે એવું છે, કેમ કે એના વડે ઘેલાની જીવનદૃષ્ટિ વિશેના ભાવકના પ્રતિભાવોનું દૃઢીકરણ થાય છે. એ ચેરિયાનું ઝાડ હવામાંથી પોષણ મેળવીને જીવે છે તો વળી એને, એનાથી ય વધુ માથાભારે એવું ઊંટ ખાઈ જાય છે, સૂકવી નાખે છે. આમ, આ મરુભૂમિનો પ્રત્યેક પદાર્થ, પ્રાણી, જીવવા માટે સંઘર્ષ ખેલે છે ત્યારે ઘેલાની જીવનદૃષ્ટિ પણ એવી જ હોય તેમાં પૂરી સ્વાભાવિકતા અનુભવાય છે.

કચ્છના રણની ભૌગોલિક વિગતોનું કામ સમગ્ર રચનામાં ઘેલાની નિર્દયતા અને લાગણી-હીનતાનો પર્યાય રચવાનું છે. ઘેલાની પ્રકૃતિની પરુષતા પણ વાંઝણી ધરતીના જ એક ભાગરૂપ છે એવો ધ્વનિ તેમાં રહેલો જોઈ શકાય. અહીં અનાયાસ જ એક બીજી વાત યાદ આવે તેમ છે કે "તેજ, ગતિ અને ધ્વનિ" નામની વાર્તામાં ખત્રીએ કસ્તૂરના પાત્રને પ્રકૃતિના જ એક અંશરૂપે ઉપસાવવાનો જે મહેનતભર્યો પ્રયાસ કર્યો છે અને છતાં ધાર્યું પરિણામ સાધી નથી શકયા એના કરતાં અહીં ઘેલાના સ્વભાવની પરુષતાને વેરાન, વાંઝણી, ધૂળ, વંટોળિયા અને ઝાંખરાં-મેદાનોની બનેલી પ્રકૃતિનો અંશ બનાવવામાં અનાયાસે જ સિદ્ધિ મેળવી છે. અરે, 'નિષ્ક્રિયતા, શાંતિ અને કાળજાને કોરી ખાય એવી અવાક એકલતા'ની વચ્ચે શ્વસતો ઘેલો પરુષતા અને કઠોરતા–સભર ન હોય—ન હોત–તો જ આશ્ચર્ય થાય એમ છે.

પ્રાણજીવન ઘેલાને ત્યાં જાય છે ત્યાં એનાં ખોરડાં, ઘરઆંગણું અને તેની સ્ત્રીનાં દર્શન થાય છે. તેમની સુઘડતા અને સુંદરતા જોઈને પ્રાણજીવનનું 'સતત વિચારતું મન એક ઘડી અપંગ' બની જાય છે. ઘેલાની પત્નીનું સૌંદર્ય ચિત્રાત્મક રીતે વર્ણવાયું છે પણ એની ઉપસ્થિતિનું રસદૃષ્ટિએ શું પ્રયોજન છે તે વિચારવા યોગ્ય છે. શું ઘેલાની સ્વભાવગત પરુષતાનું એની સાથે કોઈક રીતનું અનુસંધાન છે? યા શું સૌન્દર્ય જેવા તત્ત્વ સાથે પણ ઘેલો કેવો દુર્વ્યવહાર કરનારો છે તેનાં નિદર્શન આપવા માટે જ તેના (ઘેલાની પત્નીના) પાત્રનું હોવું લેખકને જરૂરી લાગ્યું છે? આવા આવા એકાધિક પ્રશ્નો સંભવે. કેટલાક વિવેચકોએ આવા સંભવિત પ્રશ્નો ઊભા કર્યા પણ છે અને તેમનું સમાધાન સુદ્ધાં વિચાર્યું છે. જેમ કે શ્રી. યશવંત શુકલે નોંધ્યું છે તેમ "ઘેલાની સશક્તતાની પડછે પણ નપુંસક્તા રહેલી છે એ વિરોધ ઉપસાવવા સ્ત્રીનું પાત્ર આલેખવું આવશ્યક હોય. કેમ કે એની સ્ત્રીનું 'અકલંક' સૌંદર્ય હતું". 'અકલંક' શબ્દ શ્રી. યશવંત શુકલને ઘેલાની નપુંસકતાનું ઇંગિત કરનારો લાગ્યો હોય એ પૂરું શકય છે. વળી તેઓ નોંધે છે કે "આવી સ્ત્રીની ઘેલાને કશી કિંમત નહોતી, કે પછી આવી સ્ત્રીને પોતે તૃપ્ત કરી શકતો નહોતો એની લાઘવગ્રંથિથી પીડાતો એ એની પ્રત્યે ક્રૂર બનતો હતો?"[૨] પુંસકતાના અભાવને સૂચવતી અન્ય કેટલીક વિગતો પણ શ્રી. યશવંત શુકલ નોંધે છે, જે મુજબ–

"વાર્તાના 'હું'ને એના સુખી જીવનની સપાટીની નીચે કશીક વિકૃતિ દટાઈ હોવાનો વહેમ પડે છે. એની સ્ત્રીને સંતાન નથી અને કદાવર બાંધાના, ચૂંચળી, ખંધી આંખોવાળા,

---

૨ મહેતા (ડૉ.) ધીરેન્દ્ર, 'જયંત ખત્રી', કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૭, આવૃત્તિ ૧, પૃ. ૩૭.

ડરામણા, તાકાતવંત ઘેલાની દાઢી સફેદ છે. બે વાર એની સફેદ દાઢીનો ઉલ્લેખ થયો છે. એની સ્રીનું ઓરડું પણ અલગ છે. અને ધાડ પાડવા નીકળતાં પહેલાં વહાલ કરવા આવેલી પત્નીને 'શું છે પણ? તારી સાથે એની એ જ વાત' કહીને માથાભારે ઘેલો એને ધક્કો મારીને ભોંય પર પટકે છે અને ઉપરથી લાત લગાવવા જાય છે."[3] વળી મોંઘી (ઘેલાની પત્ની)ની આંખમાં જે ભાવો દેખાય છે તે અને પ્રાણજીવન તરફનો એનો કૂણો ભાવ દર્શાવતી ચેષ્ટાઓ પણ ઘેલો–મોંઘી વચ્ચે ક્યાંક કશો વિસંવાદ–વિચ્છેદ હોવાનું સૂચવે છે. એ વિસંવાદનું કારણ ઘેલાની નપુંસકતા જ હોય એમ માની ન શકાય તો સામે પક્ષે નપુંસકતાનું કારણ ન જ હોય એમ પણ ન કહી શકાય. લેખકે વિચ્છેદના કારણનું સ્પષ્ટ ઇંગિત આપ્યું નથી, માત્ર વિચ્છેદ છે એમ દર્શાવવું જ અભિમત છે. બહુ બહુ તો એક વિવેચક[4] કહે છે તેમ 'એક પ્રકારની નિર્દયતા, ક્રૂરતા. આ નઠોરતા–નિષ્ઠુરતાને લેખક તીવ્રતાથી ઉપસાવે છે; સુકુમાર, નાજુક, રમણીય પાત્રોની સહોપસ્થિતિમાં; ઘેલાની પરુષતાને વધુ ધારદાર બનાવવાના હેતુથી મોંઘીની રમણીયતાસભર છબીનું તેની સાથે સંનિધિકરણ થયું હોય એવી કલ્પના રસશાસ્ત્રની દષ્ટિએ વધુ સુસંગત લાગે છે. આસ્વાદનું આ કેન્દ્ર પણ થોડુંક બદલી શકાય તેમ છે. ઘેલો, જે સતત માથાભારે બનીને જીવવાનો મથ્યા કરે છે તેનો સ્વ–સ્રી સાથેનો સંબંધ કેવો તો પંગુ છે તે ઘટના કરુણ કટાક્ષ બની રહે છે.

પછી આવે છે ધાડનો પ્રસંગ. ધાડ માટે નીકળતાં પહેલાં ઘેલા અને પ્રાણજીવન વચ્ચે એક નાનકડો સંવાદ આ પ્રમાણે થાય છે.

"ઘેલાએ મારે ખભે હાથ મૂક્યો અને આંખો થોડીક ખોલી. એની નજરની તીક્ષ્ણ ધાર મને બતાવતાં કહ્યું. 'પણ તું નામર્દ નથી. તારે મારી સાથે આવવું પડશે, કારણ કે મારે તારા સાથની જરૂર છે!"

અહીં '–પણ તું નામર્દ નથી' એ ઉક્તિનો કાકુ ઝીણવટપૂર્વક તપાસતાં સમજાય છે કે હું [ઘેલો] નામર્દ છું પણ તું [પ્રાણજીવન] નામર્દ નથી. ઘેલો અહીં આડકતરી છતાં સ્પષ્ટ રીતે પોતાની નામરદાઈ કબૂલતો હોવાનું કહી શકાય. જોખમ ખેડવાની તેની વાતો પણ ડંફાસ જ પુરવાર થાય એવી છે, કેમ કે તેને પ્રાણજીવનના સાથની જરૂર પડે છે.! ત્યાર પછી ઘેલો 'મીંદડીની ઝડપથી તરાપ મારી પગ નીચે દાબી કચડી'ને ઉંદરને મારી નાખે છે ત્યારે તેમાં તેની ગુપ્ત નામરદાઈનું Re–action પ્રગટ થાય છે. ઓર્તેગા ગૅસેટે કહ્યું છે તેમ–'Our actions are no more than reactions! ઘેલાની સઘળી ક્રિયાઓ આમ પુંસકતાના અભાવ વડે સંચાલિત થતી ક્રિયાઓ બની રહે છે. ઘેલાનું એમાં કર્તા તરીકે કશું ગૌરવ નથી. એ એક નર્યો cipher બની રહે છે. ધાડ પાડવા નીકળતા ઘેલાને એની સ્રી વહાલ અને લાડથી નિમંત્રે છે ત્યારે ઘેલો તેને પણ 'જા, જતી રહે, બેશરમ' કહીને હડધૂત કરી દે છે. ઘેલાની નપુંસકતા

---

૩ એજન; પૃ. ૩૮.

૪ પટેલ, (ડૉ.) ભોળાભાઈ 'અધુના': વોરા ઍન્ડ કંપની, અમદાવાદ, ૧૯૭૩, આવૃત્તિ ૧, પૃ. ૧૧૦

તેની સ્ત્રીને સંતોષી શકી નથી એટલે સ્ત્રી ' આરઝૂ, ધમકી, બિરાદરી અને નફરત 'ના ભાવો આંખમાં આણી પ્રાણજીવન તરફ જુએ છે. એ સ્ત્રીના જીવનને માનસિક વ્યાપારોના રણમાં વેડફાતું અનુભવી શકાય છે. આમ રણ એ ઘેલાની પત્નીના હૃદયનો પર્યાય બની રહે છે.

ધાડનો પ્રસંગ પણ ઝીણી ઝીણી વિગતોથી ખચિત છે. એમાંની કેટલીક વિગતો જો કે, સાંકેતિક મૂલ્ય વિનાની છે. જ્યારે બીજી કેટલીકનું ભાવદષ્ટિએ ઘણું મૂલ્ય છે. જેમ કે ઊંટ પર ઘેલાની પાછળ બેઠેલો પ્રાણજીવન કશું બોલતો નથી ને ચૂપચાપ બેઠો રહે છે ત્યારે ઘેલો ' રાડ પાડીને ' પૂછે છે :

" ' સાંભળે છે ? '

' હા ', મેં કહ્યું.

' તો હું વાત કરું ત્યારે હોંકારો આપતો રે' જે, કે જેથી મને ખબર પડે કે તું પાછળ બેઠો છે ને જાગે છે ' ".

અહીં પ્રાણજીવનનો હોંકારો ખરેખર તો ઘેલાને તે જાગે છે કે નહિ તેની ખાતરી માટે જોઈતો નથી પણ ઘેલો કદાચ એકલતાથી ડરે છે. તે નામર્દ છે અને તેથી જ તેને હિંમત અને હૂંફ માટે પ્રાણજીવનના હોંકારાની જરૂર છે. ત્યાર પછી તેઓ ધાડ પાડવા જઈ રહ્યા છે એવી ખબર પડતાં પ્રાણજીવન ચમકીને કહી દે છે કે ' પણ તું મને ધાડ પાડવાના કામમાં તારો સાથી બનાવવા માગતો હો તો મારે નથી આવવું. " આ સાંભળીને ઘેલો તેને ' બાયલો ' કહે છે. ઘેલાના આ ' બાયલો ' ઉચ્ચારમાં " નિર્ભેળ ઘૃણા અને તિરસ્કાર ભર્યો હતો ". એ ઘૃણા અને તિરસ્કાર પ્રાણજીવન કરતાંય ખુદ પોતાની જાત માટેનાં હોવાની વ્યંજના સ્ફુરે છે. ત્યાર પછી પણ પ્રાણજીવન બીજી વાર ઘેલાને પોતાને ઉતારી મૂકવા વીનવે છે અને ત્યારે પણ ઘેલો તેને ' નામર્દ ' વિશેષણથી નવાજે છે ત્યારે એ ' નામર્દ 'નું વિશેષણ પણ બૂમરેંગની જેમ તેની પોતાની પર જ વીંઝાતું હોય છે.

દાજી શેઠના ઘરમાં પ્રવેશ્યા પછી થતી લૂંટફાટનું વર્ણન, ચમત્કૃતિ વગરનું, રેઢિયાળ છે. પણ દાજી શેઠની જુવાન છોકરીની સંનિધિમાં ઘેલાની થતી મનોદશા સૂચક છે. ઘેલો ક્ષણ વાર માટે એ જુવાન ઓરતના સાંનિધ્યમાં અસ્વસ્થ બને છે. પ્રાણજીવન એ ક્ષણોનું વર્ણન આ રીતે કરે છે: " આ ઉંદર,–આ લોહીના ડાઘ અને ધ્રૂજી રહેલા હોઠોવાળી એની અસ્વસ્થતા. " આમ સ્ત્રીની–અને તેમાં ય જુવાન સ્ત્રીની હાજરી માત્ર ઘેલાને માટે પરાજિતતાની, પક્ષાઘાતની, નપુંસકતાની સભાનતા આણનારી બની રહે છે. પછી એ જુવાન ઓરત પોતાના ચૂડલા, તે સૌભાગ્યનું ચિહ્ન હોઈ, ઉતારી આપવાની ના પાડે છે, જ્યારે ઘેલો તે ઉતરાવી લેવા આગ્રહપૂર્વક મથે છે. અહીં પુન: ઘેલાનું આવું વર્તન સૂચક બની રહે છે. ઘેલો તો પૈસાને ખાતર જ આ ધાડ પાડે છે. ચૂડલા માટે ખુદ છોકરી જ કહે છે તેમ " એની બહુ કિંમત નથી " તો પછી જેની નાણાંકીય દષ્ટિએ ઝાઝી કિંમત નથી, જે મેળવવાથી ઘેલાને ખાસ કશો લાભ થવાનો નથી, જે ગુમાવવાથી ખાસ કશું ગુમાવવાનું નથી તેવા ચૂડલા માટે જાન પર આવી જઈ ઘેલો શા માટે ઝૂઝે છે ? આનો ઉત્તર પણ ઘેલાના લઘુતાગ્રંથિથી પીડાતા માનસમાંથી જ સાંપડી શકે છે.

ચૂડલા એ સૌભાગ્યનું ચિહ્ન છે. શેઠની છોકરીને સૌભાગ્યનું સુખ મળ્યું છે અને એ જ સુખ પોતે પોતાની સ્ત્રીને નથી આપી શક્યો તેનું ખુન્નસભર્યું સ્મરણ ઘેલાને ઉશ્કેરે છે. પોતાની સ્ત્રી પોતાની જે નબળાઈને લીધે જે સૌભાગ્ય માણી નથી શકી તે આ પરકીયાના જીવનમાં સુલભ છે એ કલ્પના જ ઘેલાને માટે અસહ્ય બને છે. અને આ અસહ્યતા–ઈર્ષ્યા–જ તેને પરપીડક–sadist–બનાવે છે. શેઠની જુવાન દીકરી હવે ઘેલાને માટે પડકારરૂપ બની રહે છે. એ એક એવો પડકાર છે જ્યાં ઘેલો પરાજિત થતો રહ્યો છે પણ તે તો 'જોખમ ખેડવા' જ નીકળ્યો છે અને આ સ્ત્રીના હાથમાંથી ચૂડલા કાઢી લેવા એ તો એને માટે અન્યથા અતિ સરલ, ડાબા હાથનું અને રમતમાત્રમાં પૂરું થાય એવું કામ હોવા છતાં એ ચૂડલા કાઢી નથી શકતો કારણ કે શરીરબળનું ત્યાં જેટલું કામ નથી એટલું મનોબળનું છે. સ્ત્રીમાત્રની હાજરી ઘેલાને તેની નપુંસકતાનું ભાન કરાવનારી નીવડે છે અને ઘેલો પરાજિત થઈને પક્ષાઘાતના હુમલાથી ઢળી પડે છે. ઘેલાનો આ પક્ષાઘાત શારીરિક હોવા છતાં નર્યો શારીરિક ગણવો સયુક્તિક નથી. શરીરબળનો એ સંગ્રામ જ નથી. સ્ત્રીની હાજરી એ ઘેલાને માટે તેના મનોબળને ધ્રૂજાવી-મૂકનાર બિના છે અને ઘેલાના મનોબળનો પરાજય તેના શારીરિક પક્ષાઘાત વડે પ્રગટ થાય છે. આમાં ડૉ. સુરેશ દલાલને તાલમેલિયાપણું લાગ્યું છે એટલું જ નહિ, "વાર્તામાં વાસ્તવિક જીવનનો હેવાલ નથી આપવાનો હોતો" એવું કહીને તેમણે આ પ્રસંગની Matter of factness–ને વધુ મહત્ત્વ આપ્યું છે પરંતુ વાર્તાના આરમ્ભથી જ સ્ત્રીમાત્રની હાજરી ઘેલાના આંતરવ્યક્તિત્વને અસ્વસ્થ બનાવી ગૂંગળાવી મૂકનારી અને પરાજિત કરનારી હોવાનું લેખકે આલેખ્યું છે. અહીં શેઠની 'જુવાન' દીકરી છે એટલું જ નહિ પણ તે 'ભરાવદાર', 'ઠસ્સાદાર' અને 'વધારે શોભતી' છે. ઘેલાને માટે તેનું દેહસૌન્દર્ય અને સૌભાગ્યસુખ બંને ભયંકર છંછેડનારા વિભાવો બને છે અને તે તેનાથી છંછેડાઈને હુમલો કરે તો છે પણ તેની પાયાની મનોદૈહિક નબળાઈ ત્યાં જ ઊપસી આવે છે અને ઘેલો એ નબળાઈની પરાકાષ્ઠારૂપે પક્ષાઘાતથી ઢળી પડે છે. આમ, સૂક્ષ્મ રીતે જોતાં ઘેલા પર થતો પક્ષાઘાતનો હુમલો તો તેના, તેની નપુંસકતા સાથેના સતત ચાલતા આવેલા આંતરયુદ્ધની પરાકાષ્ઠારૂપ છે અને જે પંગુતાને ઘેલો પોતાની કૃતક હિંમત અને કરડાકીના અંચળા હેઠળ છુપાવતો–ઢાંકતો આવ્યો છે તે આખરે દાબી રાખેલી સ્પ્રિંગની તાકાતથી ઊછળી આવીને ઘેલાને પછાડે છે; અને પોતાની વિજયપતાકા ફરકાવે છે. અહીં ઘેલા પર થતો તેની નપુંસકતાનો વિજય ઘેલાને 'ટ્રેજિક હીરો' પણ બનાવી શકતો નથી. કેમ કે ઘેલાનું તેની નપુંસકતા સામેનું આ આંતરયુદ્ધ પણ તેની કાયરતાના પુરાવારૂપ છે. ઘેલો નામર્દ હોવા છતાં મર્દ હોવાનો દમ્ભ કર્યે રાખે છે એટલે તેના પાત્ર તરફ વીર નાયકને માટે થાય એવો કશો સમભાવ પણ થતો નથી. નબળાઈ કબૂલ કરવાની તેની આનાકાની અને આખર જતાં ફૂટી જતો તેની કૃતક વીરતાનો ભંડો ઈત્યાદિને પરિણામે તેને માટે અને તેની નિસ્સહાયતાને માટે tragic નહિ પણ pathetic feeling થાય છે. ડૉ. સુરેશ દલાલ પક્ષાઘાતના હુમલાવાળી અત્યંત પ્રતીકાત્મક, સશક્ત પાત્ર અને પરિસ્થિતિની પરાકાષ્ઠા તેમ જ ભાવકટોકટી–Emotional Crisisનો સબળ સંકેત બની રહેતી ઘટનાને પણ [પ્રસંગને પણ] "તાલમેલિયો અને ડિટેક્ટિવ વાર્તાનો રંગ ધરાવતો"[૫]

---

૫ દલાલ (ડૉ.) સુરેશ, 'ડૉ. જયન્ત ખત્રીની કેટલીક વાર્તાઓ', વોરા ઍન્ડ કંપની, અમદાવાદ, ૧૯૭૬, આ. ૧, પ્રસ્તાવના પૃ. ૨૨.

કહે છે એ આશ્ચર્ય અને આઘાતજનક છે. વળી વાર્તા જે વક્રતા–Irony–ઊપસાવે છે તે તો એ છે કે પરિસ્થિતિ પર વર્ચસ્વ જમાવવા મથતો અને ક્યારેક જમાવી પણ શકતો ઘેલો પોતે જ કેવો નિરાધાર અને લાચાર બની રહે છે. ડૉ. ભોળાભાઈ પટેલે નોંધ્યું છે તેમ "આ શું થયું? ઘેલાને પક્ષાઘાતનો હુમલો થયો હતો. ક્ષણમાં આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ. એક ઘડી પહેલાં જે આ પ્રસંગને પોતાના પંજામાં રમાડતો હતો તેને અપંગ–પરિસ્થિતિનો ગુલામ–બની ઝૂલા પર નિ:સહાય ફેંકાઈ ગયેલો જોઈએ છીએ. 'ધાડ' શીર્ષકના સંદર્ભમાં, માથાભારે બની રહેવામાં જીવનનો મંત્ર સમજનાર આ પહેલાંની ઘેલાની ઉક્તિઓના સંદર્ભમાં, મૂંગામંતર બની ગયેલા ઘેલાને જોતાં લેખકે કેવી તો પરિસ્થિતિ સરજી છે તેનો ખ્યાલ આવે છે. પક્ષાઘાતના હુમલા પૂર્વેનો અને પછીનો ઘેલો–એ બંને સ્થિતિનું જે રીતનું આલેખન છે તે ગુજરાતીમાં બહુ વિરલ છે–અને તે એક ઉત્તમ રચનાના સંદર્ભમાં."[૬]

---

૬ પટેલ (ડૉ.) ભોળાભાઈ, 'અધુના', વોરા ઍન્ડ કંપની, અમદાવાદ, ૧૯૭૩, આ. ૧, પૃ. ૧૧૪–૧૧૫.

સૂર્યનું એક ઉત્કૃષ્ટ શિલ્પ, મથુરા

સુંદરલાલ એસ. પારેખ*

આપણા દેશમાં સૌર–સંપ્રદાય વેદકાલ જેટલો સૌથી પ્રાચીન છે; પણ વૈદિક વિભાવના પ્રમાણે ભારતમાં સૂર્યપૂજા પ્રચલિત હતી તેમાં, શ્રીકૃષ્ણના પુત્ર સામ્બે,[1] ઈરાનના શાકદ્વીપમાં વ્યાપક એવી નવા પ્રકારની સૂર્યપૂજા, આપણા દેશમાં આણી અને આ શાકદ્વીપીય સૂર્યપૂજામાં નિષ્ણાત એવા ઈરાનના મગ બ્રાહ્મણોનાં કેટલાંક કુટુંબો, તેણે ઉત્તર ભારતમાં વસાવ્યાં અને આ મગ બ્રાહ્મણોએ, નવા પ્રકારની ઈરાનિયન સૂર્યપૂજાનો પ્રચાર કરી, તેને વધુ પ્રચલિત કરી.

સામ્બના આગમન પહેલાં પણ શક–સીથિયનો, આદિ પશ્ચિમ ભારતની સૂર્યપૂજક પ્રજાઓ ઈ. સ. પૂર્વે પાંચમી સદીથી,[2] ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં આવતી થઈ હતી અને તેમની સાથે તેમનાં ધર્મ, સંસ્કૃતિ, પહેરવેશ, રીતરિવાજ આદિ લઈ આવી હતી. પછીથી તો, કુશાણો, ક્ષત્રપો, ઈન્ડોગ્રીક્સ આદિ પ્રજાઓએ, છેક મથુરા સુધીનો પ્રદેશ પોતાની સત્તા હેઠળ આણ્યો. આને પરિણામે, મથુરા શાકદ્વીપીય સૂર્યપૂજાની વિભાવના પ્રમાણેનાં શિલ્પોનું એક મોટું કેન્દ્ર બન્યું, અને ઈસ્વીસનની પ્રથમ શતાબ્દીના અરસામાં, સામ્બે પ્રબોધેલી ઈરાનિયન સૂર્યપૂજા પ્રમાણેનાં ઘણાં શિલ્પો ત્યાંથી પ્રાપ્ત થવા લાગ્યાં–આમાંના, મથુરા મ્યૂઝિયમમાં સંગ્રહાયેલ એક વિશિષ્ટ શિલ્પનો અહીં પરિચય કરાવવામાં આવ્યો છે.

કુશાણ કલાશૈલીના આ શિલ્પમાં, ભગવાન સૂર્ય, બે ઘોડાથી હંકારાતા રથમાં કુશાણ સમ્રાટની અદાથી ઉભડક પગે બેઠા છે. તેમનાં મુખમુદ્રા અને આંખો પર ગાન્ધાર કલાશૈલીની સ્પષ્ટ અસર વરતાય છે. તેમણે ઈરાનિયન પ્રકારનાં ઝભ્ભો, સુરવાળ, બુટ, જમણા હાથમાં કમળ, ડાબા હાથમાં ખંજર, ગળામાં હાંસડી પ્રકારનો હાર અને કાનમાં ગોળ કર્ણાભરણો ધારણ કરેલાં છે. ગોળ પાઘડીના આકારનું શિરસ્ત્રાણ, નીચેના ભાગે મોતીની માળાના બંધથી અલંકૃત છે. બે ખભા પર પથરાયેલાં મસ્તકના કેશનાં ઝૂલ્ફાં દૃષ્ટિગોચર થાય છે. (ચિત્ર માટે જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપર). ઈરાનિયન સૂર્યપૂજાની વિભાવના વ્યક્ત કરતાં સૂર્યનાં શિલ્પોમાં, આ એક વિશિષ્ટ પ્રકારનું શિલ્પ છે.

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૯૭–૧૯૮.

* યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન જ્યુનિયર રિસર્ચ ફેલો, ડીપાર્ટમેન્ટ ઑફ આર્કયોલૉજી એન્ડ એન્શ્યન્ટ હિસ્ટરી, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨.

૧ પારેખ, સુંદરલાલ એસ., 'સામ્બ : હીઝ ઈમ્પેક્ટ ઑન ધી સન–કલ્ટ ઑફ નોર્ધર્ન ઇંડિયા', એ સંશોધન–નિબંધ, પુનામાં, ડીસેમ્બર ૧૯૮૩માં મળેલી, 'ધી ઈન્ડિયન આર્કયોલૉજિકલ સોસાયટી'ની ૧૫મી વાર્ષિક સભામાં રજૂ કર્યો.

૨ સાંકળિયા, (ડૉ.) એચ. ડી., આર્કયોલૉજી ઑફ ગુજરાત, પૃ. ૨૧૨; પ્રકાશક : નટવરલાલ એન્ડ કંપની, ઈ. સ. ૧૯૪૧.

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

પ્રાચ્યવિદ્યા મંદિર,
મ. સ. વિશ્વવિદ્યાલય,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
સંપાદક.

નિવાપાંજલિ

ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુંદાર

૧૧ નવેમ્બર ૧૯૮૪ના રોજ સાંજના સૂર્યાસ્ત પછી ગુજરાતના એક સન્નિષ્ઠ, સાહિત્યના આજીવન વિદ્યાર્થી, કલાવિવેચક તથા અનેક વિદ્યાર્થીઓના પ્રેરણામૂર્તિ ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુંદારના જીવનનો અસ્ત થયો.

૧૮૯૬માં જન્મેલા ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુંદારનું કાર્યસ્થળ વડોદરા રહ્યું હતું. તેમની સાહિત્યજીવનની પરંપરા તેમના કુટુંબના વિદ્યાસંસ્કારથી દૃઢ થઈ અને ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરાની ભાષાંતરશાખામાં કામ કરતાં કરતાં નવપલ્લવિત થઈ અને વડોદરા કૉલેજના ગુજરાતી વિભાગમાં કામ કરતાં સુવિકસિત થઈ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારબાદ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં કામ કરીને નિવૃત્ત થયા બાદ તેમના અધ્યયનના ફલસ્વરૂપે ઉત્તમ ગ્રંથો તેમના તરફથી મળ્યા.

ડૉ. મંજુલાલ મજમુંદારની સાહિત્યસેવા ગુજરાતી ભાષાના પંદરમી સદી પછીના પ્રેમાનંદ જેવા આખ્યાનકાર, શામળ જેવા કથાકાર આદિના જીવન અને કવનના અધ્યયનમાં મૂલગત જૂની હસ્તપ્રતોની તપાસ કરીને તેની મદદથી સંશોધનક્ષેત્રમાં તેમનું લેખો અને ગ્રંથ-સ્વરૂપે ઉત્તમ પ્રદાન હતું. તેમની આ ક્ષેત્રમાં લેખનપ્રવૃત્તિ વિવિધ વિષયોને આવરી લેતી જોવામાં આવી છે તેમનાં પ્રેમાનંદ અંક, શામળ અંક, રણયજ્ઞ, સુદામાચરિત્ર, આદિ મહત્ત્વનાં પુસ્તકો છે.

પરંતુ સાહિત્યના અભ્યાસની સાથે ડૉ. મંજુલાલ મજમુંદાર હસ્તપ્રતોનાં ચિત્રો તરફ સ્વાભાવિક રીતે આકર્ષાયા અને તેનો વિગતવાર અભ્યાસ શરૂ કર્યો. આ ઘનિષ્ઠ અધ્યયનથી ગુજરાત અને રાજસ્થાન તેમ જ પશ્ચિમ ભારતની હસ્તપ્રતોની ચિત્રશૈલીમાં વૈષ્ણવ, શાક્ત, આદિ સંપ્રદાયોના નાનામોટા ગ્રંથોમાં ચિત્રોનું સર્જન થયું હોવાનું તેમણે સપ્રમાણ પુરવાર કર્યું, એ તેમનું મહત્ત્વનું કામ હતું. આથી આ ચિત્રશૈલી માત્ર જૈન હસ્તપ્રતો પૂરતી મર્યાદિત ન હતી પરંતુ તેનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થતો હતો અને તેથી આ શૈલી ફક્ત જૈનશૈલી નહિ પણ પશ્ચિમ-ભારતીય ચિત્રશૈલી હતી એમ પુરવાર કર્યું એ તેમનું મહત્ત્વનું સંપ્રદાન છે.

મુંબઈ યુનિવર્સિટીના રિસર્ચ સ્કૉલર તરીકે ડૉ. મંજુલાલ મજમુંદારે સારું કામ કર્યું હતું. અને ફલસ્વરૂપે તેમના ચિત્રોના અધ્યયનથી તેમણે પી.એચ.ડીની પદવી મોટી ઉંમરે પ્રાપ્ત કરી. આ ક્ષેત્રમાં ચિત્ર ઉપરાંત મૂર્તિશાસ્ત્ર અને શિલ્પોના અધ્યયનમાં પણ ડૉ. મંજુલાલ મજમુંદારનુ સારું પ્રદાન હતું અને તેમના આ કાર્યના ફલસ્વરૂપે તેમના અંગ્રેજી ભાષાના

'**સ્વાધ્યાય**'. પુ. ૨૨, અંક ૨, **વસંતપંચમી અંક**, જાન્યુઆરી '૮૫, પૃ. ૧૯૯-૨૦૦.

Cultural Heritage of Gujarat તથા Chronology of Gujarat જેવા ગ્રંથો પણ પ્રાપ્ત થયા છે. તથા તે બહુમાન્ય બન્યા છે. તદુપરાંત ગુજરાતી સાહિત્ય ગદ્ય અને પદ્ય સ્વરૂપોના અભ્યાસપૂર્ણ ઇતિહાસો આલેખ્યા છે.

ડૉ. મંજુલાલ મજમુંદારની લેખનપ્રવૃત્તિ ઇતિહાસ, કલા, મૂર્તિશાસ્ત્ર, સાહિત્ય આદિ વિવિધ ક્ષેત્રોમાં પ્રવર્તતી હતી, તેની સાથે તેમની વિદ્યોપાસનાનાં ફલો તેમના વિદ્યાર્થીઓને પણ મળતાં, ખાસ કરીને ઉપલા વર્ગના વિદ્યાર્થીઓને તેમની સંશોધનપદ્ધતિ, તેમના સાહિત્યના ચીવટપૂર્વક કરેલા અધ્યયનને પરિણામે તેઓ જે ચર્ચા કરતા તેનો લાભ મળતો તેથી ગુજરાતી ભાષાના ઘણા અધ્યાપકો અને ભાષાનિયામક સુધી કાર્ય કરનાર લોકો તેમના વિદ્યાર્થીઓમાંથી તૈયાર થયા.

ડૉ. મંજુલાલ મજમુંદાર વડોદરાની સાહિત્ય અને સંસ્કારની વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમણે આદરેલી પ્રવૃત્તિને લીધે વડોદરાની સાહિત્ય સભા, પ્રેમાનંદ સાહિત્ય સભાની આજની ઇમારત તૈયાર થવાનો પ્રારંભ થયો તથા તેમાં ગુજરાતના સાહિત્યકારોના ફોટા મૂકવા, વડોદરાના સાહિત્યકારોને માટેનો ગ્રંથ તૈયાર કરવો ઇત્યાદિ કાર્યો થયાં. જેમ તેમના ગ્રંથો અને લેખો એમની સરસ્વતીઉપાસનાનો ઉત્તમ વારસો છે તેમ આ સંસ્થામાં તેમની પ્રવૃત્તિનાં સુફળ વડોદરાને લાંબો સમય ચાખવાનાં મળશે.

આવા સંનિષ્ઠ વિદ્યોપાસક, ડૉ. મંજુલાલ ર. મજમુંદારના સ્વર્ગવાસથી વડોદરાએ મુખ્યત્વે અને ગુજરાતે એક અગ્રણી સારસ્વત ગુમાવ્યા છે. તેમની ખોટ તેમના અધ્યયનક્ષેત્રમાં લાંબો વખત સાલશે. તેમના આત્માને ઈશ્વર શાંતિ અર્પે.

શ્રેયસ સોસાયટી, રેસકોર્સ સર્કલ (વેસ્ટ),
વડોદરા–૩૯૦ ૦૦૭

ર. ના. મહેતા

* * *

ગ્રન્થાવલોકન

મૃગયા : જયંત પાઠક પ્રકાશક 'કુમકુમ' પ્રકાશન–અમદાવાદ–૧ પ્રથમ આવૃત્તિ, ૧૯૮૩ પૃષ્ઠ સંખ્યા. ૮૦; મૂલ્ય. રૂા. ૧૨=૦૦.

ડૉ. જયંત પાઠકની કવિતામાં એમની સ્મૃતિકથા 'વનાંચલ'ના પ્રકાશનના ગાળામાં જે ભીતરમાં ઊંડું ખોદકામ થયું તે પછી વનવતનકથા રસના પાતાળ કૂવામાં પરિણમ્યું છે; એનું શારકામ હજી ચાલુ જ છે ને કૂવો ઉભરાયા કર્યો છે; એને પરિણામે એમની પાસેથી આપણી કવિતાને 'સર્ગ', 'અંતરીક્ષ', 'અનુનય' અને હવે આ 'મૃગયા' કાવ્યસંગ્રહ મળે છે; 'મરણ' શબ્દનો ઉત્તમ પ્રાસ 'સ્મરણ' છે એવું કંઈક કાકાસાહેબે ક્યાંક કહ્યું છે. જયંતે પોતાના વતનઘરનું મરણ જોયું છે; અને પછી જે સ્મરણો ઉભરાયાં છે ! કહો કે એમની કવિતાને આ વતનઘર ગુમાવ્યાથી તો લાભ જ થયો છે; કહો કે એમની કવિતાએ કશુંક નિજીપણું પ્રાપ્ત કર્યું છે, પોતાનું 'ઘર' મળ્યું છે. એ ખોવાયેલા ઘર–વતનનાં નોસ્ટાલ્જિક રીતિનાં સ્મરણો કહો કે આ ચારે કાવ્યસંગ્રહોનું કલાદ્રવ્ય છે. 'સર્ગ' કરતાં 'અંતરીક્ષ'માં અને 'અનુનય' કરતાં હવે 'મૃગયા'માં કવિનો કલાવિકાસ નોંધપાત્ર રહ્યો છે; એક રીતે કહીએ તો જયંતની કવિતા હવે જ 'સર્ગ' નામને યોગ્ય થતી આવે છે અને આ ચારેય સંગ્રહમાં કશીક 'મૃગયા' પ્રવૃત્તિ તો છે જ જે હવે આ છેલ્લા સંગ્રહમાં શીર્ષક સુધી તે મુખરિત પ્રગટ બની આવી છે; અને એમ જયંતની આ જાતની કવિતાની 'મૃગયા'માં ટોચ નીકળી આવી છે એમ કહી શકાય; તે કેવી રીતે તે હવે જોઈએ.

'મૃગયા'માં કુલ ૭૨ જેટલી કૃતિઓ સંગ્રહીત થઈ છે, ૮૦ જેટલાં પૃષ્ઠોમાં; વિષયો જયંત સામાન્યતયા ખેડતા રહ્યા છે તે જ છે.

જે મુખ્યત્વે ઋતુઓ (તેમાં ય મુખ્યત્વે ઉનાળો ને ચોમાસુ) ઝાડ, પહાડો, નદી–ઝરણાં, દરિયો, પ્રાણીઓ, માનવપ્રીતિ, નગરજીવનની વાસ્તવિકતા; નગરમાં આવી પડેલા 'પોતે'ની વાસ્તવિકતા ને કરુણતા, કવિતા વિશે કાવ્યો, શિશુવાત્સલ્ય, પોતાની વૃદ્ધાવસ્થા, પ્રવાસો, વતનનાં શહેરમાં આવેલાં સ્થળો, થોડાંક ચિંતનકાવ્યો વગેરે છે.

કાવ્ય માધ્યમનાં સ્વરૂપોમાં અહીં છંદો છે તો અછાંદસ પણ છે; સ્વરૂપોમાં અહીં સૉનેટ છે, ગીત છે, ગઝલો ને પદ પણ છે. આ બધું જ એમના અગાઉના ત્રણ સંગ્રહોમાં પણ છે જ, તો 'મૃગયા'નો વિશેષ શો વારુ !

'અનુનય' પછી 'અંતરીક્ષ'માં કવિની વનપ્રીતિ તો ખરી જ; પણ પ્રીતિની વન્યતા તરફ વળ્યા હતા, તે પણ વધુ વનસામગ્રીના પ્રતીકાત્મક ઉપયોગથી; હવે 'મૃગયા'માં કવિની

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી '૮૫, પૃ. ૨૦૧–૨૧૬.

વાણી વધુ સરલતા તરફ વળતી હોય તેમ લાગે છે પણ તે વધુ વ્યંજનાત્મકતાપૂર્વક જ કવિના રૂપમેળ છંદો સુઘડ છે જ; પણ તેમને માત્રામેળ 'દેશી' કહી શકાય તેવો ઢાળ ખૂબ કામ આપે છે; જે કંઈક દોહરાનો જ વિવર્ત છે; સપ્રાસ શ્લોકો, આવો દેશી દોહરા ઢાળમાં 'મૃગયા'નું ઉત્તમ કવિકર્મ સાંપડે છે: આના ઉદાહરણમાં 'થોડું થોડું યાદ' 'ઉનાળો ચિત્રોમાં' 'ઉનાળાની ઉડભંગ ક્ષણોમાં' વગીંમાં જોઈ શકાય છે; આવાં દેશી પદો સૂક્ષ્મ ચિત્રો આપવામાં રાચે છે અને એમને ગીત ને સૉનેટનો મહાવરો છે એટલે અંતે જતાં છેલ્લું યુગ્મક સૌથી વધુ ચોટદાર બની આવે છે; આ સંગ્રહમાં ગીતો સાદાં ને મધુરલયનાં છે. છંદોબદ્ધ કવિતા એમનો જૂનો ગ્રાફ જાળવી રાખે છે; ગઝલ વિશે પણ એમ જ કહી શકાય; એમની કવિતા વધુ સંકુલ બને છે, પહાડ–નદી–જંગલોના પ્રતીકાત્મક ઉપયોગમાં; અને આ વન્યતા પછી 'મૃગયા' વૃત્તિ સુધી લઈ જાય છે; 'મૃગયા'એ એક ટાઈટલકાવ્ય તો છે જ પણ કાવ્યકલાપદાર્થ પામવાની કવિની મથામણોને આબાદ નિરૂપે છે. અછાંદસ કાવ્યોમાં 'પ્રેમ'માં છે તેવો સંયત આલેખ કવિની શક્તિને જેબ આપે એવો છે, ડૉ. ભાયાણીએ 'આશ્રય'માં જયંતની પ્રતિભા-શક્તિનાં લક્ષણો યોગ્ય રીતે તારવી આપ્યાં છે; ઝાઝું નવું કે આધુનિક કરવાને બદલે કવિએ પોતાના જૂના પ્રયોગોને વધુ ઘૂંટવાનું, કલાસિદ્ધ કરવાનું જ વલણ દાખવ્યું છે.

'મૃગયા'ની કેટલીક ઘૂંટાયેલી ને નીવડેલી પંક્તિઓ આસ્વાદીએ :

થોડું થોડું યાદ, ઝાઝું તો ભૂલ્યું ભુલાયું ફોક,
કોક વાર આ લોક અજાણ્યાં, કોક વાર એ લોક. (પૃ. ૧)

પહાડ નહીં, પથ્થર નાખ્યો મેં નાખ્યો નીચે ખીણ,
ખામોશીને વાગ્યો તે મેં ચીસ સાંભળી ક્ષીણ. (પૃ. ૧૩)

તમે પક્ષાં :

રમાડો છો કેવાં ફરી ફરી મને બાળપણમાં! (પૃ. ૫૦)

સૂના મહેલ, છતોને માથે,
કાળ લટકતો ઊંધે માથે. (પૃ. ૫૬)

સુખનું ઊઘડ્યું ફૂલ ને મઘમઘ અંદર બહાર,
હોઠે એના હોઠ–લ્યો, બોલું કેમ લગાર! (પૃ. ૭૭)

વિરહા સરણ ન જાય–ની કોને કહીએ વાત,
મ્હેણાં મારે: નેહ જો સાચો, કેમ વિવાત. (પૃ. ૭૮)

'મૃગયા'માં આવી ઘૂંટાયેલી પંક્તિઓનો મબલક ફાલ ઊતર્યો છે જે એને 'નીતરાં પાણી' વાળી કવિતાનું ગુણાઢ્ય માન અપાવે છે.

મદનવાડ, લક્ષ્મીશેરી, વલસાડ — નટવરલાલ કે. પંડ્યા (ઉશનસ્)

* * *

માગું ન જ્યોતિ : રજનીકાન્ત ભટ્ટ; પ્ર. નિશીથ ભટ્ટ, ૭૫૯૧, લેઈક સાઈડ ઍવન્યુ, હૅરિસબર્ગ (પી. એ. ૧૭૧૧૨)–યુ. એસ. એ. પૃ. ૧૦૪; કિં. રૂા. ૧૨=૦૦, વિદેશમાં ૨ પાઉન્ડ–૪ ડૉલર; ૧૯૮૦.

આ કાવ્યસંગ્રહ એની શિષ્ટ અભિવ્યક્તિ અને ભાવનાશીલ સંવેદનાથી, એમાં યે એની ગેય–છાન્દસ રચનાની સુઘડ ચારુતાથી ધ્યાન દોરે એમ છે. વિશિષ્ટ શીર્ષક સૂચવે છે કંઈક નિરાળો પ્રાર્થના ભાવ. એક હાઈકુમાં કવિ એની ખાસ મુદ્રા ઉપસાવે છે: "બેસી દીપક–સામે–ધ્યાન ધરું હું–અંધકારનું." 'મારા રુદયાની મોઝાર' માઝમરાતનો અંધકાર ઓગળ્યો, તે આકુલ–વ્યગ્ર અંતરે 'રાતરાણીએ ફોરમ વેરી', વીજનાં સ્મિત વેરાયાં–વાદળ અનરાધાર વરસ્યાં તથા મ્લાન મુખે–લોચન દ્વારે તેજતણો સંચાર' અનુભવાયો એ પળે;–કવિ એમ ગાય છે–કવિતાના વર્તુલ વિશે એક એક શબ્દની લીટી કરી કવિ વર્ણવે છે: ⊙–અંધકાર–આભા–કિરણ–સૂર્ય–अहम्–નાદ–વાચા–શબ્દ–પડઘો–આંદોલન–ક્ષિતિજ–આકાશ–અંધકાર– ?– ! ⊙–ઉપાડ સમાપન શબ્દ એક જ યોજી અંધાર કવિને મન શું છે તે વચ્ચેની શબ્દાવલિ દ્વારા મનન-પ્રેરક રૂપે સૂચવ્યું છે. પ્રકાશગર્ભ અંધકારને આપણે ત્યાં યે કવિઓ ગાતા રહ્યા છે. કવિ રજનીભાઈ ભટ્ટ પરમ તત્ત્વને ઈંગિતી પ્રાર્થનાભાવે એને અહીં મુખ્ય સમ ગણી ગાય છે.

'કબ્રસ્તાન + ક્રિમેટોરિયમ' કે 'સંબંધોના પડછાયા'થી થોડીક રચનાઓ આધુનિક અનુભૂતિ–અભિવ્યક્તિની છાંટ દાખવે છે છતાં ગીત, સૉનેટ કે હાઈકુ એમ વિવિધ કૃતિઓમાં આ કવિ આપણી ૧૯૩૦–'૫૦ વચ્ચેની કવિતાના એક સારા પ્રતિનિધિ–કવિ લેખે વરતાઈ આવે છે; બાનીની સરલ શિષ્ટ-છટા, છંદોલયની માવજત, પ્રતીક–કલ્પના–વિચારોર્મિ, એમ સર્વત્ર, એમાં જે જીવન તથા કલા પ્રત્યેની નિષ્ઠા–રુચિ એ સ્વાભાવિક ઊંડું બળ ધરાવે છે. તેથી જ અહીંતહીં આધુનિક વલણ પણ અનાયાસ થયું છે. કેટલુંક ચારુ–સુભગ કવિત્વ જોઈએ: 'ઊડતાં ઊડતાં આવ્યાં રે, અલકમલકનાં પારેવાં; એ તો ઊગતો સૂરજ લાવ્યાં રે, અલકમલકનાં.'–એ કૃતિ સૌને રુચે એવી નીવડી છે. "બાળકને શું ડાબું જમણું! તું મારું સાચું જૂઠું શમણું"વાળું ગીતે એવું છે. નાયગ્રાના ધોધ અંગે 'નદીની ઝંખના', વેળનું ગાડું કાઢીને ધોરી પંથે જાય–'ક્યારેક હરણ બેસી હાંકે–ક્યારેક ગોકળગાય' જેવું ચિત્રાત્મક મુક્તક, મહીજીભાઈની ખડકી'ના વર્ણને 'વહુવારુ સહુ ઘૂમટો તાણી ચાલે અડકી અડકી' જેવી વીગતપકડ, 'એમ' 'માગું ન જ્યોતિ'ના કવિની છટાઓ આકર્ષક થયે જ જાય છે. 'રહસ્યમય સ્ત્રી' યા 'ઈશાવાસ્ય ઉપનિષદ' જેવા અંગ્રેજી–સંસ્કૃતમાંથી અનુવાદો યે કવિની ભાષાંતરસૂઝ નિર્દેશશે. ક્યાંક લયવજનની વધ–ખેંચ અને ગઝલરૂપની ક્યાંક શિથિલતા અહીં ખરી, પણ સમગ્ર રૂપે આપણી વહેતી કવિતામાં આ કવિતા પોતાના યથાર્થ બળે દીપ્ત થઈ સ્પષ્ટ લાગે છે. લાંબા વિદેશવાસ દરમિયાનની આ ગુજરાતી કવિતા એ બળથી જ વહેતી રહી છે. 'અંધારે કરાવ્યાં આચમન તેજનાં' ગાતી આ કવિતા એમાંના વૈવિધ્ય વચ્ચે આ સાતત્યગુણે સંતર્પક થઈ છે.

'હરિકિરણ', બી–૧૯, પારસિક સોસાયટી,
મકરપુરા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૯

હસિત હ. બૂચ

* * *

સરળ–સંસ્કૃત–ગીતા–પાઠાવલી : લે. વસંતરાય જ. જોષી; પ્રકાશક : રામભાઈ ના. અમીન, વિશ્વસંસ્કૃતપ્રતિષ્ઠાન (ગુજરાતશાખા) "રામહોમ", ગુલબાઈ ટેકરી, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પ્રથમાવૃત્તિ, એપ્રિલ ૧૯૮૨, પૃ. ૮+૧૩૬, મૂલ્ય રૂા. ૧૦=૦૦.

સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ તાણાવાણાની જેમ વણાયેલાં છે; તેથી ભારતીય સંસ્કૃતિને જાણવા અને પ્રમાણવા સંસ્કૃતનું જ્ઞાન આવશ્યક બની રહે છે. શ્રી માતાજીએ સાચે જ ઉપદેશ્યું છે કે બધાએ સંસ્કૃત ભણવું જોઈએ અને ભારતમાં જન્મેલ દરેક બાળકે સંસ્કૃત ભાષા જાણવી જોઈએ. પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિનાં મૂળભૂત આધારસ્થાનો સંસ્કૃતમાં મોટે ભાગે છે; વળી તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રોના અધ્યયન માટે પણ સંસ્કૃતના જ્ઞાનની આવશ્યકતા સુવિદિત છે. પ્રવર્તમાનકાળ સંસ્કૃત માટેનો કૃતયુગ નથી; વળી સંસ્કૃતભાષા કઠિન ભાષા છે; તેનો અભ્યાસ નિરુપયોગી છે એમ માન્યતા થઈ બેઠી છે; તો આવા કરાલકલિકાળમાં સંસ્કૃતભાષા અને ભારતીય સંસ્કૃતિના પ્રેમીઓ સંસ્કૃતના સરળ પઠન અને પાઠન માટે પ્રયત્નો કરે એ સ્વાભાવિક છે અને આવા સંસ્કૃતપ્રેમીઓ, પ્રચારકો અને અભ્યાસુઓ હાર્દિક અભિનંદનને પાત્ર બને છે.

પ્રવર્તમાન સ્થિતિમાં વિશ્વસંસ્કૃતપ્રતિષ્ઠાન, અમદાવાદ શાખા દ્વારા પ્રકાશિત શ્રી. વસંતરાય જ. જોષીની "સરળ સંસ્કૃતગીતાપાઠાવલી" આવકારતાં આનંદ થાય છે.

આ પુસ્તિકાની એક વિશિષ્ટતા એ છે કે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો આધાર લઈને તે રચવામાં આવી છે (પ્રાસ્તાવિક, પૃ. ૪). તેની બીજી કેટલીક વિશેષતાઓ પ્રાસ્તાવિક પૃ. ૬ અને ૭ પર આપવામાં આવી છે, બાવન પાઠોમાં સંસ્કૃતભાષાના સામાન્ય પરિચયથી માંડીને અનદ્યતન ભવિષ્યકાળ સુધીની માહિતી શ્રી જોષીએ પીરસી છે. વળી પરિશિષ્ટ (પૃ. ૧૩૬)માં "દ્વિવચનનાં વધારાનાં રૂપો" પણ આપવામાં આવ્યાં છે અને આમ ગાગરમાં સાગર નિર્મ્યો છે. ગીતાના આધારે આ પુસ્તિકા રચાયેલી હોવાથી તથા સરળતાને કારણે તે ચીલાચાલુ સંસ્કૃત પ્રવેશિકાઓથી જુદી પડે છે. સાથે સાથે તે ગીતાનું જ્ઞાન પણ પ્રસારે છે. પુસ્તિકા સુંદર છે છતાં થોડી બાબતો પરત્વે ધ્યાન દોરવાનું મન થાય છે.

પૃ. ૨ પર "વિસર્ગ"ના ઉચ્ચારણ અંગે નોંધવામાં આવ્યું છે કે "તેનો ઉચ્ચાર હ જેવો છે"; આ વિધાન ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ સર્વથા સ્વીકાર્ય નથી. વળી કૌંસમાં આપેલ ઉચ્ચારણ સંસ્કૃતભાષાના અધ્યયનના પ્રવિવિક્ષુને કદાચ ગેરરસ્તે દોરી જાય. પૃ. ૧૨ પર "ક્રિયાપદોનો (ધાતુઓનો) ઉપયોગ..." વિધાન યોગ્ય લાગતું નથી, કારણ કે કૌંસમાં "ધાતુ" શબ્દનો ઉપયોગ "ક્રિયાપદ"ના અર્થમાં સૂચક બને છે અથવા "ધાતુ" અને "ક્રિયાપદ" તુલ્યાર્થ છે એમ દ્યોતિત થાય છે પણ એ સુવિદિત છે કે "ધાતુ" અને "ક્રિયાપદ"માં ભેદ છે. પૃ. ૧૨ પર "૬ઠ્ઠા ગણનું ક્રિયાપદ=**पृच्छ्**" વિધાન યોગ્ય નથી, કારણ કે ધાતુ **प्रच्छ्** છે; પૃ. ૧૬ પરનું વિધાન "૧લી વિભક્તિ–સંબોધન વિભક્તિ તરીકે વપરાય છે"–યોગ્ય નથી, પૃ. ૧૮ પર **आदिदेव**નું ભાષાન્તર "આગળના દેવ" રોચક નથી, વળી મુદ્રણદોષો દૃષ્ટિને ખૂંચે છે. દા. ત. **त्यम्** (પૃ. ૨૦) (=**त्वम्**), **इंन्द्रिय**, ઇંદ્રીય (પૃ. ૨૨) (=**इन्द्रिय**). વળી પર અનુનાસિકનો

નિયમ પુસ્તિકામાં સર્વત્ર પાળવામાં આવ્યો હોત તો શિખાઉ વિદ્યાર્થીને જોડણી અંગે શંકા ઉત્પન્ન ન થાત અને તે ખરી જોડણી સહેલાઈથી જાણી શકત (દ્રષ્ટવ્ય પૃ. ૨૫, ૨૬ વગેરે). શુદ્ધિપત્ર આપ્યું હોત તો સારું થાત. પુસ્તિકાનું મુદ્રણ સુંદર અને સ્વચ્છ છે, આશા રાખીએ અને ઇચ્છીએ કે જે હેતુથી આ પુસ્તિકા પ્રકટ કરવામાં આવી છે તે હેતુ સર્વથા પરિપૂર્ણ થાય અને સંસ્કૃતમાં વધુ રસ અને વધુ રુચિ કેળવાય એ ભાવના અને હેતુથી "સંસ્કૃત વિશ્વ-પ્રતિષ્ઠાનમ્"–અમદાવાદ શાખા, સંસ્કૃતના પ્રચાર–પ્રસાર અને સેવાર્થે વધુ પ્રકાશનો ભવિષ્યમાં આપતી રહેશે એવી આશા અસ્થાને નહિ લેખાય.

આ પુસ્તિકાના પ્રકાશન માટે અને એ દ્વારા સંસ્કૃતની સેવા માટે શ્રી. રામભાઈ અમીનને, પ્રા. વાસુદેવ વિ. પાઠકને અને શ્રી. વસન્તરાય જ. જોષીને હાર્દિક અભિનંદનો ઘટે છે.

કલાસંકાય / પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ.
યુનિવર્સિટી; વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચંદ્ર ગો. કાંટાવાળા

* * *

બેં બેં બકરી : લે. બેપ્સી એન્જિનિયર, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ–૯, પૃ. ૯૬, કિં. ૭=૫૦ પૈ.

બાળમંદિરનાં બાળકો માટે નિઃશંકપણે ઉપયોગી થાય તેવી નાનકડી સુંદર વાર્તાઓનો આ સંગ્રહ છે. ભાષા સરળ અને મધુર છે. વાર્તાકથનની શૈલી જોડકણાંની ખૂબ નજીક હોઈ નાનાં બાળકોનાં ચિત્તને પ્રસન્નકર નીવડશે એવો વિશ્વાસ બેસે છે. આ જાતના વાર્તા-કથનમાં કૃત્રિમતામાં સરી પડવાનો બહુ મોટો ભય હોય છે, જે લેખિકા બહેન નિવારી શક્યાં છે એ એમની સિદ્ધિ નોંધપાત્ર છે.

જમરૂખી : લે. પ્રીતમલાલ મજમુંદાર, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ–૯, પૃ. ૫૬, કિં. ૪=૫૦.

ચાલીસ બાળકાવ્યોના આ સંગ્રહની નોંધ લેતાં આનંદ થાય છે. કારણ એના વાચનથી મને આનંદ થયો છે; બાળકો પણ એનો આનંદ અવશ્ય માણશે–વાલીઓ અને શિક્ષકોએ એમાં મધ્યસ્થનું કામ કરવાનું છે. આ કાવ્યોની વિશિષ્ટતા એની જોડકણાં જેવી રચના છે. આવી રચના ઉપલક રીતે જોતાં સહેલી લાગે છે, પણ ખરેખર તો એ ઘણી અઘરી છે. ૮૫ વર્ષના આ કવિ બાળકોના રસનું કેન્દ્ર બરાબર જાણે છે તથા બાળસહજ કૌતુકને તેઓ સમજે છે. કુંવરી બાને 'રાઈના દાણાની ઠેસ' વાગે છે, રાજારાણીનાં ભાવતાં ભોજન 'ગુલ્લો' ખાઈ જાય છે અને રાજારાણીને એની 'દાઢ' માટે વઢે છે–આવાં કાવ્યો ચમત્કૃતિવાળાં છે. ગાજરની પીપુડી વાગી તો ઠીક, નહિ તો કરડી ખાવાની, સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ ગયું પણ પૂંછડી ભરાઈ રહી જેવી કહેવતોનો કાવ્યમાં કળામય ઉપયોગ થયો છે. કોઈ કાવ્યમાં સહજ રીતે ગૂઢાર્થનો ઇશારોય જોવા મળે છે, પણ ક્યાંય ઉપદેશ કે નીતિવચન નથી. એ

સાચું છે. 'અદલ-બદલ' નાનકડું પણ સુંદર વાર્તાકાવ્ય બની ગયું છે. 'કેટલીવાર' 'બેનપણી' જેવાં કાવ્યો બાળકો ઝટ ભૂલે નહિ તેવાં છે. શ્રી ભગવતીકુમાર શર્માએ આ કાવ્યોનો પરિચય કરાવતાં કહ્યું છે તે સાચું છે: 'શિશુસહજ વિસ્મય અને કૌતુકના આગિયા અહીં પાને પાને ઝબૂકિયાં કરે છે!'

પંચાશી વર્ષે ય બાળમનની આવી કુશળ માવજત કરી શકે તેવું બાળ-મન સાચવી રહેલા આ કવિને ધન્યવાદ !

'૭, કર્મયોગ ફ્લેટ્સ', સરદાર પટેલ નગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૬

રમણલાલ સોની

* * *

(૧) **રણજિતરામ ગદ્ય સંચય-૧ :** લે. રણજિતરામ વાવાભાઈ મહેતા, પૃ. ૪૩૨, મૂલ્ય રૂા. ૨૧=૫૦ પૈ. તથા (૨) **રણજિતરામ ગદ્ય સંચય-૨ :** લે. રણજિતરામ વાવાભાઈ મહેતા, પૃ. ૪૮૬, મૂલ્ય રૂા. ૨૪=૫૦ પૈ. પ્રકાશન: ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૯.

૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરનાર શ્રી રણજિતરામ મહેતા (૧૮૮૨-૧૯૧૭)ની જન્મશતાબ્દીસમયે તેમનાં લખાણોને બે દળદાર ગ્રન્થોમાં પ્રકટ કરી પરિષદના સંવાહકોએ તેમનું સત્તર્પણ કર્યું છે.

જેમના નામથી સર્જક સાહિત્યકારોને વર્ષોથી સુવર્ણચંદ્રક અપાય છે તે રણજિતરામે લખવાની શરૂઆત તો કવિતાથી કરી હતી, પણ પછી તેઓ ગદ્ય તરફ વળેલા. ગુજરાતી પ્રજામાં નિર્ભયતા અને રાષ્ટ્રીય ભાવનાનું સિંચન કરવા દેશભક્તિનાં કાવ્યોનો નાનો સંગ્રહ 'નિર્ભય ગ્રંથમાળા, મણકો-૧' પણ તેમણે ૧૯૦૫માં પ્રકટ કર્યો હતો.

ઉમરેઠમાં આચાર્ય, પછી પ્રો. ટી. કે. ગજ્જરના, પ્રભાશંકર પટ્ટણીના અને છેલ્લે મુંબઈમાં ઉદ્યોગપતિ શેઠ નરોત્તમ મોરારજીના રહસ્યમંત્રી તરીકે નિષ્ઠાભરી સેવાઓ બજાવનાર આ મેધાવીનું ૩૫ વર્ષનું અલ્પાયુ, તેમણે કરેલી સાહિત્યિક સાંસ્કૃતિક અને વિવિધ જનહિતૈષી પ્રવૃત્તિઓ જોતાં જગદ્‌ગુરુ શંકરાચાર્યની યાદ આવી જાય છે.

તેમના સ્વાધ્યાયનો વ્યાપ ખૂબ વિશાળ હતો. તેમાં વિવિધ વિષયો પરના પૂર્વ-પશ્ચિમના થોકબંધ સાહિત્યનો સમાવેશ થાય છે. તેઓ બહુશ્રુત વ્યુત્પન્ન વિદ્વાન અને સ્વતંત્ર વિચારક હતા, એ આ બે ગ્રંથો પરથી સ્પષ્ટ તરી આવે છે.

કનૈયાલાલ મુનશીના નામે ચઢી ગયેલ 'અસ્મિતા' શબ્દના પ્રથમ યોજક તો રણજિતરામ હતા. હીરાલાલ ત્રિ. પારેખ પરના પત્રમાં પ્રથમ કંડિકામાં જ "ગુજરાતમાં અસ્મિતા (કોન્સ્યસનેસ) અને આત્મજ્ઞાન (સેલ્ફ રિસ્પેક્ટ)નાં ઉન્મેષ મહારાષ્ટ્રની પાછળ રહીને નહિ પરંતુ-ભારતવર્ષના એક અંગ તરીકે પોતાની તૈયારી કરવાની જરૂર"નો તેમણે

સ્વીકાર કર્યો છે, એટલું જ નહીં પણ એ પ્રતિજ્ઞા પ્રમાણે તેમણે ગુજરાતનાં તમામ ક્ષેત્રોમાં દૃષ્ટિ દોડાવીને એ અસ્મિતાના આવિર્ભાવ માટે ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. આમ ગુર્જર અસ્મિતાના પ્રથમ દ્રષ્ટા પ્રેરક, ઉદ્‌ગાતા અને ઉપાસક રણજિતરામ હતા.

તેમનો મિલનસાર સ્વભાવ સુખડ જેવો હતો તો તેમનું તેજસ્વી વ્યક્તિત્વ લોહચુંબક જેવું હતું. શ્રી મુનશીએ નોંધ્યું છે કે :

"તે દરેક મિત્રની માનસિક જરૂરિયાતો જાણતા અને તે પૂરી પાડવા કે તેને સંતોષવા જોઈતું વાતાવરણ પેદા કરવા મંથન કરતા. થોડા પ્રસંગ પછી ઘણાને રણજિતરામને મળવું એ થાક પછી ઠંડા, વિશાળ, વહેતા પાણીના સ્નાન સમો, આહ્લાદ અને ઉત્સાહપ્રેરક લ્હાવો થઈ પડતો અને આ લ્હાવો લેનાર દરેક જણ પોતાના કાર્યમાં ઉત્તેજિત થઈને જતો."

પરસ્પર વિરોધી મન્તવ્યો ધરાવનાર સૌ કોઈને એક સાથે પ્રેમપ્રવાહમાં નિમજ્જન કરાવનાર સંસ્કારપુરુષ રણજિતરામ માધુર્યમૂર્તિ હતા.

ગુજરાતીઓ માત્ર પોતાનું જ સાચવીને બેસી રહે એવી સંકુચિત વૈશ્યવૃત્તિ તેમને ઉદ્વિગ્ન કરતી. ગુજરાતની સાંસ્કૃતિક એકતા અને એનું રાષ્ટ્રિય ભાવનામાં વિગલન થવું એ આ દેશભક્તનું લક્ષ્ય હતું.

"પારસી માત્ર પારસી રહે, ખોજા માત્ર ખોજા રહે, મેમણ માત્ર મેમણ રહે, વોરા માત્ર વોરા રહે, ભાટીઆ માત્ર ભાટીઆ રહે, કપોળ માત્ર કપોળ રહે, બ્રાહ્મણ માત્ર બ્રાહ્મણ રહે, પાટીદાર માત્ર પાટીદાર રહે અને ગુજરાતી ન થાય ત્યાં લગી જે એકતા આવવી જોઈએ તે આવતી નથી."

(ગ્રન્થ ૨, પૃ. ૩૦૦)

રણજિતરામે સરસ્વતીની સેવા ત્રણ પ્રકારે કરી : (૧) લેખન, (૨) સાહિત્યિક સંસ્થાઓનું સ્થાપન અને (૩) ગુજરાતી લેખકોને પ્રેરક માર્ગદર્શન જેમાં ગ્રન્થસમીક્ષાનો સમાવેશ થઈ જાય છે.

આ બે ગ્રંથોમાં સાહિત્યના ૩૩, વિવેચનના ૧૭ અને સંસ્કૃતિ વિષયક ૧૯ લેખો છે. તેમાં સાહિત્યનાં લગભગ તમામ સ્વરૂપોને આવરી લેવામાં આવ્યાં છે. શિક્ષણ, ધર્મ, ઇતિહાસ, રાજકારણ, ઉદ્યોગ વગેરે કોઈ વિષય અસ્પૃષ્ટ રહ્યો નથી. આવું વિષયવૈવિધ્ય ૮૦–૯૦ વર્ષ પહેલાના સમયમાં તો અપૂર્વ ગણાય.

૧લા ભાગમાં તેમની ટૂંકી વાર્તાઓ અને નાટકો છે. 'હીરા' જેવી વાર્તાઓનું કલાવિધાન સંહૃદ્ય છે. 'સાહેબરામ' નામક અપૂર્ણ લઘુનવલ ખાસ ઉલ્લેખ માગી લે છે. તેમાં કેમ્બ્રીજ, મુંબઈ અને ૧૯૮૦ના સમયનું અમદાવાદ એમ ત્રણ પડ ભેગાં કરવાના લેખકના પ્રયત્ન વિષે તથા પાત્રાલેખન વિષે શ્રી મુનશીએ થોડી ટીકા કરી છે. પણ આપણે ભૂલવું ન જોઈએ કે સાહેબરામ એ એના લેખકનો વિશિષ્ટ પ્રયોગ છે, જેમાં તેમણે તત્કાલીન સમાજ અને રાજકારણનું પ્રતિબિમ્બ

પાડવા ઉપરાંત ગોવર્ધનરામની જેમ આદર્શ મૂલ્યો પ્રતિ અંગુલિનિર્દેશ કર્યો છે. અલબત્ત, તેમાં તેમને ઝાઝી સફળતા પ્રાપ્ત થઈ નથી; પણ નોંધવાપાત્ર તો એ હકીકત છે કે હમણાં જ દિવંગત થયેલા દેશભક્ત અને પિતાના આદર્શોની પૂર્તિ કરવામાં સમર્પિત જીવન ગાળનાર શ્રી અશોક મહેતામાં 'સાહેબરામ'નું પાત્ર અવતીર્ણ થયેલું છે. સમાજવિદ્યાઓને લગતા આંતરરાષ્ટ્રીય સર્વસંગ્રહના સંપાદકમંડળમાં આદરભર્યું સ્થાન મેળવનાર સમાજવાદી નેતા અશોક મહેતા સાહેબરામની કલ્પનાઓને કયાંય આંબી ગયા હતા. સાહેબરામના પાત્રમાં ચાંચલ્ય અને ચેતનની મૂર્તિ જેવા નરવીર નર્મદ પણ આવિર્ભૂત થયેલા જણાય છે.

ગુજરાતી ભાષા પ્રત્યેની રણજિતરામની ભક્તિ આજના વિદ્યાર્થીને અસૂયા પેદા કરે એવી હતી. તેમનો શબ્દકોષ વિશાળ અને સર્વગ્રાહી હતો. સંસ્કૃત, તત્સમ, ગામઠી અને તળપદી ગુજરાતી, કાઠિયાવાડી, કચ્છી ઉપરાંત ફારસી, અંગ્રેજી શબ્દોના પર્યાયોનો ઉપયોગ વિલક્ષણ બુદ્ધિકૌશલ માગી લે છે. તેમણે કેટલા બધા નવા શબ્દો અને સમાસો યોજ્યા છે.

'ગુજરાતનો ઇતિહાસ અને ગુજરાતી સાહિત્ય'ના લેખમાં ગુજરાતીઓએ કરેલાં પરાક્રમો વર્ણવી તેમણે જણાવ્યું છે કે:

"ગુજરાતીઓ બાયલા છે–તેઓ માત્ર હિંગતોળુ વેપારીઓ છે–તેમણે રણક્ષેત્રો કદી નિહાળ્યાં નથી એ આક્ષેપ ઇતિહાસ ખોટો પાડે છે. ગુજરાતી સાહિત્ય ગુજરાતનું સુપ્ત ચેતન જગાવશે તો એ આક્ષેપ દૂર થશે."

(ગ્રન્થ ૨, પૃ. ૧૬–૧૭)

સાહિત્ય પરિષદનું પાંચમું અધિવેશન ભરાયું તે અગાઉ રણજિતરામે સાહિત્યપ્રદેશનો કાર્યપ્રદેશ સૂચવતા ૧૪ મુદ્દાઓ 'ગુજરાતી' પત્રમાં આપેલા. તેમાં કૉલેજોમાં ગુજરાતી સાહિત્યનો અભ્યાસ સ્વૈચ્છિક વિષય તરીકે રખાવવા, હાઈસ્કૂલોમાં કેટલાક વિષયો ગુજરાતીમાં શીખવવા અને મેટ્રીકની પરીક્ષામાં ગુજરાતીમાં ઉત્તરો લખવાની છૂટ મેળવવા પ્રયત્નો કરવા જણાવ્યું છે. જુદે જુદે સ્થળે વિખરાયેલા જૂના ગુજરાતી હસ્તલેખોના પરિવેક્ષણ–રક્ષણ કરવા માટે તજવીજ કરવી. સામયિક ગ્રન્થાવલોકન ઉપરાંત અત્યારે દ્વિ–ત્રિવાર્ષિક સમીક્ષાગ્રન્થ પ્રકટ થાય છે તેનો પ્રથમ વિચાર રણજિતરામે આપ્યો હતો અને 'ઈશુનું વર્ષ, ૧૯૦૮' તથા ઈશુનું વર્ષ, ૧૯૧૩' એ બે લેખોમાં એનો આદર્શ પૂરો પાડચો છે. પ્રદર્શનો–પુસ્તકાલયો માટે પણ તેમણે આગ્રહ સેવ્યો હતો. 'ગોપકાવ્યો' 'વસન્તોત્સવ' 'વિદ્યાપતિ' 'સંસ્કૃત કવયિત્રીઓ', 'પૃથુરાજરાસો' વગેરે વિવેચનલેખો તેમની ભાવયિત્રી પ્રતિભાની ઝાંખી કરાવે છે. તેમાં 'ગુજરાતનું સાંસ્કારિક અને ધાર્મિક દર્શન'નો ૭૮ પાનનો લેખ તેમની વિદ્યા-વેષણવૃત્તિ અને સાહિત્યિક અભ્યાસના ઊંડાણનો દ્યોતક બની રહે છે. 'ગુજરાતના ઇતિહાસનાં સાધનો' એ લેખમાં તેમણે બોમ્બે ગેઝીટીયર અને કીલ્હોર્ન પ્રણીત 'ઉત્તર હિંદુસ્તાનનાં સાલવાર તામ્રશાસનો' તથા કુમારી ડફ પ્રણીત 'હિંદનો કાલગણનાત્મક ઇતિહાસ'ને આધારે વલ્લભી સામ્રાજ્યના ઇતિહાસને લગતાં તામ્રશાસનાદિની જે ૩૪ પાનની ફેરિસ્ત આપી છે તે આ સદીના આરંભકાળના ઇતિહાસ–સંશોધકોને કેટલી બધી પ્રેરણાત્મક નીવડી હશે.

આવા બહુમુખી પ્રતિભાવાળા ભાવનાશીલ સારસ્વતનો અંત પણ કેવો કરુણ આવ્યો ! તે કરુણ ખરો પણ મૃત્યુદેવની કરુણાવાળો. શેઠના પુત્રને જુહૂના દરિયામાં ડૂબતો જોઈ માનવતા અને મરજીવાવૃત્તિથી પ્રેરાઈને તેમણે સમુદ્રમાં ઝંપલાવ્યું. શેઠનો પુત્ર જીવી ગયો પણ રત્નાકર કહેવાતો સાગર આ મહામાનવમોતીનું અપહરણ કરીને જાણે સમૃદ્ધ બન્યો !

પોતાના જમાનાથી આગળ એવી મહાન વિભૂતિને વંદના કરી શ્રી મુનશીના શબ્દો વડે હું આ અંજલિ–અવલોકન લેખ પૂર્ણ કરીશ.

"રણજિતરામ માણસ નહોતા–એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રિય અસ્મિતા (Self–consciousness)ના એ અવતાર હતા. તેને જ માટે તે જીવતા, તેને જ માટે તેણે ત્યાગવૃત્તિ ધારી, તેને જ માટે તે નવા નવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા, તેને જ માટે ગમે તે વેઠી એ બધાને એ ભાવનાએ પ્રેરવા મથતા. તેના હૃદયમાં એક જ વિચાર હતો; બંગાળની માફક આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય–આપણી કળા ક્યારે વ્યક્તિત્વ પામે–આપણો ઇતિહાસ ક્યારે સજીવન થાય–આપણી રાષ્ટ્રિય અને સામાજિક અનુકૂળતા ક્યારે સંધાય–આપણી સંસ્કૃતિ ક્યારે વિજય પામે અને આ બધાને પરિણામે નવીન ગુજરાત ક્યારે અવતરે. એમની નજર આગળ નવીન ગુજરાત સ્વપ્નું નહોતું, જીવંત વ્યક્તિ હતી. એ બધાને પ્રેરતા તો એક લક્ષ તરફ–ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા, વિવિધતાથી ભરપૂર ગામેગામના લેખકોનાં એ–આ ભાવનાના અવતાર–કેન્દ્રસ્થાન હતા. આ ભાવના પ્રસારવી એ જ એનો જીવનમંત્ર હતો".

(ગ્રન્થ ૧, ઉપોદ્ઘાત, ૧૮)

કોઠી કચેરી સામે, વડોદરા–૩૯૦ ૦૦૧ **મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

ગુજરાતદર્શન (અભિલેખો અને સાહિત્યમાં): લે. અને પ્ર. નવીનચંદ્ર આનંદીલાલ આચાર્ય, પૃ. ૯૬, આ. ૧લી, કિંમત રૂ. ૧૦=૦૦.

ગુજરાતદર્શન (અભિલેખો અને સાહિત્યમાં) એ ડૉ. નવીનચંદ્ર આનંદીલાલ આચાર્યના તેમના નિવેદનમાં જણાવ્યા મુજબ 'સ્વાધ્યાય', 'બુદ્ધિપ્રકાશ', 'પથિક', 'વિદ્યા', જેવા સામયિકામાં પ્રસિદ્ધ થયેલા પાંચ લેખોનું પુનર્મુદ્રણ છે. ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી છૂટા છૂટા લેખો ગ્રંથસ્થ થાય એ ગુજરાતના સાહિત્ય માટે શુભચિહ્ન છે.

નિવેદનમાં જણાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ થયેલા આ લેખો જોતાં તેને માટે આપેલુ ગ્રંથનુ શીર્ષક તેના વિષયને વધુ વિસ્તૃત બનાવતું લાગે છે. તેમાં પ્રસિદ્ધ થયેલો એક પણ લેખ ચૌલુક્ય સમય પહેલાંનાં ગુજરાતની વિગતે ચર્ચા કરતો નથી. તેમ જ અનુકાલીનં ગુજરાતનું પણ તેમાં ઘણું ઓછું દર્શન છે. તેમ જ સમગ્ર દૃષ્ટિએ તેમાં અભિલેખો તથા સાહિત્યનું પણ અવગાહન થયું નથી.

પ્રથમ લેખમાં ચૌલુકય ગુર્જરેશ્વરોનાં દાનશાસનોમાં વ્યક્ત થતું ગુજરાતનું દર્શન ગ્રંથનો આશરે ચોથો ભાગ રોકે છે. તેમાં ચૌદ પાનાં વિવેચન છે અને બાકીના વંશાવળી અને દાનશાસનની નોંધ તથા પાદનોંધ છે. આ લેખમાં દાનપત્રોમાંથી મળતી માહિતીનો સારાંશ આપતી વખતે દાનપત્રોનાં માપ આપ્યાં છે, તે બધાં બ્રિટીશ પદ્ધતિનાં છે. ભારતે અપનાવેલી પરિમાણ–પદ્ધતિમાં જૂની પદ્ધતિનાં માપો બદલ્યાં હોત તો લેખની મહત્તા થોડી વધવા પામત. દાનપત્રોમાં ચારે બાજુની ચતુઃસીમા આપવાના તેમનાં દૃષ્ટાંત માટે “આગળ પાછળની સીમા”, (પૃ. ૩) જેવો ઉલ્લેખ દાનપત્રને શોભા આપતો લાગતો નથી. વળી કર્ણદેવ પહેલાનાં દાનપત્રોનું વર્ણન કરીને થયેલું અર્થઘટન વિચારણા માગી લે છે. “શક સં. ૯૯૬ના તામ્રપત્રમાં વિષ્ણુના વરાહ અવતારની સ્તુતિ કરેલી છે. દાનપત્રો ઉપરથી તે શૈવ-ધર્મનો અનુયાયી જણાય છે”. (પૃ. ૭) વિષ્ણુના વરાહ અવતારની સ્તુતિ પરથી શૈવમાર્ગનું અનુમાન લેખકે કેવી રીતે કર્યું હશે ! આ પ્રમાણે બ્રાહ્મણોનાં વર્ણનમાં “તેઓ વેદપાઠી હતા, કેટલાક ચાતુર્વેદી કહેવાતા” (પૃ. ૧૨) જેવાં વિધાનો વધુ સ્પષ્ટ કરવાની જરૂર હતી. વળી ‘ખોરાક’ એ મથાળાં હેઠળ (પૃ. ૧૩) પર “સમાજમાં વર્ણસંકર શબ્દપ્રયોગ પ્રચલિત હોય તેમ જણાય છે”, એ વાકય કોઈ વિશિષ્ટ ખોરાકનું હોવાનો ભ્રમ વાચકને થાય છે.

બીજા લેખમાં પ્રબંધચિંતામણિમાં ગુજરાત દર્શન આલેખ્યું છે. તેમાં “બીજી નોંધપાત્ર વિગત એ છે કે લેખકે આ ગ્રંથ રચ્યો ત્યારે ગુજરાતનું સોલંકી રાજ્ય નાશ પામ્યું હતું. આથી ગ્રંથનાં લખાણો રાજસત્તાના ભયથી મુકત બનીને નિર્ભય રીતે લખાયાં છે”. એવાં પૃ. ૩૦ પરનાં તેમના અનુમાનથી તો સોલંકી રાજ્યકાળમાં લખાયેલાં હેમચંદ્ર જેવાનાં લખાણો રાજસત્તાના ભયથી થરથરતા લેખકોનાં લખાણો છે એવું સબળ અનુમાન થઈ શકે છે. પૃ. ૩૪ પર મીનળે ધોળકામાં તળાવ બંધાવ્યાની નોંધ કરી છે. પરંતુ “ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ” એ ઉકિતના સંશોધનમાં ધોળકાનું મલાવ તળાવ મીનળદેવીએ બંધાવ્યું નથી એવું સાબિત કરતા લેખો ગુજરાતીમાં પ્રસિદ્ધ થયા છે, તે બાબત લેખકને માહિતી હોય એમ લાગતું નથી. તેમના આ લેખમાં પૃ. ૩૯ પર કોચરબનો ઉલ્લેખ છે તે વધુ સંશોધન માગે છે.

ત્રીજો લેખ શ્રીમદ્દ ગદાધરમાહાત્મ્ય અને તેનું સાંસ્કૃતિક સ્વરૂપ સ્થળ પુરાણની કંઈક મીમાંસા છે. તેના બે ખંડ છે. પ્રથમ ખંડમાં ગદાધરમાહાત્મ્યનો સારાંશ છે. અને બીજામાં તેનું વિવેચન છે. તેમાં પણ પૃ. ૫૪ પર “ગરુડની મૂર્તિનું નાક ખંડિત કરતાં તેમાંથી અસંખ્ય ભમરા ઉડ્યા અને મુસ્લિમ સૈનિકોને ભયંકર ડંખ મારવા લાગ્યા”, જેવી લોકોકિતને ઐતિહાસિક સમજૂતી આપ્યા સિવાય આલેખી છે. ગદાધરમાહાત્મ્યના કાલનિર્ણય જેવી ચર્ચા આ લેખમાં અપેક્ષિત હતી.

ચોથો લેખ સાબરકાંઠા જિલ્લાના પાળિયા અને તેનું સાંસ્કૃતિક સ્વરૂપ એક નવાં ક્ષેત્રમાં થયેલું કામ છે. કારણ કે પાળિયાઓ પર ગુજરાતમાં પ્રમાણમાં ઓછું કામ થયું છે. આ લેખના પૂર્વ ઇતિહાસમાં પથ્થરયુગના અવશેષોની માહિતી ઘણી જૂની છે. મોડાસા, શામળાજી વગેરે સ્થળે મળેલાં ઓજારોનો ઉલ્લેખ એમાં થવાની જરૂર હતી. વળી પૃ. ૬૨ પર “ચૌલુકયકાલીન

શરૂઆતમાં અહીં પરમારોની સત્તા ચાલુ હતી. ધીરે ધીરે પરમારોની સત્તાનો અસ્ત થયો. કેટલોક સમય સુધી આ પ્રદેશનો કેટલોક ભાગ રાષ્ટ્રકૂટોની સત્તા હેઠળ આવ્યો "–વિધાન છે. પરમારો પછી રાષ્ટ્રકૂટો સત્તા પર હતા કે તેમના પહેલાં એ કાલક્રમનો પ્રશ્ન આ વિધાન ઊભો કરે છે. પાળિયાના લેખમાં વિ. સં. ૮૧૨માં શ્રી રામાય નમઃ લખેલો પાળિયો ઘણા સાંસ્કૃતિક પ્રશ્નો ઊભા કરે છે. આવી ક્ષતિઓથી થયેલું કામ કંઈક ઉતરતી કક્ષાનું બન્યું છે.

છેલ્લા લેખમાં લેખ પદ્ધતિમાંથી ગુજરાત માટેની હકીકતો તારવવાનો પ્રયત્ન થયો છે તેના પ્રથમભાગમાં લેખપદ્ધતિનો સારાંશ અને બીજા ભાગમાં તેનું વિવેચન છે. તે લેખમાં પણ એરંડાને અનાજમાં ગણ્યો છે. (પૃ. ૮૬) તથા કચકડાની બંગડીઓ સોલંકીકાળમાં બનતી હોવાનું અનુમાન કર્યું છે.

આવા વિવિધ નિબંધોમાં કરાયેલાં વિધાનો ઘણીવાર વિદ્યાર્થીઓને વાંચવા માટે તૈયાર થતી અભ્યાસક્રમાનુસારી ગાઇડોમાં જોવામાં આવે છે. અને પરીક્ષાના પ્રશ્નપત્રોમાં આવાં નાપાયાદાર વિધાનો ઘણાં દેખાય છે. તેની અસરો આ લેખોમાં લેખકના "અધ્યાપક તરીકેના કાર્ય દરમિયાન" (નિવેદન) થઈ હોય તો તેનું પ્રતિબિંબ પડતું લાગે છે.

સામાન્ય રીતે જૂના લેખોનું પુનર્મુદ્રણ થાય ત્યારે રહી ગયેલી ક્ષતિઓ અને દોષ સુધારી લીધા હોય તો લેખ–સંગ્રહનું મૂલ્ય વધતું હોય છે. બીજી આવૃત્તિ વખતે વિદ્વાન લેખક તેમાં સુધારો કરશે તો ગ્રંથ ઉપયોગી થશે.

૮, શ્રેયસ સોસાયટી,
રેસકોર્સ સર્કલ, વડોદરા–૭

ર. ના. મહેતા

* * *

તલસ્પર્શ : લે. અને પ્ર. પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ, અમદાવાદ, પ્રકાશન વર્ષ: ૧૯૮૪, પૃ. ૧૩૬ + ૬, મૂલ્ય રૂા. ૧૦=૦૦ પૈ.

પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસના સંશોધક અને અભ્યાસુ એવા ડૉ. પ્રવીણ સી. પરીખનું "તલસ્પર્શ" પુસ્તક એમની અભ્યાસી પ્રવૃત્તિના પરિણામરૂપ પ્રકાશન છે.

ગુજરાતની સંસ્કૃતિનાં વિવિધ પાસાંને સ્પર્શતા ૧૨ જેટલા પસંદ કરેલા લેખો જે જુદા જુદા સામયિકોમાં પ્રકાશિત થયેલા હતા, તેમને લેખકે "તલસ્પર્શ" શીર્ષક નીચે ગ્રંથસ્થ કરીને ગુજરાતની સંસ્કૃતિનાં વિવિધ પાસાંની જાણકારી મેળવવાની ઇચ્છા ધરાવનાર વાંચકો અને સંશોધકોના ઉપર ઉપકાર કર્યો છે.

સમગ્ર પુસ્તકનું ત્રણ વિભાગમાં આયોજન થયેલું છે. પ્રથમ વિભાગ અભિલેખવિદ્યા અને લિપિવિદ્યાને લગતો છે. તેમાં ગુજરાતમાં અભિલેખવિદ્યા, ગુજરાતી લિપિ તેમ જ તામ્રશાસનને સ્પર્શતા કુલ પાંચ લેખો છે. બીજો વિભાગ કલાને લગતો છે તેમાં પ્રતિમાઓ,

મંદિરો, કાળગ્રસ્ત ગુજરાતનો સુખડ કારીગરીનો ઉદ્યોગ અને ગુજરાતના સંસ્કારઘડતરમાં કલાનું પ્રદાન બાબતે લેખો છે. આ વિભાગમાં કુલ ચાર લેખો છે. ત્રીજા વિભાગમાં ગુજરાતમાં ઈસ્લામનો પ્રસાર અને પ્રચાર, પ્રણામી સંપ્રદાય તેમજ ગાંધીજી અને અમદાવાદનું મજૂરઆંદોલન વિષયોની છણાવટ કરતા ત્રણ પ્રકીર્ણ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ છેક પ્રાચીનકાળથી આધુનિકકાળ સુધીના વિવિધ વિષયવસ્તુનો લેખકે તલસ્પર્શી અભ્યાસ કરીને ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કારોને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

લેખક લિપિશાસ્ત્રના વિશેષજ્ઞ છે અને આ ક્ષેત્રે તેમણે "ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ" એ વિષય પર મહાનિબંધ લખી વિશિષ્ટ પ્રદાન કર્યું છે. વળી ૧૯૭૧ થી ૧૯૭૫ના સમયગાળા દરમ્યાન ઇતિહાસવિષયમાં લખાયેલાં ગુજરાતી પુસ્તકોમાં તેમના પ્રકાશિત થયેલા આ મહાનિબંધને સૂરતની નર્મદ સભાએ લબ્ધપ્રતિષ્ઠ એવો "નર્મદ-ચંદ્રક" ઈ. સ. ૧૯૮૧માં એનાયત કર્યો. તેમના પુસ્તકમાંનો પહેલો લેખ આ પ્રસંગે કરેલા ઉદ્‌બોધનનો છે. આ લેખમાં ડૉ. પરીખે ભારતની પ્રાચીન લિપિ અંગે જે વિચારો પ્રગટ કર્યા છે તે મનનીય છે. લિપિશાસ્ત્રની વૈજ્ઞાનિકતાનો વાંચકને ભલે ખ્યાલ ન હોય પણ ભારતમાં પ્રાદેશિક ભાષાઓ મધ્યકાલમાં વિકસી હતી અને તે મોટાભાગની આ પ્રાદેશિક ભાષાઓની લિપિનાં મૂળ બ્રાહ્મીલિપિમાં રહેલાં છે તેનો આ લેખથી સ્પષ્ટ ખ્યાલ તેમને આવશે. જો કે લેખકે ભલે અહીં લિપિશાસ્ત્રની શાસ્ત્રીય છણાવટ કરી હોય તો પણ ભારતની વિવિધતામાં એક્તા નિહાળવાના પ્રયત્ન કરનાર જિજ્ઞાસુ અને અભ્યાસુને આ લેખ ઉપયોગી થઈ પડશે. "ભાવાત્મક એકતા" એ ભારતની વિશિષ્ટતા છે. આ વિષયવસ્તુને ખ્યાલમાં રાખીને બ્રાહ્મીલિપિનું તેમાં શું પ્રદાન હતું એ સંદર્ભમાં જો સંશોધન હાથ ધરાય તો "એકતા" અંગેના આપણા ખ્યાલને પુષ્ટિ મળે.

"મૈત્રકવંશનાં તામ્રશાસનો" અને "અભિલેખોમાં નદીઓનો નિર્દેશ" (પ્રકરણ ૩ અને ૪)માં લેખકે ગુજરાતના ઇતિહાસલેખનમાં ઉપયોગી અત્યંત મહત્ત્વના સાધનનો ખ્યાલ આપ્યો છે. લેખકે તામ્રશાસ્ત્રનો અને અભિલેખોમાં સચવાઈ રહેલી માહિતીનું નિરૂપણ કર્યું છે. માહિતીપ્રચુર આ પ્રકરણો વાંચતાં એક પ્રશ્ન સહજ ઉદ્‌ભવે કે ઇતિહાસલેખનની સાર્થક્તા શું? તામ્રશાસનો કે નદીઓના ઉલ્લેખો કરીને વાચકને આપણે તેની ભૂતકાળ વિશેની માહિતીના ખજાનામાં વધારો કરવા માંગીએ છીએ? આજે આ અને આવા બીજા પ્રશ્નો જિજ્ઞાસુઓને ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. ઇતિહાસના અધ્યયનની વિસ્તૃત થયેલી ફલકનું આ પરિણામ છે. લેખકની વિષય અંગેની સજ્જતા અને કેળવણી તેમને ઇતિહાસલેખનની સ્વીકૃત પદ્ધતિ-હકીકતોની સત્ય અને સાદશ રજૂઆતથી-આગળ જવાની ના પાડે એ સ્વાભાવિક છે. છતાં પણ માહિતીના આધારે ઉદ્‌ભવતા પ્રશ્નોનો લેખકે જો અહીં નિર્દેશ કર્યો હોત તો તે જિજ્ઞાસુઓની તાર્કિકતાને સતેજ કરત અને સાથે તે વધુ રસમય બનત.

"કલા" પર આધારિત લખાયેલા વિવિધ લેખોમાં "ગુજરાતની સંસ્કારિતાના ઘડતરમાં કલાનું પ્રદાન" વિચારપ્રેરક છે. આ અંગે લેખકે વિસ્તૃત અને ઉચિત ખ્યાલ

આપ્યો છે. તેમણે સાચે જ કહ્યું છે, "એ જમાનાના કલાકારો...આધ્યાત્મિક અનુભવોનો સર્વલાભ કરાવવા પ્રવૃત્ત હતા" વળી "પોતાના ચારિત્ર્યનું પ્રતિબિંબ પોતાની કૃતિમાં પડવાનું જે અને કૃતિની સારી નરસી અસર જન-સમાજ પર પડવાની જ એમ ધારીને તેઓ સત્ત્વશીલ, સદાચારી જીવન ગાળતા" (પૃ. ૫૭).

પ્રાચીનકલા વિશેના ખ્યાલની લેખકે કેટલી સુંદર રજૂઆત કરી છે. એમાં જરાપણ અતિશયોક્તિ નથી. આપણી પરંપરામાં "કલાને" "દૈવી" પ્રાધાન્ય મળ્યું છે તેની પાછળ જનસમાજના સંસ્કારઘડતરમાં તેનો બહુમૂલ્ય ફાળો ગણી શકાય. પ્રાચીન ભારતીય "કલા-શાસ્ત્ર"ને વિતંડાવાદમાં દોરી ન જતાં, તેની આધ્યાત્મિક ભૂમિકાને પ્રાધાન્ય આપે છે, એ અહીં સ્પષ્ટ થાય છે. ખજૂરાહોની સ્થાપત્યકલાના નમૂનાઓમાં ઘણી વખત બિભત્સતાનાં દર્શન કરનારાઓને માટે આ લેખ લાલબત્તી ધરે છે, ભારતીય કલાકૃતિમાં બિભત્સતા જોનારની દષ્ટિમાં બિભત્સતા રહેલી છે નહિ કે તે કલાકૃતિમાં, આ હકીકત લેખક કલાને સંસ્કારિતાના ઘડતરમાં એક પ્રબળ સાધન તરીકે મૂલવી રજૂ કરે છે એમ હું માનું છું.

વળી બાગબગીચાઓનો પ્રચાર મુઘલકાલ સાથે સાંકળવાના ખ્યાલનું લેખકે ઐતિહાસિક માહિતીના આધારે ખંડન કર્યું છે. ગુજરાતમાં બાગબગીચાની રચના કેવી રીતે થતી અને તેના ઉપયોગ વિશેની માહિતી મુઘલકાલ પહેલાં મળે છે. એ એક હકીકત છે કે ગુજરાતની સંસ્કૃતિમાં રહેલાં "શહેરી" (urban) તત્ત્વને કારણે આનંદપ્રમોદનાં (Pleasure Resorts) સાધનોનો વિકાસ થયેલો હતો અને તેમાં બાગ-બગીચાનો વિકાસ મુઘલકાલ પહેલાં થયો હોય એ સ્વભાવિક છે. આ ઉપરાંત આના પરથી ગુજરાતમાં રહેલી "શહેરીકરણ"ની ક્ષમતાનો પણ આપણને ખ્યાલ આવે છે અને એના ઉપરથી શહેરીકરણની પ્રક્રિયામાં ભારતીય રાજ્યોમાં ગુજરાત એક અગ્રગણ્ય રાજ્ય હોવાનું આ હકીકતથી સમજી શકાય તેમ છે.

બીજી એક મહત્વની માહિતી આ લેખમાં "ગવાક્ષ" "ગોખ"ની રચનાના સંદર્ભમાં મળે છે. "કેટલાંક ગોખોનું સાંકેતિક પ્રયોજન હતું" (પાન. ૬૩). આ હકીકત સમજાવવા લેખકે ડૉ. ગૌદાનીના પ્રસિદ્ધ લેખ "ગુજરાતની ગવાક્ષસંપત્તિ"નો વિપુલ ઉપયોગ કર્યો છે. સામાન્ય વાચકને આવી માહિતી કેવળ જિજ્ઞાસાપ્રેરક રહેતી નથી પણ આપણા કલાવારસાની વ્યવહારિકતા અને સહેતુકતા સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. આમ આ લેખ દ્વારા લેખકે અનેક હેતુ સર કરવાનો ઉલ્લેખનીય પ્રયત્ન કર્યો છે.

ઈસ્લામનો ફેલાવો અને તેની અસર, પ્રણામીસંપ્રદાય અને મજૂરઆંદોલનોમાં ગાંધીજીની રાહબરી એવા વિષય-વસ્તુને સ્પર્શતા ત્રણ પ્રકીર્ણ લેખો ત્રીજા વિભાગમાં છે. આ લેખોમાંના બે મધ્યકાલના ઇતિહાસને લગતા છે જ્યારે એક લેખ આધુનિક ઇતિહાસ પર આધારિત છે.

ઈસ્લામનો ગુજરાતમાં પ્રસાર અને પ્રચાર કઈ રીતે થયો તેની વિસ્તૃત માહિતી લેખકે આપી છે. તે અંગે વિગતે તેનાં કારણો અહીં ચર્ચવામાં આવ્યાં છે. કોઈ પણ

ધર્મનો ફેલાવો રાજ્યાશ્રય પર આધારિત હોય છે એ એક સર્વમાન્ય હકીક્ત છે. ઈસ્લામ-ધર્મ આ માટે અપવાદરૂપ નથી. આમ રાજ્યાશ્રય પામેલા ઈસ્લામધર્મના ફેલાવામાં ઉલેમાઓ અને સૂફી સંતોનો પણ મહત્ત્વનો ફાળો હતો. ગુજરાતમાં સલ્તનતકાલ દરમ્યાન ઈસ્લામનો ઝડપી અને બહોળો ફેલાવો થયો હતો તેના મૂળમાં સુલ્તાનોની બળ અને સમજૂતિની નીતિ જવાબદાર છે.

ગુજરાતમાં પીરાતાના સંત ઈમામશાહનો "ઈમામશાહી પંથ", "મહદવી પંથ", "ખોજાઓના શિયાપંથ" વગેરે પર પણ અહીં પ્રકાશ પાડવામાં આવ્યો છે. સૌથી વધુ રસપ્રદ બાબત અહીં નોંધવા જેવી એ ગણી શકાય કે હિંદુઓમાંની કઈ જાતિઓ આ વિવિધ પંથો તરફ આકર્ષાઈ હતી અને તેમના આ પંથોમાં પ્રવેશને કારણે આ ઈસ્લામી પંથોએ કયું રૂપ ધારણ કર્યું તેનો લેખકે અછડતો ખ્યાલ આપ્યો છે. અહીં એ નોંધવું જરૂરી છે કે બે ભિન્ન ધર્મીઓ એક ધર્મનો અંગીકાર કરે ત્યારે તેઓ ધર્મના સ્વરૂપને જરૂર અસર કરે છે. આ હકીક્ત ઈસ્લામ ઉપરાંત હિંદુધર્મના પંથોને પણ લાગુ પાડી શકાય. આનો "સમન્વય"ના વિશાળ ફલક પર "અસરો"ના સંદર્ભમાં લેખકે ઉલ્લેખ કર્યો છે. હિંદુ અને મુસલમાનોના સંપર્કને કારણે એકમેકના સામાજિક અને ધાર્મિક જીવન પર જે અસરો થઈ તેનું અહીં સુંદર નિરૂપણ થયું છે. આમ આ લેખ લેખકે તટસ્થભાવે લખવાની પ્રશસ્ય અને સફળ કામગીરી બજાવી છે છતાં પણ કેટલાંક કથનો થોડી ચકાસણી કરી લખાયાં હોત તો વધુ સારું. દા. ત "......એનો વિરોધ કરનાર પાસેથી ફરજિયાત જજિયાવેરો ઉઘરાવવામાં આવતો." (પાન ૯૬). આ કથન લેખકનું નથી. તેમણે પ્રો. કોમિસારિયેટના ગ્રંથનો આધાર ટાંકીને લખ્યું છે. જજિયાવેરો અહમદશાહે ઉઘરાવ્યો હતો કે કેમ એ એક શંકાસ્પદ બાબત છે. તત્કાલીન ગ્રંથો આ અંગે સ્પષ્ટ નથી. તેમ જ આ કાલના લખાણોમાં કેટલોક વિરોધાભાસ રહેલો હોવાથી આવા વિધાનોની યોગ્ય ચકાસણી કરવી જરૂરી બને.

પ્રણામીસંપ્રદાયની સ્થાપના અને સંત પ્રાણનાથ મધ્યકાલીન ગુજરાતના ધાર્મિક જીવનનું એક મહત્વનું અને નોંધપાત્ર પરિબળ હતું. આ ધર્મના તત્ત્વજ્ઞાન કે બીજી બાબતોને ધ્યાન પર ન લઈએ તો પણ તેનો તત્કાલીન રાજકીય જીવન પર ઘણો મોટો પ્રભાવ પડ્યો હતો. ઔરંગઝેબના સમકાલીન સંત પ્રાણનાથની નિર્ભિક ધર્મપ્રવૃત્તિઓએ હિંદુઓમાં જાગ્રતિ આણી હતી. આ સંતે "પુરાણ અને કુરાનની તાત્ત્વિક સિદ્ધાંતોની વાણી સમૂહમાં ઊંચા સ્વરે ગાવા માંડી." (પૃ. ૧૧૦). આમ આ સંત સમન્વયકારી હોવા છતાં ઔરંગઝેબની હિંદુઓ તરફની ક્રૂર અને ઘાતકી નીતિ સામે "હિંદુ રાજાઓ અને સરદારોને જાગૃત કરવાનું નક્કી કર્યું", (પૃ. ૧૧૦). તેમના આ પ્રયત્નના પરિપાકરૂપ મધ્યકાલીન ઇતિહાસમાં રાજા છત્રસાલ બૂંદેલાની રાજકીય કામગીરી ગણાવી શકાય. આમ આ સંતે રાજકીય અને ધાર્મિક ક્ષેત્ર ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન કર્યું છે. હિંદુ સમાજમાં પેઠેલાં વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજોના મૂળને તેમણે સુધારાની પ્રવૃત્તિઓ દ્વારા નિર્બળ બનાવ્યા. મધ્યકાલના સંતોએ જે સમન્વયની પ્રક્રિયા શરૂ કરી હતી તે આ સંત ઔરંગઝેબના સમયમાં પણ જાળવી શક્યા હતા તે બાબત તેમના હિંદુ તેમ જ મુસલમાન શિષ્યગણ હોવા ઉપરથી ફલિત થાય છે. લેખકે આમ આ સંત અને તેમના સંપ્રદાયની આ લેખમાં સ્પષ્ટ રજૂઆત કરી છે.

માર્ક્સવાદે ઔદ્યોગિક ક્રાંતિના પ્રત્યાઘાતરૂપે જન્મીને મજૂર અને માલિકના સંબંધોમાં નવી ધરી રચી હતી. ગાંધીજીએ સમગ્ર મજૂરપ્રવૃત્તિને જુદા પરિપ્રેક્ષ્યમાં મૂલવી એટલું જ નહિ પણ તેને દિશાસૂચન કરી એક નવી વિચારધારાને જન્મ આપ્યો. અમદાવાદની મજૂરપ્રવૃત્તિમાં ગાંધીજીએ જે મૂલ્યો દાખલ કર્યાં હતાં તેનો ખ્યાલ લેખકે ગાંધીજીની અમદાવાદમાં મજૂરપ્રવૃત્તિ દ્વારા આપ્યો છે. મજૂરઆંદોલન કરનાર નેતાની શુદ્ધતાના ગાંધીજી આગ્રહી હતા એટલું જ નહિ પણ ઉભય પક્ષ (મજૂર અને માલિક) તેમના પ્રશ્નોનું નિરાકરણ "પંચ" દ્વારા કરે તેમ માનતા હતા. લેખકે "પંચ" દ્વારા થતા ઝઘડાના આવા સમાધાનને "ભવ્ય પ્રયોગ" તરીકે ગણાવ્યો છે. વળી ગાંધીજીનો "ટ્રસ્ટીશીપનો" સિદ્ધાંત ઉત્પાદનપ્રવૃત્તિમાં વિશિષ્ટ પ્રદાન હતું. ગાંધીજીના આ વિચારોના અમલીકરણ માટેનું પ્રથમ કેન્દ્ર અમદાવાદ હતું અને આમ તેણે સમગ્ર દેશને નેતૃત્વ પૂરું પાડયું હતું એમ જરાય અતિશયોક્તિ વગર અહીં રજૂઆત થઈ છે. આંકડાકીય પુરાવાઓ અને મજૂરલડતના ચઢાણ–ઉતરાણ તેમ જ ગાંધીજીની પ્રેરણા અને દૃઢ સંકલ્પની સફળ રજૂઆત કરીને લેખકે તેમની વિષયસૂઝ સંતુલિતતાનો પરિચય કરાવ્યો છે. તત્કાલીન ખ્યાલોના સંદર્ભમાં લેખકની આ મૂલવણી યોગ્ય લાગે છે.

સરળ શૈલી અને સ્પષ્ટ રજૂઆતને કારણે આ લઘુ ગ્રંથ અનેક રીતે ઉપયોગી બન્યો છે. મુદ્રણદોષ ભાગ્યે જ જોવા મળતા આ ગ્રંથે લેખકની ચીવટનો પરિચય કરાવ્યો છે.

વિપુલ ઐતિહાસિક સંદર્ભો અને પ્રમાણો ધરાવતા આ લેખો નક્કર વૈજ્ઞાનિક ભૂમિકા પર લખાયા છે અને તે માટે લેખક અભિનંદનને પાત્ર છે.

'ઇતિહાસ વિભાગ', મ. સ.
વિશ્વવિદ્યાલય, વડોદરા.

એસ. કે. દેસાઈ

* * *

संस्कृतम्-(सोपानम्-प्रथमम्) : પ્રકાશક : સંસ્કાર સૌરભ, પાદરા તાલુકા સમિતિ, પાદરા; ઈ. સ. ૧૯૮૨, પૃ. ૪ + ૩૬, કિંમત, રૂા. ૨=૦૦.

પ્રસ્તુત સંસ્કૃત હારમાળા–૧, પુસ્તિકા ધો. ૬ અને ૭ના વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકા લખવાનો હેતુ મંત્રીઓએ પોતાના નિવેદનમાં જણાવે છે કે ધો. ૮માં આવતા વિદ્યાર્થીઓને સંસ્કૃતનું જે જ્ઞાન આપવામાં આવે છે તેવી પ્રારંભિક તૈયારીરૂપે ધો. ૬ અને ૭માં આ પ્રકારની સરળ, પુસ્તિકાઓ વિદ્યાર્થીઓ જો તૈયાર કરે તો ધો. ૮માં સંસ્કૃત શીખવામાં અત્યંત સરળ બને છે.

પ્રસ્તુત પુસ્તિકામાં પાઠ ૨૧ પાઠ આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા (Direct Method), નવી પદ્ધતિ જે અંગ્રેજીમાં અપનાવવામાં આવી છે તે રીતે, સંસ્કૃત અધ્યાપનની પદ્ધતિ બતાવવામાં આવી છે. લેખકે પ્રસ્તાવનામાં નવી પદ્ધતિનો નમૂનો બતાવ્યો છે. અને સંસ્કૃત વાક્ય દ્વારા કેવી રીતે રૂપો, વ્યાકરણ, પ્રયોગ સમજાવી શકાય તેની સમજૂતિ આપી છે.

પ્રથમ વિભક્તિના પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ શબ્દોનાં રૂપો તથા વર્તમાનકાળના પ્રથમગણનાં રૂપો ક્રમથી એક એક પાઠ દ્વારા સરળ રીતે, સરળ વાક્યોથી સમજાવવામાં આવ્યાં છે. દરેક પાઠના અંતે વિશેષણો, શબ્દો, ધાતુઓ અને જરૂર પડે ત્યાં સ્વાધ્યાય આપીને પાઠોને વધુ ચીવટથી સમજાવવાનો પ્રશંસનીય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પુસ્તિકામાં ૨૦મા પાઠ સુધી વર્તમાનકાળનાં રૂપોનો વિશદ અભ્યાસ કરાવવામાં આવ્યો છે. તથા શબ્દોનાં રૂપોમાં અકારાન્ત પુલ્લિંગ, આકારાન્ત સ્ત્રીલિંગ, ઈકારાન્ત સ્ત્રીલિંગ, અકારાન્ત નપુંસકલિંગનાં રૂપો અને પહેલા અને છઠ્ઠા ગણના ધાતુઓનો પરિચય આઠ પાઠ સુધી આપ્યો છે. નવમા પાઠથી સ્વાધ્યાય માટે સંસ્કૃત વાક્યો, નાના ફકરાઓ, ગુજરાતીમાંથી સંસ્કૃત કરવાનાં વાક્યોનો અભ્યાસ ખૂબ જ સરળ અને વિદ્યાર્થીને પણ રુચિ ઉત્પન્ન કરે તે રીતે આપવામાં આવ્યો છે. પાઠ ૧૯ થી ૨૧માં રામની વાર્તા, નકુલની વાર્તા, વર્ણનમ્, વિ. ગદ્ય, તથા સંસ્કૃત સરળ શ્લોકોનું પણ અધ્યયન આપવામાં આવ્યું છે. આઠમા ગણના कृ ધાતુનો પણ પરિચય કરાવ્યો છે.

આ રીતે સમગ્ર પુસ્તિકાનું અવલોકન કરીએ તો ધો. ૬ના વિદ્યાર્થીઓ ખૂબ સરળતાથી ગ્રહણ કરી શકે તેવી સુરેખ શૈલીમાં લેખકે પાઠો આપ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે. તે માટે લેખક અભિનંદનને યોગ્ય છે. પાદરાના સંસ્કાર સૌરભ સમિતિના મંત્રીઓએ આમાં રસ લઈ તેના પ્રકાશનનું કાર્ય હાથમાં લીધું અને તેને પાર પાડયું તે બદલ તેઓ પણ અભિનંદનને પાત્ર છે. આ પ્રવૃતિમાં સક્રિય રસ લેનાર શ્રી મુકુન્દભાઈ પાઠક તથા મણિલાલ દવેનો પરિશ્રમ પણ પ્રશંસા માંગી લે તેવો છે.

દરેક શાળાએ આ પુસ્તિકાને વસાવી પોતાની સંસ્થામાં શૈક્ષણિક કાર્યમાંથી સમય કાઢી ધો. ૬ અને ૭માં અધ્યયન કરતા વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક રીતે આ પુસ્તિકાનું અધ્યાપન કરાવવામાં આવે તો મને ખાત્રી છે કે વિદ્યાર્થીઓમાં અત્યારે દૃષ્ટિગોચર થતી સંસ્કૃત પ્રત્યેની ઉદાસીનતા દૂર થશે અને ધો. ૮ થી ૧૦માં વધુ વિદ્યાર્થીઓ સંસ્કૃત લઈ ભારતીય સંસ્કૃતિ અને વારસાનો પરિચય મેળવી શકશે.

આ પુસ્તિકાની હારમાળાના બીજા આગળના ભાગો વહેલી તકે પ્રકાશિત થાય અને લેખક તથા મંત્રીઓની શુભકામનાઓ શીઘ્રાતિશીઘ્ર, સફળતાને વરે એવી શુભેચ્છા.

સંસ્કૃતાનુરાગી સર્વે આ પુસ્તિકાને ઘરમાં વસાવી પોતાના સંતાનોમાં સંસ્કૃતભાષા પ્રત્યેની અભિરુચિ કેળવી બાળકોમાં સંસ્કૃતિ અને સંસ્કારનું સિંચન કરી ભારતીય સંસ્કૃતિના પુનરુદ્ધારમાં પોતાનો અમૂલ્ય ફાળો અર્પણ કરે તે જ અત્યારની પરિસ્થિતિમાં સર્વને અભ્યર્થના. ફરીથી લેખક, પ્રકાશક અને મંત્રીઓને ધન્યવાદ.

ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, મ. સ.
યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨.

ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા

* * *

સાભાર સ્વીકાર

૧ **જ્ઞાનદેવ :** લે. મૃણાલિની દેસાઈ, પ્ર. કુલસચીવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. viii + ૧૩૨, કિંમત : રૂા. ૨૩=૦૦.

૨ **પ્રવાહદીપ :** સં. જયન્ત પ્રે. ઠાકર અને નવીનચંદ્ર ન. શાહ, પ્ર. 'ગ્રંથગોષ્ઠિ' વતી હસિત હ. બૂચ, 'હરિકિરણ', ૧૯–બી પારસિક સોસાયટી, મકરપુરા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૪, પૃ. ૫૮, કિંમત : રૂા. ૧૦=૦૦.

૩ **રંગધારા :** લે. યોગિનીબેન હ. અલમૌલા, પ્ર. ધર્મિષ્ઠાબેન એન. પંડ્યા, "પારસ" ફેરમગેસની પાછળ, રઘુકુળ બિલ્ડિંગ સામે, વિદ્યાનગર, પૃ. ૫૦, કિંમત : રૂા. ૫=૦૦.

૪ **દક્ષિણા :** લેખક અને પ્રકાશક : રાજેન્દ્ર શાહ, ૧૦૬–૪ મણિભવન, ભૂલેશ્વર, મુંબઈ–૪૦૦ ૦૦૨, પૃ. ૭૪, કિંમત : રૂા. ૭=૦૦.

૫ **સર્વદર્શન પ્રવેશિકા :** લે. મ. મ. વાસુદેવ શાસ્ત્રી અભ્યંકર, અનુવાદક અને પ્ર. અરુણોદય ન. જાની, જમખાનાની પોળ, સુલતાનપુરા, વડોદરા–૩૯૦ ૦૦૧, પૃ. ૨૭૦, કિંમત : રૂા. ૫૦=૦૦.

૬ **काव्यादर्श :** લે. અનંતરાય જ. રાવલ, પ્ર. શ્રી પાર્શ્વપ્રકાશન, નીશા પોળ નાકા, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૬ + ૨૦૦, કિં. : રૂા. ૨૫=૦૦.

૭ **કાવ્યાલંકાર :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૪ + ૨૧૬, કિં. : રૂા. ૨૦=૦૦.

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪)	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ.) શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫)	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫)	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬)	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭)	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭)	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૭	**પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧)	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨)	૧૧=૫૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩)	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૫૦
૩૫૯	**કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૭૫
૩૬૧	**સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે	૭૯=૦૦
૩૬૨	**વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુદાર	૪૮=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,

રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

JOURNAL
OF THE
ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

Editor : **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic Studies textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

2. In the body of the article Non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in Devanagari or in transliteration with proper diacritical marks.

3. The sources of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) Surname, initials of the author or editor, (2) Title of the work, (3) Publisher, (4) Place (5) year of publication and (6) Page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Please give running foot-note numbers from the beginning to the end of the article.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- (Post-free), Europe £ 3.00 (Post-free)
U.S.A. $ 10.00. (Post-free)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscriptions articles be sent to the Journal may be sent to—

The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂા. પૈ.
૧	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.:** ડૉ. ભો. જ. સાંડેસરા	૯=૫૦
૩	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪	**ઉદ્દયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫	**ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧)	૮=૦૦
૬	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯	**હમ્મીર પ્રબન્ધ**—સં.: ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨	,, ,, ,, ૨	૨=૫૦
૩	,, ,, ,, ૩	૬=૫૦
૪	**નિરુત્તમા**	૨=૫૦
૫	**વિક્રમોર્વશી**—(અનુવાદ: મનનિકા સહિત)	૨=૫૦
૬	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭	**પ્રવેશકો, ગુચ્છ બીજો**	૩=૦૦
૮	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ: બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨	**પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક: ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૦૮
૧૩	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦
૧૪	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક: ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫
૧૫	**વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર	૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧



જૂની ગુજરાતી 'નંદબત્રીસી'ની હસ્તપ્રતનું પ્રથમ પત્ર

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાનો લેખ]



જૂની ગુજરાતી 'નંદબત્રીસી'ની હસ્તપ્રતનું અંતિમ પત્ર

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાનો લેખ]